
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ ૫૧મું · અંક ૧૦મો · ઑક્ટોબર · ઈ. ૧૯૭૪
તંત્રી · બચુભાઈ રાવત

સળંગ અંક
૬૧૦




જશવંત
મેમોરીઅલ
જોધપુર
ફોટો
એ. એલ. સૈયદ



સંગીત. (મોઝેઈક: શાંતિ શાહ) આણંદના મ્યુનિસિપલ ટાઉન હૉલમાં થતી રહેતી વિવિધ **સાંસ્કૃતિક** પ્રવૃત્તિઓ સૂચવતા ૬ × ૬૫ ફૂટ જેવડા **વિશાળ શોભન પટનો** આ એક ખંડ માત્ર છે. આ અંકની કલાવાર્તા-માં જેનો ઉલ્લેખ છે એ, અમદાવાદના કલાકાર શાંતિ શાહની આ એક 'મોઝેઈક' કૃતિ છે. આ ખંડમાં ઢોલ વગાડતા **ઢોલી** સાથે તંબૂર–તબલાં ને સારંગી તથા વીણાધારિણી **સરસ્વતીના** વાહન મયૂર દ્વારા સંગીત(ના કાર્યક્રમો)નું તથા જમણી તરફ દેખાતા મહોરા વડે નાટ્યપ્રવૃત્તિનું સૂચન કર્યું છે. ચળકતા રંગો **અને** લીસી સપાટીવાળી ચીની માટીની કપચીના નાનાનાના હજારો ટુકડાઓ ચોડીને બનાવાતાં આવાં મોઝેઈકનાં શોભનચિત્રો ઈમારતના ભૌમિતિક આકારો વચ્ચે અનોખો રંગ પૂરી જોનારની આંખ ઠારવા સાથે એને એક આગવું ગૌરવ બક્ષે છે.

(બ્લૉકો • કલાકારના સૌજન્યથી)



શ્રી રવિશંકર રાવળ

જેમણે ગુજરાતમાં સૌ પ્રથમ કલાની અસ્મિતા પ્રકટાવી ને નિઃશુલ્ક કલાશિક્ષણ આપીને કલાકારોનું એક વૃન્દ ઊભું કર્યું તે ગુજરાતના ગણમાન્ય કલાગુરુના સર્જન-સમુદાયમાંથી ચૂંટેલાં, પૌરાણિક, ઐતિહાસિક અને સાહિત્યિક પાત્રો તથા ભારતીય જીવનદર્શન નિરૂપતાં ૨૪ ચિત્રો તથા તેની સમજણ સાથેની હાથપોથી.

કિં. માત્ર રૂા. ચાર, પોસ્ટેજ અલગ

કલાચાહકો અને વિદ્યાર્થીઓએ મંગાવેલી સામટી નકલો પર વધુ વળતર અપાશે.



ગુજરાતના ૩૬
નામી-અનામી ગઝલકારોનાં
જીવન અને કવનનો પરિચય

સંપાદક • **જલન માતરી**

કિંમત પાંચ રૂપિયા (પોસ્ટેજ અલગ)

પ્રાપ્તિસ્થાન
કુમાર કાર્યાલય લિમિટેડ
૧૪૫૪ • રાયપુર • અમદાવાદ

કુમાર

ઑક્ટોબર ૧૯૭૪ • અંક ૬૧૦

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

'કુમાર'માંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

ચણે છે ચિંતાઓ ઘર મુજ / ઉશનસ્

· શિખરિણી ·

દીવાટાણે સાંજે, કદી કદી અસૂરો રજનીએ
વળું પાછો ને જ્યાં ઘરમહીં પ્રવેશું છું, દિનના
બધા ધંધામાંથી લથડ-પદ ઢીલોઢસ થઈ
હટાણું રોજિંદું પતવી, ખતવી તારીખ પૂરી
પૂછું છું સૌ પ્હેલા ખબર ઘરમાં 'સૌ કુશળ'ના;
ગયો આવી છે કે શિશુગણ નિશાળેથી? રમવા
ગએલાં શેરીમાં હજી પણ ફર્યાં ઘેર નથી કે
થઈ વાળુવેળા તદપિ? દૂર ગ્રામાન્તર ગઈ
—ટપાલે આવી કૈં ખરખબર છે કે દીકરીની?

બધી ચિંતા ભેગી મૂકીમૂકી મહારું ઘર ચણું:
ચણી દે ભીંતોને શિશુજનનીનો સાંધ્ય ટહુકો,
ચણે છે ચિંતાઓ ઘરનું હૂંફનું છાપરું-છતો,
ચણે ચિંતા મારું ચિત પલટીને 'માવતર'માં,
શિશુ બ્હાને પોતે પ્રવિશું હું પુનઃ પિતૃઘટમાં.

બની ગયો / 'રાઝ' નવસારવી

· ગઝલ ·

અશ્રુ તમારાં લૂછવા પાલવ બની ગયો.
હું એ બહાને પ્રેમનું ગૌરવ બની ગયો.

હું ખુદને સાંભળું છું હવે ખૂબ ધ્યાનથી,
લાંબી પ્રતીક્ષા બાદ હું પગરવ બની ગયો.

જોકે મને તો કંઈક અનુભવ જુદા થયા;
નીપજે કમળ એ આશથી કાદવ બની ગયો.

અવસર ખુશીના હોતા નથી જેને આંગણે
એવા અભાગી જીવનો ઉત્સવ બની ગયો.

ઈશ્વર બનીને શી રીતે રે'વાતે વિશ્વમાં?
સારું થયું કે 'રાઝ' હું માનવ બની ગયો.

પથ્થર / અસદ

· ગઝલ ·

ઠોકરમાં જે હતો હવે પૂજાય છે પથ્થર,
ઈશ્વર બનીને એટલે ઈતરાય છે પથ્થર.

સખ્તાઈ તો બસ એ જ અને એ જ હ્રદયની
જોઈને લઘુભાવથી શરમાય છે પથ્થર.

રાજા નથી કે 'રાહનો પથ્થર' ઉઠાવશે,
તેથી તો સર્વે લોકને અથડાય છે પથ્થર.

ઍટમના યુગ પછીથી હશે પથ્થરોનો યુગ,
એવું વિચારી ધીમેથી મલકાય છે પથ્થર.

ઝાકળ / વ્રજલાલ દવે

· મિશ્ર ·

તું ઊર્ણનાભિતણી જાળમાં પડી
ઝૂલ્યા કરે થોરતણી પથારીમાં;
આંસુભીની રાત વીત્યે હથેળીમાં
ફૂલોતણી સખ્ય-સુગંધ પામતું.

કદીક વા નીલમ ઘાસમાં સૂતી
મૃગીની ભોળી ચિબુકે ભળી જતું;
વા, સૂર્યની ધાર સહી, હસીને
છેડી જતું કંઠથી સપ્ત રાગને!

ને કો'ક દી' તુંગ, વિશાલ વૃક્ષે
પર્ણો તણી પીઠ પરે લસી જતું;
ક્યારેક તો ઉજ્જડ ઘાર ઝાંખરે
વિરૂપની મોહક કીકી થૈ જતું.

તું ગુંજજે મન ભરી દ્યુતિને વિહાર,
હો પથ્થરે ય તુજ ચિત્રલસંત પ્યાર!

હાઈકુ
કુ. વીણા હ. શાહ

પહાડ ઊતરું
નજર તો યે રહે
રમ્ય શિખરે.

લવાજમમાં થોડો વધારો

રૂ. ૨૧ના ૨૪

કાગળ અને
મુદ્રણસામગ્રીના ભાવોમાં
ફરી પાછો વધારો
થવાથી અમારે ન છૂટકે
લવાજમમાં થોડો વધારો
કરવો પડયો છે.
આ માસથી 'કુમાર'નું
વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૨૪
અને પરદેશમાં રૂ. ૪૦
અથવા પાઉન્ડ ૨ યા
ડૉલર ૫-૫૦ રહેશે
આશા છે કે
સુજ્ઞ ગ્રાહકો
પરિસ્થિતિ પ્રમાણીને
આ નિભાવી લેશે.

◖ 'ચણે છે ચિંતાઓ ઘર મુજ': સંધ્યા સમયે (જીવનની પણ?) કાવ્યનાયક દૈનિક વ્યવસાય આટોપી. સાંજે ઘરે આવે છે ત્યારે કુટુંબની ચિંતાઓ એને ઘેરી વળે છે. પરંતુ સહુનું ક્ષેમકુશળ જોવાની આ ચિંતાઓથી સ્તો એનો ઘરસંસાર રચાયો છે! અને માટે જ કાવ્યાંતે હૃદયભાવની કોમળતા તીવ્રતાથી વ્યક્ત થઈ રહી છે. નવ પંક્તિના પ્રથમ ખંડમાં સંસાર-જીવનનું જે મધુર શબ્દચિત્ર ઉપસાવ્યું છે તે આસ્વાદો. ◖ ઝાકળ: કરોળિયાની જાળ જેવી શુષ્કતા અને નીલમ ઘાસ આદિ જેવી લીલાશ, કાંટા અને પુષ્પો, એમ વિવિધ સંદર્ભે શોભતા ઝાકળનું કલ્પનોત્થ ચારુ શબ્દચિત્ર. 'સૂર્યની ધાર' કહેવામાં કિરણની તીક્ષ્ણતા અભિવ્યંજિત કરી દુઃખમાં પણ સ્મિત પ્રકટાવવાની (સૂર્યનો ઝીણો પ્રકાશ ઝીલીને રંગધનુની લીલા પ્રકટાવવાની) ઝાકળની ઝિંદાદિલીને લક્ષી છે. ઉજ્જડ ઝાડ-ઝાંખરાંમાં ઝાકળબુંદને 'વિરૂપની કીકી' કહી કવિએ સૌંદર્યમંડિત દૃષ્ટિનો પરિચય આપ્યો છે. આવા ઝાકળની દ્યુતિમય પથે વિહાર કરી પથ્થર પર પણ પ્યાર વરસાવવાની અભેદ નીતિને સૉનેટની અંતિમ કડીમાં સ્પષ્ટ કરી બતાવી છે. ◖ બની ગયો: બીજાના દુઃખે સક્રિય સહાનુભૂતિ પ્રકટાવવાની ધન્યતાથી પ્રથમ શેર આરંભાઈ, ગઝલને અંતે મનુષ્ય-અવતારના સાફલ્યમાં શ્રદ્ધા વ્યક્ત કરતી આ ગઝલ વચ્ચે વિવિધ શેરોમાં આશા, ઉમંગ અને પરોપકારની વિવિધ લાગણીઓ સચોટ રીતે મૂકી જાય છે. ◖ 'પથ્થર': વિવિધ સંદર્ભે પથ્થર-પરિચય કરાવતી ગઝલ.

અકિંચન દેશસ્થ બ્રાહ્મણના એ પુત્રે આયુના પ્રથમ બે દાયકા ખેલકૂદ ને નિમ્ન કક્ષાની ચાકરીમાં ખેડફી નાખ્યા પછી એક મેણાના મારે સાતારાથી ઠેક કાશી પહોંચી વિદ્યાભ્યાસ માટે પુરુષાર્થ આદર્યો અને ધર્મશાસ્ત્રમાં પારંગત બની પેશ્વાના રાજ્યમાં ખુદ રાઘોબાને પણ દેહાંત દંડ ફરમાવી શકે એવો નિર્ભીક ન્યાયાધીશ એ બન્યો.

બહુ જ અગત્યના એક કામસર દરબારના મુખ્ય ન્યાયાધીશ રામશાસ્ત્રી પ્રભુણે શ્રીમંત માધવરાવસાહેબ પેશવાને મળવા માગતા હતા. પહેરેગીરે એમને રોકયા. 'શ્રીમંત અત્યારે સેવા-પૂજામાં બેઠા છે. કોઈને અંદર જવા દેવાય નહિ. માફ કરો.'

રામશાસ્ત્રી અકળાયા. ધર્મપરાયણ શ્રીમંતની પૂજામાં વિક્ષેપ પાડવાનો એમને શો અધિકાર હતો? વળી માધવરાવ ગરમ મિજાજના. કોઈ વાર ગમે તેમ બોલી અપમાન કરી નાખે તેવા. રાહ જોતા બેઠા. ખાસ્સી રાહ જોવડાવી શ્રીમંત બહાર આવ્યા. બોલ્યા: 'બહુ રાહ જોવી પડી, નહિ? શું કરું, સેવામાં બેઠો હતો!' રામશાસ્ત્રીએ જવાબ આપ્યો: 'આપની ભાવના હું સમજી શકું છું. મને ય ઘણી વાર થાય છે કે આ દરબારની ખટપટો, ન્યાયદાનની ઝંઝટ બધું છોડીને પાછો કાશી જઇને તપ-ધ્યાનમાં બેસું તો કેટલું સારું? પણ પછી તરત જ વિચાર આવે છે: આ ન્યાયદાનની ફરજ માથે લીધી છે તે કેમ ચુકાય? પણ શ્રીમંત, આપને જો લાગતું હોય કે રાજ્યકારભારની ખટપટ કરતાં ઈશ્વરપૂજા સારી, તો એમ કરો: ગાદીનો ત્યાગ કરો અને કાશી જઈ રહો—શાંતિથી પૂજા-સેવા કરવા. હું યે આ મારા ન્યાયાધીશપદનું રાજીનામું આપી દઈશ અને આપની સાથે આવીશ. ચિત્તને શાંતિ તો મળશે!'

માધવરાવે ઠપકો શાંતિથી સાંભળી લીધો. રામશાસ્ત્રી એમના નોકર હતા, પરંતુ શ્રીમંતના હૃદયમાં પોતાનું અનોખું સ્થાન જમાવી બેઠા હતા. પેશવા દુશ્મનો પર સવારી કરતા ત્યારે બનતી એકેએક વાતના ખબર પોતાના આ ન્યાયાધીશને નિયમિત રીતે મોકલતા. નિઝામ-ઉલ-મુલ્ક વિરુદ્ધ લડાઈ જાહેર થઈ હતી. હૈદરાબાદ જતાં રસ્તામાં માધવરાવની તબિયત લથડી. પણ શત્રુને હંફાવ્યા-હરાવ્યા વગર એ પાછા ફરવા માગતા ન હતા. રામશાસ્ત્રીને આ ખબર મળી ત્યારે, 'તબિયત અસ્વસ્થ હોય તો એકદમ પાછા આવો, લડાઈનું પછી જોવાશે' એવો પત્ર એમણે પેશવાને લખ્યો. 'આપની આજ્ઞા મારે માનવી જ જોઇએ.' એવો ઉત્તર લખી માધવરાવ તરત જ પાછા ફરેલા. માતા ગોપિકાબાઈની આમન્યા સૌથી મોટી. ત્યાર પછી માધવરાવને મન રામશાસ્ત્રીનું સ્થાન હતું.

તો યે ગાદીનો ત્યાગ કરી રાજ્યવ્યવહારમાંથી નિવૃત્ત થઈ કાશી જવાની શ્રીમંતને સલાહ આપવામાં પોતે કોઈ ધૃષ્ટતા તો કરતા નથીને એવો વિચાર રામશાસ્ત્રીના મનમાં ડોકિયું કરી ગયો. સ્વામીની સાથે આવી છૂટ લેવી એ સેવકને શોભે નહિ. આજે આખા યે મહારાષ્ટ્રમાં એમની ભારે પ્રતિષ્ઠા હતી. માની ન શકાય એવી સિદ્ધિ એમણે મેળવી હતી. ઘર તરફ જતાં એમને ભૂતકાળનાં સ્મરણો આવવા લાગ્યાં:

કૃષ્ણા નદીને કાંઠે આવેલા માહુલી નામે ગામમાં એમનો જન્મ એક નિર્ધન બ્રાહ્મણના ઘરમાં થયો હતો. ગરીબનો છોકરો, એટલે એની જન્મતિથિ કે જન્મવર્ષની નોંધ કોણ રાખે? એમની શૈશવાવસ્થામાં જ માતાપિતાનાં અવસાન થઈ ગયાં. અનાથ રામને એના કાકાએ ઘરમાં રાખ્યો. કાકા ખૂબ જ ગરીબ હતા અને ભિક્ષુકનો વ્યવસાય કરતા. ભત્રીજો થોડુંક ભણે અને વ્યવસાયમાં મદદ કરે એવી એમની ઇચ્છા. પણ રામને ભણવામાં બિલકુલ રસ નહિ. ગામના તોફાની છોકરાઓની સોબતમાં રખડવું, નદીમાં તરવા જવું અને આખો દિવસ રમવું એવા મનોરંજક ઉદ્યોગો મૂકી રુક્ષ ભણવાનું કોને ગમે? સોળ વર્ષ પૂરાં થયાં તો ય ભાઇને લખતાં-વાંચતાં આવડતું ન હતું! આખરે કાકા ભત્રીજાથી કંટાળ્યા ને એમણે એને ઘર બહાર કાઢી મૂક્યો. વતનમાં રહીને પેટ ભરી શકાય એવું હતું નહિ. બીજે ક્યાંક જઈ નોકરી શોધવાની જરૂર હતી. રામ સાતારા આવ્યો. ત્યાં અનગળ કરીને મોટા શાહુકાર હતા. એમને ત્યાં ઘરકામ કરવા ચાકર તરીકે રહ્યો. રામ હવે ખરેખર રામો બન્યો હતો. બ્રાહ્મણનો દીકરો, પણ સાવ અભણ, તદ્દન નિરક્ષર!

અને પછી પેલો યાદગાર પ્રસંગ જીવનમાં ન બન્યો હોત તો રામા તરીકે જ આખી જિંદગી રામે વિતાવી હોત! એક સાંજના સમયે અનગળ શેઠ ઘેર પાછા આવ્યા, અને એમણે બૂમ પાડી: 'રામ, પાણી લઈ આવ; પગ ધોવા છે.' પાણી ભરેલો લોટો લઈ રામ બહાર આવ્યો. શાહુકારના પગ પર પાણી રેડવા જતો હતો ત્યાં એની નજર એમના જમણા કાનના ઉપરના ભાગમાં પહેરેલા નાનકડા ઘરેણા પર પડી. સોનાનો સરસ ઝીણો તાર અને એમાં ગૂંથેલું પાણીદાર મોતી! કોણ જાણે ત્યાં નજર શાથી સ્થિર થઈ ગઈ! પાણીની ધારની દિશા બદલાઈ ને પગપર પડવાને બદલે એ જમીન પર પડવા માંડી: 'રામા, આજે તને શું થયું છે? તારું ધ્યાન ક્યાં છે?' શેઠે સવાલ કર્યો. રામે સાચો જવાબ આપ્યો: 'આપની ભિકબાળી જોતો હતો.' અનગળ હસ્યા: 'કેમ, તારે જોઇએ છે એવી ભિકબાળી?' એમણે પ્રશ્ન કર્યો. રામે માથું હલાવી હા કહી. 'મૂરખ, આવું ઘરેણું પૈસાદાર માણસ વેચાતું લે અથવા વિદ્વાનને ભેટ તરીકે મળે! તારી પાસે નથી ધન કે ન મળે વિદ્વત્તા! પહેલાં લાયકાત તો કેળવ. પછી ઘરેણાં મળી રહેશે!'

રામને મોટું અપમાન લાગ્યું. પોતે અભણ હતો એ દુ:ખ સાલતું હતું. એમાં શેઠના શબ્દોએ ઉમેરો કર્યો. પોતે વિદ્વાન હોત કે બહાદુર હોત તો કેવા વટથી એ કાનમાં ઘરેણું પહેરી શક્યો હોત! અને તો એ ઘરેણું શોભત પણ ખરું. ઘરકામ કરતા રામાના કાનમાં એવી ભિકબાળીની શોભા શી? ભિક્ષામાંથી મળેલા ધનથી ખરીદેલા સોનાનું ઘરેણું અથવા દાનમાં મળેલા સોનામાંથી બનાવેલું ઘરેણું એટલે ભિકબાળી. શબ્દ સાર્થ હતો. વિદ્વાન ભિક્ષુક અને નિરક્ષર ભિક્ષુક—બેમાં કેટલો બધો ફેર હતો? પોતાના જીવન પર એને ફિટકારની લાગણી જાગી. વીસ વર્ષ પૂરાં થવા આવ્યાં હતાં. હવે, આટલી મોટી ઉંમરે લખતાં-વાંચતાં શીખવાનું અને વિદ્વાન થવાનું સ્વપ્ન સાકાર થઈ શકે ખરું? નક્કી કર્યું. કાશી જઈને ત્યાં એકચિત્તે અભ્યાસ કરવો. શેઠને વાત કરી, એમની રજા માગી. પોતાના મર્મભેદક શબ્દો રામ સહન કરી શક્યો નથી એવી શેઠની ખાતરી થઈ. તેઓ કરોડપતિ હતા, દાનશૂર હતા અને ધર્માત્મા તરીકે ભારતભરમાં જાણીતા હતા. એમણે રામને પૈસાની મદદ કરી અને 'ફતેહ કરી આવજે' એવા આશીર્વાદ આપ્યા.

સાતારાથી-કાશીની લાંબી મુસાફરી પૂરી કરી રામે ગુરુ અને પાઠશાળાની શોધ શરૂ કરી. સાંભળવા મળ્યું કે ત્યાં બાળંભટ્ટ પાયગુંડે કરીને એક પ્રખ્યાત પંડિત પાઠશાળા ચલાવતા હતા. પાઠશાળાનું વાર્ષિક ખર્ચ લાખેક રૂપિયા જેટલું હતું અને તે જયપુર દરબાર તરફથી પૂરું પાડવામાં આવતું. રામે બાળંભટ્ટને નિખાલસતાથી પોતાની વાત કરી. શિષ્ય થવા ઇચ્છતા રામનું માનસ ગુરુ સમજી શક્યા. એમણે એને શાળામાં દાખલ કર્યો. વીસ વર્ષના આ નવા છાત્રને ધાતુ રૂપાવલિ કે સમાસચક્ર તો રહ્યું દૂર, અક્ષરજ્ઞાન પણ નથી જોઈ સૌ વિદ્યાર્થી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. ગુરુએ એનો ભણવાનો દૃઢ નિશ્ચય જોઈ લીધો હતો તેથી તેમણે એને પોતાને ત્યાં રાખ્યો.

ગુરુને ત્યાં બીજો એક ટેકવાળો મિત્ર મળ્યો. ગુરુનો ભાણેજ અને જમાઈ પણ. અનંત ભટ્ટ એનું નામ. બાળંભટ્ટને ત્યાં એવો રિવાજ હતો કે વિદ્વાન ચતુ:શાસ્ત્રી, ષટ્શાસ્ત્રી શિષ્યોને રૂપાની થાળીમાં પીરસવામાં

રામશાસ્ત્રી પ્રભુણે



△ એમનું જ કહી શકાય એવું કોઈ ચિત્ર તો પ્રાપ્ય નથી, પણ એમની સ્મૃતિમાં રચાએલી આ પ્રતિમામાં એમનું વ્યક્તિત્વ ઊપસે છે.

પોતાના ધર્મઘેલા માલિક રાજાને નિર્ભયપણે ટકોરીને એમણે એને રાજકાજમાં જોતર્યા; સામાજિક રૂઢિ સામે બાળવિધવાને પુનર્લગ્નની એમણે સંમતિ આપી; રાજસત્તાની શેહ રાખ્યા વિના રાઘોબા પર ભત્રીજાની હત્યાનો આરોપ મૂકી સજા ફરમાવી. રાજ્યમાંથી મળતા નજીવા પગારથી વધુ એકે પાઈ કે કોઈ ભેટ-સોગાદથી અલિપ્ત જ રહી એમણે પ્રામાણિકતા અને નિસ્પૃહતાનું અણિશુદ્ધ ઉદાહરણ પૂરું પાડ્યું.

લેખક
—પ્રો. વસંત જોષી

આવે અને સાધારણ શિષ્યો કેળના પાંદડા પર જમે. અનંત ભટ્ટ માત્ર જમાઈ હતો, વિદ્વાન ન હતો; એટલે એના નસીબમાં કેળનું પાંદડું જ આવતું. તહેવારના એક દિવસે જમાઈએ સાસુ પાસે હઠ પકડી કે ચાંદીની થાળીમાં જમવું છે. સાસુએ પતિને કહ્યું. પણ બાળંભટ્ટ માને નહિ. કહે: 'આ ઘરમાં પંગતમાં રૂપાની થાળીનું માન વિદ્વાનને મળે, જમાઈને નહિ. જમાઈ તમારો વહાલો હોય તો રસોડામાં ચૂલા પાસે એને ચાંદીની થાળીમાં ખુશીથી જમાડો; મને જરા ય વાંધો નથી. અવિદ્વાન જમાઈને પંગતમાં રૂપાની થાળીમાં બેસાડું એ વિદ્વાનોનું અપમાન કહેવાય. એ અવિવેક હું નહિ કરું.'

અનંત ભટ્ટ શબ્દે ય બોલ્યા વગર કેળના પાંદડામાં જમવા બેઠો. સિદ્ધાંતવાદી માણસે પ્રામાણિકતાથી જીવવા માટે સ્વજનો વિષે પણ પક્ષપાત ન કરવો જોઈએ એવી શિખામણ ગુરુ પોતાના આચરણથી આપતા હતા. અનંત ભટ્ટનું આત્મગૌરવ સસરાના શબ્દોથી ઘવાયું હતું. એટલે હવે અનંત ભટ્ટે અનગળ શેઠના રામા જોડે દઢ મિત્રાચારી આદરી અને બન્નેએ અવિરત અભ્યાસ શરૂ કર્યો. આગળ જતાં અનંત ભટ્ટે વેદાંતી તરીકે મોટી પ્રતિષ્ઠા મેળવી, જ્યારે રામ ધર્મશાસ્ત્રમાં પારંગત બની રામશાસ્ત્રી તરીકે જાણીતો થયો. વિદ્યા મેળવવાનો નિશ્ચય સફળતાથી પૂર્ણ કરી રામશાસ્ત્રી પૂના આવ્યા. પેશવાઓના દરબારમાં વિદ્વાનોને હમેશાં આવકાર મળતો.

ઈ. ૧૭૫૧માં રામશાસ્ત્રીને નાનાસાહેબ પેશવાના ધર્મખાતામાં નોકરી મળી. નોકરીનાં શરૂઆતનાં વર્ષોમાં પોતે કોઈ લોકોત્તર કામ કરી જનમાનસમાં સ્થાન જમાવ્યું હોય તેવું એમને યાદ ન હતું. ઈ. ૧૭૫૯માં ન્યાયાધીશ બાળકૃષ્ણશાસ્ત્રીનું અવસાન થયું ને રામશાસ્ત્રીની ન્યાયાધીશ તરીકે નિમણૂંક થઈ. એમના ન્યાય નિર્ણયો લોકોમાં આદર્શ ગણાયા, કીર્તિ વધવા માંડી અને ઈ. ૧૭૬૪માં શ્રીમંત માધવરાવ પેશવાએ એમને મુખ્ય ન્યાયાધીશની જગ્યા આપી.

ઈ. ૧૭૬૪માં રામશાસ્ત્રીને પાલખીનો અધિકાર મળ્યો ત્યાર પછીનો એક પ્રસંગ: ચોમાસું પૂરું થઈ ગયું હતું. વરસાદ સારો થયો હતો. પાક સારો ઊતરવાનો છે એની ખેડૂતોને ખાતરી હતી અને ઉત્સાહથી તેઓ લણણીના કામની શરૂઆત કરવાની તૈયારીમાં હતા. એ અરસામાં રામશાસ્ત્રીને પોતાને ગામ માહુલીક્ષેત્ર જવાનું થયું. પાલખી એક ગામમાં દાખલ થતી હતી ત્યાં બાજુના એક ખેતરમાં કોલાહલ સંભળાયો. સરકારી સિપાઈઓ એક ખેડૂતને મારી રહ્યા હતા અને એક વૃદ્ધ સ્ત્રી ત્યાં આક્રોશ કરતી ઊભી હતી. 'હું નહિ આવું' એવી કંઈક બૂમો ખેડૂત પાડતો હતો. રામશાસ્ત્રી પાલખીમાંથી ઊતર્યા અને શું ચાલે છે તે જોવા પેલા ખેતરમાં ગયા. જાણવા મળ્યું કે કોઈ સરકારી કામ માટે વેઠિયાઓની જરૂર હતી અને સરકારી નોકરો ગામમાંથી ખેડૂતોને પકડી જતા હતા. પેશવાઓના રાજ્યમાં વેઠની પ્રથા ચાલુ હતી. જે ખેડૂતને માર પડી રહ્યો હતો તે એની વિધવા માનો એકનો એક પુત્ર હતો. રાજાના આદેશનો અનાદર કરવાનો એનો ઈરાદો ન હતો, પણ અત્યારે એ જાય તો એના ખેતરમાં લણવાનું કામ કોણ કરે? એ સિપાઈઓને વીનવી રહ્યો હતો કે ભાઈઓ, થોડા દિવસ રહીને હું આવીશ; હમણાં મને અહીં કામ કરવા દો. અધિકારીએ ગામમાંથી ઘણા વેઠિયા પકડ્યા હતા. આ એક માણસ એની અવજ્ઞા કરે તે એનાથી કેમ સહન થાય? એ ખેડૂતને પકડી જવા માટે દઢતાથી ઊભો હતો. આખી વાત સાંભળી રામશાસ્ત્રી બોલ્યા: 'આને અને બીજા બધાને છોડી મૂકો.' પેલો માને નહિ. બોલ્યો: 'સરકારી કામમાં હરકત કરશો તો મારે આ લોકો ભેગા તમને યે લઈ જવા પડશે. રામશાસ્ત્રી પણ એકના બે થવા તૈયાર ન હતા. અંતે બધાને દરબારમાં હાજર કરવામાં આવ્યા. પોતાનો સેવક રામશાસ્ત્રી રાજાજ્ઞાની અવગણના કરે એ જોઈ પેશવા ગુસ્સે થયા. એમણે પૂછ્યું: 'શાસ્ત્રી, તમે મારા નોકરોને ફરજ બજાવતાં અટકાવ્યા એ વાત સાચી?'

'હા, સ્વામી.' એવો વિનયભર્યો જવાબ મળ્યો.

'તો મારે તમને સજા કરવી પડશે.' માધવરાવ બોલ્યા.

'સ્વામી, મને સજા કરો તે પહેલાં મારે બે શબ્દ કહેવા છે તે સાંભળવાની મહેરબાની કરશો? પછી જે સજા મને થાય તે હું સ્વીકારી લઈશ. અમે બધા માણસો આપના પ્રજાજન છીએ. આપનો હુકમ માથે ચડાવવો એ અમારી ફરજ છે. પણ પ્રજાજનોની હાજરીની વધારે જરૂર ક્યાં છે એ વિષે થોડો તો વિચાર થવો જોઈએ ને? આજે ખેડૂતો લણવા ન જતાં વેઠમાં જાય, તો કદાચ પાકને નુકસાન થાય અને એનાં પરિણામ લોકોને એટલે દેશને સહન કરવાં પડે. આ લોકો કેટલા આજ્ઞાધારક સ્વામીસેવક છે તે આપ જાણવા માગો છો? બોલો ભાઈઓ! સ્વામીનું કામ કરવા માટે હાકલ પડે તો તમે આવશો ને?'

બધાએ એક અવાજે કહ્યું: 'જરૂર, મૃત્યુથી પણ અમે ડરીશું નહિ!'

રામશાસ્ત્રી પેશવા તરફ ફરીને બોલ્યા: 'જોયું શ્રીમંત? આ લોકો તમારે ખાતર પ્રાણ અર્પણ કરતાં અચકાશે નહિ. આવા માણસોને વેઠે પકડી એમને નારાજ કરવા, અને ઉપરથી દેશનું નુકસાન કરવું એ એમની

સ્વામીભક્તિનું ઈનામ મળે છે એમ કહીશું? ખેતીની મોસમમાં એ ખેતરોમાં કામ કરે એ જ ઇચ્છવા જેવું છે.'

માધવરાવ પેશવા સમજી ગયા. એમણે હુકમ કર્યો: 'બધા લોકોને મુક્ત કરો. અને લણવાનું કામ ચાલે ત્યાં સુધી કોઈ ખેડૂતને વેઠે પકડશો નહિ.'

અને થોડા જ સમય બાદ નવી રાજાજ્ઞા લોકોએ સાંભળી: 'પેશવાઓના રાજ્યમાંથી વેઠની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.'

લોકકલ્યાણના આ પગલાનું બધું શ્રેય એકલા રામશાસ્ત્રીને ફાળે જતું હતું. રાજાજ્ઞા કે કાયદો લોકોને નુકસાનકારક છે એવું લાગે ત્યાં વિરોધ કરવો જોઈએ એમ રામશાસ્ત્રી માનતા અને નીડરતાથી પોતાના મક્કમ વિચારો આચરણમાં મૂકી બતાવતા.

એક સમયનો નિરક્ષર રામો હવે ખુદ શ્રીમંત માધવરાવ પેશવાને ઠપકો આપી શકતો હતો! અને લોકહિતમાં દોરી શકતો હતો. પેટ પૂરતું મેળવવા વતનમાંથી નીકળેલો રામ હવે મોટા સ્થાને પહોંચ્યો હતો.!

રામશાસ્ત્રીને ભૂતકાળ યાદ આવતો—ઘણી વાર અને ખાસ તો આવા પ્રસંગે!

શ્રીમંત માધવરાવ પેશવા રામશાસ્ત્રીની આમન્યા રાખતા તેવી જ રીતે એમનાં પત્ની રમાબાઈ રામશાસ્ત્રીનાં પત્નીની રાખતાં. એક વાર રમાબાઈએ કોઈ પ્રસંગ પર એમને વસ્ત્રો તેમજ આભૂષણો પ્રદાન કર્યાં. પોતાની પત્નીને વસ્ત્રાભૂષણથી શોભિત જોઈ રામશાસ્ત્રીને આશ્ચર્ય થયું અને આખી વાત સાંભળ્યા પછી આવું દાન, પછી ભલેને એ પેશવાના ઘરમાંથી આવ્યું હોય, ન્યાયાધીશના ઘરમાં ન આવવું જોઈએ એવું એમને લાગ્યું. પત્નીને સમજાવી એમણે બધાં વસ્ત્ર-આભૂષણો પાછાં મોકલી દીધાં. આવાં અનેક ઉદાહરણોથી રામશાસ્ત્રી પ્રભુણેની નિસ્પૃહતા સાબિત થઈ હતી. હજી એક આકરી કસોટી આવવાની હતી.

પાણીપતના પરાજયે મરાઠી રાજ્યને જાણે વજ્રઘાત થયો. પરાજયનું દુઃખ અને અપમાન સહન કરવાને અક્ષમ એવા નાનાસાહેબ પેશવા મૃત્યુ પામ્યા. ત્યાર પછી મુખ્ય પ્રધાનને સ્થાને આવેલા માધવરાવે અભિમન્યુ જેવાં પરાક્રમ કરી મરાઠી રાજ્યને બચાવી લેવાનો પ્રયત્ન કર્યો. દુર્ભાગ્યે એમને ક્ષયરોગ થયો અને એ મરણ પામ્યા. એમનાં પત્ની રમાબાઈએ પતિ પાછળ સહગમન કર્યું. માધવરાવના ભાઈ નારાયણરાવ નાની ઉંમરે પેશવા બન્યા. એમના કાકા રઘુનાથરાવ બહાદુર લડવૈયા તરીકે જાણીતા હતા. કાકી આનંદીબાઈ મહત્ત્વાકાંક્ષી હતાં. ભત્રીજાને ખસેડી રઘુનાથરાવ પેશવા બને એવી એમની આકાંક્ષા હતી. મહામહેનતે એમણે પતિને સમજાવ્યા અને નારાયણરાવને કેદ કરી કારાવાસમાં રાખવા અને રઘુનાથરાવે પેશવાપદ લેવું એવી યોજના કરાવી 'નારાયણ રાવને પકડવા(ધરાવા)' એવો લેખિત હુકમ નીકળ્યો. આનંદીબાઈએ કારસ્તાન કરી એ હુકમ મેળવી લીધો અને 'ધ'ને ઠેકાણે 'મા' મૂક્યો અને અર્થનો અનર્થ કર્યો. 'નારાયણરાવને મારવા' એવો હવે અર્થ થયો. રઘુનાથરાવના જાણવામાં આ વાત આવી, પણ એમણે કંઈ કર્યું નહિ અને નારાયણરાવ પેશવાનું ખૂન કરવામાં આવ્યું.

નારાયણરાવ નિસંતાન હતા (જોકે એમની પત્ની સગર્ભા હતી) એટલે રઘુનાથરાવ જ પદના વારસદાર હતા. રામશાસ્ત્રી પ્રભુણેને મુખ્ય ન્યાયાધીશ તરીકે આમાં કોઈ વાંધો ન હતો. પણ નારાયણરાવના ખૂનીઓ અંગેની તપાસ શરૂ થઈ ગઈ હતી અને રઘુનાથરાવ ખૂનમાં સંડોવાએલા હોવાની વાતો ચાલતી હતી, આથી રામશાસ્ત્રી ચિંતાતુર હતા. પણ સબળ પુરાવો ન હોય ત્યાં ન્યાયાધીશ શું કરે?

વિગતોની કડીઓ મળતી ગઈ અને ખૂનમાં રઘુનાથરાવનો હાથ ચોક્કસ છે એવી ખાતરી થઈ ત્યાં સુધી ખૂન પછી છએક અઠવાડિયાં વીતી ગયાં હતાં. હવે રામશાસ્ત્રી ચૂપ બેસી શકે તેવા સંજોગો રહ્યા ન હતા. એ તરત જ રઘુનાથરાવને ('રાઘોબા' તરીકે એ લોકોમાં ઓળખાતા હતા) મળવા ગયા. એમને વંદન કર્યાં અને બોલ્યા: 'શ્રીમંત, આપને પેશવાપદ મળે એમાં મને આજ સુધી વાંધો હતો નહિ. આપ કાયદેસર વારસ છો. પણ મારી પાસેનો પુરાવો બતાવે છે કે આપે આપના ભત્રીજાના—એટલે શ્રીમંત નારાણરાવના ખૂનમાં બહુ મોટો ભાગ ભજવ્યો છે. હવે આપ પેશવા બનો એ મુખ્ય ન્યાયાધીશ તરીકે હું સહન ન કરી શકું.' રઘુનાથરાવ અવાક્ બની બધું સાંભળતા હતા. રામશાસ્ત્રી આગળ બોલ્યા: 'પેશવાની જગ્યા પર ખૂની આવે તો ન્યાયદેવતા લજવાય, એટલે મારો તમને હુકમ છે કે પેશવાનું પદ મેળવવા માટેના બધા પ્રયત્નો તમારે બંધ કરવા. અને વાત આટલેથી પતતી નથી. આપે આપના ભત્રીજાનું ખૂન કરાવ્યું છે. ખૂનીને માટે ન્યાય એક જ સજા ફરમાવે છે. નારાયણરાવના ખૂની તમને હું દેહાંત પ્રાયશ્ચિત્તની સજા ફરમાવું છું.'

ન્યાયદેવતાએ આદેશ તો આપ્યો; પણ ખુદ પેશવાના આસને બેસવાનો અધિકાર ધરાવનારને કોણ ગિરફતાર કરે અને કોણ ફાંસીએ ચડાવે? એટલે રામશાસ્ત્રીએ નિર્ણય જાહેર કર્યો: 'જ્યાં સુધી રઘુનાથરાવ પેશવાના રાજ્યમાં છે ત્યાં સુધી હું પૂના શહેરનું પાણી નહિ પીઉં.' અને તરત જ એ માહુલી ઊપડી ગયા.

રાજ્યમાં હાહાકાર મચી ગયો. રામશાસ્ત્રી જેવો નિસ્પૃહ ન્યાયાધીશ મુખ્ય પ્રધાનના ક્રૂર ને અન્યાયી વર્તનથી ત્રાસી ન્યાયાસનનો ત્યાગ કરી જાય એમાં આબરૂ ક્યાં રહી? પેશવા મોટા હોય તેથી શું? અપરાધની સજા એમને ય થવી જોઈએ એવું ચર્ચાવા લાગ્યું. પણ જાહેરમાં બોલવાની તાકાત કોઈની ન હતી. દરબારમાં અશાંતિ વધી, છળકપટ-ખટપટો શરૂ થઈ.

એટલામાં નારાયણરાવની વિધવાએ પુત્રને જન્મ આપ્યો. તરત જ રઘુનાથરાવને દૂર કરી 'બાર ભાઇ'ઓએ અજ્ઞાન બાળકના વિશ્વસ્તો તરીકે કારભાર હાથમાં લીધો અને રામશાસ્ત્રીમાં વિશ્વાસ જાહેર કરી મુખ્ય ન્યાયાધીશપદે એમની પુનઃસ્થાપના કરી. રામશાસ્ત્રીએ મક્કમ રહી પૂના છોડી જવાની બહાદુરી બતાવી તેથી સત્ય પક્ષને સમર્થન મળ્યું.

પૂનાના ભલભલા નરપુંગવો રાઘોબાથી ડરતા, એમની બીકે થથરતા. પણ રામશાસ્ત્રીના ન્યાયનીતિપૂર્ણ વર્તનમાંથી પ્રેરણા મેળવી એમણે રાઘોબાને દૂર કર્યા. ન્યાયી પુરુષો ભ્રષ્ટાચાર કે પાપાચરણ સામે પોતાનો પુણ્યપ્રકોપ નીડરતાથી જાહેર કરે તો એ ભ્રષ્ટાચાર દૂર કરવાનું નૈતિક ધૈર્ય પ્રજાજનોમાં આવી જાય છે એની સાબિતી આ ઘટના આપે છે.

ઈ. ૧૭૮૯ની પચીસમી ઑક્ટોબરે રામશાસ્ત્રી મૃત્યુ પામ્યા તે આખરની ઘડી સુધી એ ન્યાયાધીશપદે રહ્યા. એમના જન્મની તિથિ પણ આપણે જાણતા નથી. ઈ. ૧૭૨૦માં એમનો જન્મ થએલો એમ ઇતિહાસકારો માને છે. એમનું જ કહી શકાય એવું ચિત્ર પણ મળતું નથી. એમના નિર્ણયો હમેશાં આદરણીય ગણાતા આવ્યા છે. ગ્રૅંટ ડફ જેવા પરદેશી ઇતિહાસકારે પણ એ નિર્ણયોનાં વખાણ જ કર્યાં છે. ન્યાયેકદૃષ્ટિથી બધું જોવું અને નિષ્પક્ષપાતી નિર્ણય આપવો એવી એમની ખાસિયત હતી. સમાજની રૂઢિઓ અન્યાયી લાગે તો તેઓ એનો વિરોધ કરતા. પરશુરામભાઉ પટવર્ધનની સાત વર્ષની કન્યા બયાબાઈ વિધવા થઈ ત્યારે રામશાસ્ત્રીએ એના પુનઃલગ્નની સંમતિ આપી હતી. એમની ઉદાર અને વિશાળ દૃષ્ટિનો આ પુરાવો પૂરતો છે.

આજના લોકોને રસમય લાગે એવી બીજી એક વાત ઇતિહાસકારોએ નોંધી છે. પેશવાના મુખ્ય ન્યાયાધીશ રામશાસ્ત્રી પ્રભુણેને પગાર કેટલો મળતો હશે? ઈ. ૧૭૫૧માં રામશાસ્ત્રીની પહેલી વાર નિમણૂક થઈ ત્યારે એમને દોઢ માસના ૪૭ રૂપિયા, શ્રાવણ માસની દક્ષિણા અને કાપડ એવું બધું મળી વર્ષને આખરે ૧,૪૪૧ રૂપિયા મળેલા એવી નોંધ છે. એટલે એમને દર માસે આશરે એકસો વીસ રૂપિયા મળતા હતા એવું જણાય છે અને પગારની એ સરેરાશ આખર સુધી (અનુસંધાન પૃષ્ઠ ૩૩૭)

પરાજયના વિજયની એક વાર્તા

લેખક - ધીરુ પરીખ

ત્યારથી મારો ભ્રમ ભાંગી ગયો.

'ક્યારથી' એવો પ્રશ્ન તમે પૂછી બેસો તે પહેલાં જ ચોખવટ કરી દઉં કે જ્યારથી મેં ઘોંડુની ઓરડીમાં ફરી એનું એ જ દૃશ્ય જોયું ત્યારથી. એ દૃશ્ય સહેજ પણ અસામાન્ય કે અદ્ભુત નહોતું અને અસામાન્ય તો એ દૃશ્યની ગેરહાજરી હતી! અને એટલે જ એ સામાન્ય, મારે મનથી તો સાવ સામાન્ય દૃશ્ય ઘોંડુની ઓરડીમાં ફરી વાર મેં જોયું ત્યારથી મારો ભ્રમ ભાંગી ગયો.

'કયું દૃશ્ય?' એવો બીજો પ્રશ્ન પૂછવાની તમે હવે તૈયારીમાં છો એ હું જાણું છું. પણ તમારે થોડી સબૂરી રાખવી પડશે; કારણ કે ઘોંડુને પૂરો ઓળખ્યા વગર એ દૃશ્યને નહિ પામી શકાય. અત્યાર સુધી હું પણ ક્યાં પામી શક્યો હતો? અને એટલે'સ્તો એ દૃશ્ય આજે જ્યારે હું પામી શક્યો ત્યારે તો મારો ભ્રમ ભાંગી ગયો!

હાં, તો ઘોંડુ મારે ત્યાં, મારા એક મિત્રની ભલામણ-ચિઠ્ઠી લઈને દોઢેક વરસ પહેલાં આવેલો...

'તમારે ઘરઘાટીની જરૂર છે એવું તમે મને કહેલું. એટલે આ ચિઠ્ઠી લઈને હું ઘોંડુને તમારી પાસે મોકલું છું. એને હું ઓળખું છું. સીધો-સાદો-ભોળો માણસ છે. નિષ્ઠાવાન અને પ્રામાણિક છે. ટૂંકમાં ભગવાનનું માણસ જ છે. રાખવા જેવો.' વગેરે વગેરે...

છટ્! ભગવાનનું માણસ! આ બે શબ્દો પરથી તો મેં એને નહોતો જ રાખ્યો એ હું કહી દઉં. મારે ઘરમાં ભગતડું નહોતું પેસાડવું. કામ-ગરજાઉ એવા મેં એને એની નિષ્ઠા અને પ્રામાણિકતાની ભલામણ પર જ રાખી લીધો. ને બીજે દિવસે ઘોંડુ મારે ત્યાં ઘરઘાટી તરીકે આવી પહોંચ્યો—પતરાની એક નાની જૂની ટ્રંક લઈને.

'જો ઘોંડુ, આ ઓરડી એ તારું ઘર.' નોકર માટે ખાસ કરાવેલી ઓરડી દર્શાવતાં મેં કહ્યું.

'ભલે શેઠ.' કહી ઘોંડુએ ઓરડીમાં નજર ફેરવી. ટ્રંક નીચે મૂકી બોલી ઊઠ્યો: 'શેઠ, ઓરડીમાં આ ગોખલો રાખ્યો છે એ સારું કર્યું છે.'

'કેમ વળી? ચીજ-વસ્તુ મૂકવાની વ્યવસ્થા તો રાખવી પડે ને?'

'મારી પાસે, શેઠ ચીજ-વસ્તુ તો કંઈ છે નહિ; આ બે જોડ કપડાં છે. એ તો પેટીમાં પડ્યાં રે'શે.' પછી જરા અટકીને એ આગળ વધ્યો: 'બાકી તો આ ગણપતિબાપા અને વિઠોબાની છબીઓ છે ને, એ એમાં મૂકવાની અને પૂજા કરવાની મજા રે'શે'.

'સારું સારું.' મારા આ બે શબ્દોમાંની ચીડ એ પારખી શક્યો હશે કે કેમ એની મને ખબર નથી. પણ ટ્રંક ખોલીને એણે તો પેલી છબીઓ ગોખલામાં ગોઠવવા માંડી.

'કાલ સવારથી સાડાપાંચ વાગ્યે ઊઠી કામે લાગી જવાનું.' શું કામ કરવાનું છે એનો ખયાલ તો મેં એને આપી જ દીધો હતો, એટલે હવે જતાં જતાં મેં આટલી સૂચના જ આપી.

બીજે દિવસે સવારમાં સાડા ચાર વાગ્યે ઘોંડુની ઓરડી ગુંજી ઊઠી. મીઠી હલકથી એ તુકારામના અભંગો ગાતો હતો. પછી ગણપતિની સ્તુતિ, ને વિઠોબાનાં ભજનો.

'ભગતડું પેઠું!' મનોમન મારાથી તિરસ્કાર નીકળી ગયો. પણ સવાર-ના સાડાપાંચ વાગતાં તો એ ઘેર હાજર થઈ ગયો. કચરા, પોતાં, સફાઈ, ધોલાઈ, વાસણ, આંટા-ફેરા: દરેક કાર્યમાં એની નિષ્ઠા નીતરતી હું જોઈ શક્યો. રાત્રે મેં એને પ્રોત્સાહન સાથે ચીમકી આપી: 'જો ભાઈ, તું કામ તો સારું કરે છે. પણ આ પ્રમાણે રોજ થવું જોઈએ, હોં.'

'શેઠ, તમે કો' કે ના કો'; પણ જોનારો વિઠોબા બેઠો છે.' એણે સસ્મિત જવાબ આપ્યો. 'ભલે ભલે.'...અંધશ્રદ્ધા સામેનો મારો અણ-ગમો એ પારખી ન શક્યો હોય તેમ લાગ્યું.

એની આ નિષ્ઠાપૂર્વકની કામગીરીએ મને એના પ્રત્યે આકર્ષ્યો હતો. આ જમાનામાં વળી નિષ્ઠાવાળો લાવવો ક્યાંથી? ચાર છ માસ વીતી ગયા. ક્યાં ય કશું કહેવાપણું નહિ. ને છતાં ય એની અંધશ્રદ્ધા સામેની મારી અકળામણ એક વાર ઠાલવવાનું મને મન થઈ ગયું. રાત્રે બધું કામ આટોપી એ એની ઓરડીએ જતો હતો ત્યારે મેં એને બોલાવ્યો: 'ઘોંડુ!'

'જી, શેઠ' કહેતો એ પાછો ફર્યો ને સામે આવી ઊભો રહ્યો.

'ખાસ તો કંઈ કામ નથી.' હું અટક્યો. મને સમજાયું નહિ કે હું શા માટે અટક્યો. એની 'શ્રદ્ધા' પર મારા શબ્દો કુઠારાઘાત કરશે? મારા વિષે એ કેવા કેવા ખયાલો બાંધશે? કદાચ મારી નાસ્તિકતા જોઈ એ કામ રઝળાવી ચાલ્યો જશે? ક્ષણાર્ધમાં તો અનેક પ્રશ્નો મારા મન-માંથી પસાર થઈ ગયા. પણ બીજી જ ક્ષણે મેં આગળ ચલાવ્યું: 'ઘોંડુ, તું રોજ આટલો બધો વહેલો કેમ ઊઠી જાય છે?'

'શેઠ, સેવા-પૂજા કરી લઉં તો આખા દિવસનું ભાથું મળી જાય.'

હું મોટેથી હસી પડ્યો. એ ડઘાઈ ગયો. પછી મેં કહ્યું: 'ભલાદમી, આ છબીઓની પૂજા, ભજનકીર્તનના રાગડા એ બધું નકામું છે.' આ-ટલું ઉચ્ચારતાં મારા નાસ્તિક મનને પણ જાણે ઘણો શ્રમ પડ્યો.

'શેઠ, તમારા જેવા ભણેલા-ગણેલા માણસને મન એ નકામું હશે. આ રોટલા ખાઇને પેટ પોષીએ, પણ આ પૂજા-સેવા, ભજન, એનાથી તો જાણે આખો મનખો પોષાય છે. અમારો તો એ જ સાચો ખોરાક.' કોઈ સાધુ મહારાજે, ધર્મગુરુએ કે પ્રવચનકારે પકડાવી દીધેલાં શબ્દોનાં તૈ-યાર પડીકાં જેવી આ ઉક્તિઓ નહોતી એ હું સમજી શક્યો. અનુભવ-જન્ય આત્મશ્રદ્ધાનો બુલંદ રણકો એના શબ્દેશબ્દની પાછળ હતો.

પણ કોણ જાણે કેમ, માણસ જિંદગીની અમૂલ્ય પળો આવી નકામી પ્રવૃત્તિમાં વેડફી નાખે તે મને ગમતું નથી. એથી જ એક વાર મેં ઘોંડુને કહ્યું: 'ઘોંડુ, તું આ નિખાલસતાથી, નિષ્ઠાથી, પ્રામાણિકતાથી કામ કરે છે એ જ મોટી સેવા છે. હું તને વાંચતાં-લખતાં શીખવીશ. પછી તું કંઈ વાંચીશ ને, તો તારો વિકાસ થશે. દુનિયા કેટલી બધી આગળ વધી રહી છે! તું તો બસ રોજ આ એકનાં એક ભજનો, પૂજાવિધિ, એમાં જ કીમતી સમય વેડફી નાખે છે.' ઘોંડુ જાણે મારા વ્યાખ્યાનમાં તર-બોળ થઈ ગયો હતો. હું પોરસાયો. 'જો, કાલથી હું તને લખતાં-વાંચતાં શીખવીશ.' મેં એના પર જાણે કેટલો ય ઉપકાર કર્યો હોય તેવા મુખ-ભાવ સાથે એ ચાલ્યો ગયો.

—ને બીજે જ દિવસથી અમારા બેની નિશાળ ચાલુ થઈ. થોડા વખતમાં તો એ ઠીક ઠીક લખતાં અને વાંચતાં શીખી ગયો. દરમિયાન-માં હું પ્રસંગે પ્રસંગે એને ટકોર કરતો રહ્યો—લુહાર લોખંડને ઘાટ આ-પવા ઘણના ઘા મારતો હોય તેમ: 'ભલા'દમી, ઇશ્વર કોણે જોયો છે?'... 'આપણે સારું અને સાચું કામ કરીએ એ જ ઇશ્વરપૂજા. ...'છબીઓ ને મૂર્તિઓ સામે રાગડા તાણવા એ તો બાળકોની રમકડાં સાથેની રમત જેવું છે.'...'જેને જોયો નથી તે ઇશ્વરની વળી મૂર્તિ કેવી?'...'અભણો-માં જ અંધશ્રદ્ધા હોય છે. મેં તને થોડુંઘણું શીખવ્યું. હવે તારે આ અંધશ્રદ્ધા છોડવી જોઈએ.'

મારાં આ વાક્યોએ એની અંધશ્રદ્ધાને તીરની જેમ વીંધી નાખી હતી તેની મને ધીમે ધીમે પ્રતીતિ થવા લાગી. હવે એ સવારમાં વહેલો ઊઠે તો છાપું કે કોઈ સામયિક વાંચતો હોય, ક્યારેક (અનુ. પૃ. ૩૧૫)

મુકુન્દરાય પારાશર્ય લિખિત વિશિષ્ટ વ્યક્તિચિત્ર

મદદગાર પ્રભાશંકર

ભાવનગરની સામળદાસ કૉલેજના ગુજરાતીના પ્રોફેસર રવિશંકર મ. જોશીના અનેક વિદ્યાર્થીઓ આજે ઘણી કૉલેજોના આચાર્યપદે છે. થોડો વખત તે ભાવનગર રાજ્યના ઍડમિનિસ્ટ્રેટર પ્રભાશંકર પટ્ટણીના પૌત્ર મહેશભાઈના શિક્ષક હતા. તેમને પ્રભાશંકરના પરિચયમાં આવવાનું થતું. એ રવિશંકર જોશીએ 'પટ્ટણીનું લોકોત્તર વ્યક્તિત્વ' નામે લેખમાં પટ્ટણીની ઉદારતા વિષે લખ્યું છે:

'ગરીબો માટે, વિદ્યાર્થીઓ માટે, યુરોપ કે જર્મની, ઇંગ્લૅન્ડ કે અમેરિકામાં મુશ્કેલીમાં અટવાએલા લોકો માટે, નાદારી લેવી પડે તેવા વ્યાપારીઓ માટે પટ્ટણીસાહેબ જેવી દાનધારા વિરલ સ્થળે જ નિહાળી શકાય. તારીખ પહેલીથી દસમી સુધીમાં તેમના પગારમાંથી દુ:ખીજનોની સહાય માટે કેટલા ચેકો અને મનીઑર્ડરો જતા એ તો તેમના મંત્રીઓ જ જાણે છે. ઘરનો કોઈ નોકર સોનાની સાંકળી ચોરે તો સામા જઈ, તેને મુશ્કેલી હશે તેથી ચોર્યું હશે એમ વિચારી તેને પચાસ રૂપિયાની મદદ આપે! આવાં તો અનેક દષ્ટાંતો તેમની જિંદગીમાં પગલે પગલે વેરાએલાં પડ્યાં છે. આવા પ્રસંગોનો સંગ્રહ બહાર પડે તો માનવજાતિને લોકોત્તર માનવતાનો અવનવો પાઠ જાણવા મળે.'

આવો અવનવો પાઠ જાણવા માટે આવા પ્રસંગોનો સંગ્રહ થઈ શકે તે અસંભવ છે. એ ખરું છે કે એમનું આખું જીવન 'દેનાર' તરીકે હતું; પણ કોઈને સહાય કરવામાં પ્રભાશંકરની દષ્ટિ ને રીત આગવી હતી. કુટુંબમાં ક્યારેક તે સમજાવતા કે માણસને માણસ રહેવા દેવો હોય અને તેને સ્વમાની રહેવા દઈ સુખી થતો જોવો હોય તો તેને આપેલી સહાયની વાત છાની રહેવી જોઈએ. લેનાર માણસના મનમાં દીનતાનો ભાવ ન જાગે તે રીતે સહાય દેવાવી જોઈએ, અને તમે આપીને તેના પર ઉપકાર કર્યો છે તેવું આંખને અણસારે યે તે ન સમજે તેવું તેની સાથે કાયમ વર્તન રહેવું જોઈએ. એટલું જો ન બને તો આર્થિક સહાય આપીને દેનાર માણસ લેનાર માણસનો સદ્ભાવ ગુમાવે છે અને પોતે સહાય કર્યાના ગર્વમાં અધમ બને છે; છેવટ સમભાવની લાગણીની, હમદર્દીની ઊંડી મઝા, દેવા છતાં, દેનાર અનુભવી શકતો નથી. એનું દીધું ઊગતું નથી, નકામું જાય છે, ક્યારેક સામાજિક જીવનમાં બગાડો ઊભો કરે છે.

પ્રભાશંકરની 'ઉઘાડી રાખજો બારી' નામે જાણીતી કવિતા છે:

'દુ:ખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.'

આ કડીમાં 'બારી' શબ્દનો અર્થ સમજવા જૂની જીવનધાટી જાણવી જરૂરી છે. જૂના જમાનામાં ગામ ફરતા ગઢને તથા સંપત્તિવાળા માણસોની હવેલીઓને દરવાજા, ડેલા ઉપરાંત એથી દૂર, ને કોઈને ખબર ન પડે તેવી રીતે, આવજા કરવા માટે નાની ડેલી મુકાતી; તે બારી કહેવાતી. તે ઉઘાડી જ ન રહેતી. ત્યાં દરવાન ન બેસતો. બીજાઓ ન જાણે તે રીતે કોઈને અંદર લાવવા કે બહાર મોકલવા હોય ત્યારે જ તેનો ઉપયોગ થતો. અહીં 'બારી' શબ્દ મૂકી પ્રભાશંકર એમ કહેવા ધારે છે કે દીન, દુ:ખી અને ખોટે રસ્તે ચડી ગએલાને વિસામો આપી તેને સહાયરૂપ થવા માટે બીજાઓ ન જાણે તે રીતે ગોઠવણ કરવી જોઈએ. પ્રદર્શનથી સહાય થતી નથી, લેતી–દેતીની ક્રિયા થાય છે. જે માણસ સામા માણસના હૃદયમાં પેસીને તેનાં દુ:ખને પોતાનાં કરી અનુભવી શકે છે, એના દુ:ખમાં ભાગીદાર થાય છે, દુ:ખ મટાડવા માગે છે તે ઉઘાડે છોગ સહાય કરી શકતો નથી.

આ કારણે પ્રભાશંકરના સર્વોન્નત પ્રસંગો એમણે પોતે જ ઢાંકી દીધા છે. તે પ્રકાશમાં આવવા સંભવ નથી. તેવા થોડા પ્રસંગ હું જાણતો હોવા છતાં પ્રકટ કરું તો પ્રભાશંકરના મૂળ હેતુને હું છેહ દઈ રહ્યો હોઉં તેવું મારાથી બને. એ કરવું નથી. બેશક, કોઈ કોઈએ સુજનતાથી પોતાનો અનુભવ જાતે કહ્યો હોય તે જુદી વાત છે. પણ તેવા પ્રસંગો જૂજ છે. અહીં તો ફક્ત જાણીતા પ્રસંગો, જે હજી કાગળ પર મુકાયા નથી તેમાંથી થોડા નમૂનારૂપે રજૂ કરવા છે.

પ્રભાશંકરના દાદા હરિરામની સ્થિતિ નબળી ખરી, પણ ખરાબ ન હતી. સારી આવવાળા કૂવાને જેમ ઉલેચ વધુ હોવાથી તેનું પાણી ઓછું જણાય તેવું એમને હતું. એ જે કંઈ મળે તે આપી દેતા. પોતાને માટે કંઈ રહે તેવા યત્ન ન કરતા, અપેક્ષા યે ન રાખતા. પરિણામે અકિંચન હતા, દરિદ્ર ન હતા. એ સારા વૈદ્ય હતા, પ્રતિષ્ઠિત પૌરાણિક કથાકાર હતા, પણ સાથે એવા જ પરગજુ હતા. તેમાં વૃદ્ધાવસ્થામાં ચાર ધામની યાત્રા કરી આવીને પોતાની સર્વ સંપત્તિ દાનમાં આપી દીધી. સ્ત્રીધન સિવાય ઘરનાં ઢોર, વાસણ, અનાજ વગેરે ઉપરાંત પોતે નકલ કરેલા ભાગવત, ગીતા વગેરે સહિત આયુર્વેદના ગ્રંથો પણ કૃષ્ણાર્પણ કરી દીધા! પ્રભાશંકરની ઉંમર ત્યારે ચારપાંચ વર્ષની. એ પછી પ્રભાશંકરના બન્ને કાકાનાં લગ્ન થયાં એટલે સ્થિતિ બગડી ગઈ. પણ એ ગરીબીનું દુ:ખ કુટુંબમાં કોઈને ન હતું દાદીમા ઝવેર પોતા માટે વધેલું ખાવાનું માગવા આવેલાને ખવડાવી દઈ ભૂખ્યાં સૂઈ રહેતાં અને પોતે દઈ શક્યાં તેથી રાજી થતાં, એ પ્રભાશંકરે ઘણી વાર જોએલું. એ સ્થિતિમાં દાદા બીજાં પાંચ છ વર્ષ જીવેલા. કુટુંબમાં દાદા એવું સમજાવતા કે જેના મનમાં ધનની, માનની કે કોઈ પણ વસ્તુ મળે તેની લાલચ હોય, તે જ દરિદ્ર છે. ધન ન હોવું એ દારિદ્રય નથી. પાસે કંઈ ન હોય અને તે બાબતનો વલોપાત ન હોય એવું અકિંચનપણું એ દરિદ્રય નથી, પણ નિરુપાધિક સ્વસ્થતા છે. દાદાનો આ વારસો પ્રભાશંકરને મળેલો.

પ્રભાશંકર પહેલી અંગ્રેજીમાં ભણતા ત્યારે, એક વિદ્યાર્થીને વારંવાર કહ્યા છતાં તે અંગ્રેજી ચોપડી ખરીદી નહિ લાવેલો તે કારણે શિક્ષક ઘણી આંકણીઓ મારી-સોટીને બદલે. પ્રભાશંકર પાસે તેના કાકા ભણી ગએલા તે ચોપડી હતી, પણ કાકાની હોવાથી તેને પૂછ્યા વગર ન દેવાય એમ માની તે વખતે ન આપી. ઘેર આવી તેણે કાકા કેશવલાલને વાત કરી. કાકાએ તેનો વાંસો થાબડ્યો, ને બીજા દિવસની સવાર સુધીમાં ઘણા સારા અક્ષરે એ ચોપડીની નકલ, ચિત્રો વગરની, આઠ પેજી ફૂલ્સકૅપ સાઈઝમાં કરી આપી. સવારે જ એ કાકાવાળી છાપેલી ચોપડી પેલા વિદ્યાર્થીને ઘેર જઈ પ્રભાશંકર આપી આવ્યા, કાકાએ નકલ કરી આપેલી તે વડે પોતે ભણ્યા. એ નકલ ઈ. સ. ૧૯૩૩ સુધી ઘરમાં હતી.

રાજકોટમાં વૈદ્યરાજ મણિશંકરને ત્યાં રહી પ્રભાશંકર હાઈસ્કૂલમાં ભણતા ત્યારે શનિવારે તથા સોમવારે એક ટંક જમતા. દર શનિવારે સવારે નિશાળેથી છૂટી જમ્યા વગર જ સોમવારની ભણવાની ચોપડીઓ લઈ રાજકોટથી વીસ માઈલ ચાલીને કોટડા-સાંગાણી પોતાના કાકાને ત્યાં જતા ને ત્યાંથી સોમવારે વહેલી સવારે ચાલીને, રસ્તામાં કાકીએ બંધાવેલું ભાથું ખાઈ સીધા રાજકોટ હાઈસ્કૂલે પહોંચી જતા. એક વાર એ રીતે કોટડેથી આવતાં રસ્તામાં એક કુટુંબ સાથે થઈ ગયું: તેમાંનાં બે છોકરાં ભૂખ્યાં થએલાં તેથી પોતાનું બધું ભાથું તેમને આપી દીધું,–એમ કહીને કે પોતે સોમવારે એક ટંક જ જમે છે, અને રાજકોટ સુધી જ જવું છે. પ્રભાશંકર દર સોમવારની પેઠે મણિશંકરને ત્યાં તે રાતે પણ જમ્યા નહિ, તેમ રસ્તાની વાત કરી નહિ.

એ દિવસોમાં તેમને સ્કૉલરશિપ મળતી, તે એ ગરીબ વિદ્યાર્થીઓને આપી દેતા. વૈદ્યરાજ મણિશંકરે પોતાની પુત્રીનું વેવિશાળ પ્રભા-

શંકર સાથે કરેલું. એક વાર તેમણે પ્રભાશંકરને શિખામણ આપતાં કહ્યું: 'તમારા કુટુંબની સ્થિતિ સારી નથી એ વખતે તમને મળતી સ્કૉલરશિપ બીજાને મદદમાં દઈ દેવી એ બરાબર નથી. આમ કરશો તો આગળ ઉપર શું કરશો?' પ્રભાશંકરે કહ્યું: 'ભગવાન બધું સંભાળે છે. બીજાને દઈ શકું માટે મને તે આપે છે. મારી ઇચ્છા ઘણું દેવાની છે ને મને વિશ્વાસ છે કે પ્રભુ મને અખૂટ ભંડાર એ માટે જ દેશે.'

ઈ. સ. ૧૮૯૫માં ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ ગાદીએ આવતાંની સાથે પ્રભાશંકરને મોરબીથી તેડાવી લીધા પોતાના રાજ્યના દીવાનપદે આવવા કહ્યું. તેનાં કારણોમાંનું એક એ પણ ખરું કે એ મહારાજા રાજકોટ રાજકુમાર કૉલેજમાં ભણતા ને પ્રભાશંકર તેમના અંગત શિક્ષક હતા ત્યારે પોતાના ટૂંકા પગારમાંથી પણ તે બાળ મહારાજાને જરૂર પડ્યે રકમ આપી દેતા. એ અરસામાં સામાન્ય માન્યતા એવી હતી કે ભાવનગરમાં રાજ્ય રાજાનું હતું પણ સામ્રાજ્ય નાગરોનું હતું. જો બાળ મહારાજાને નાગરો પ્રત્યે નફરત થવાનાં કારણો મળ્યાં ન હોત તેમ જ નાગર કુટુંબોમાં દીવાનગીરી માટે પરસ્પર સ્પર્ધા, વૈમનસ્ય, દ્વેષ અને હિંસક ઝગડા જાહેર રૂપ લઈ ચાલ્યા કરતા ન હોત તો પ્રભાશંકરનું ભાવનગરમાં આવવાનું કે ટકવાનું બન્યું ન હોત. નાગર જ્ઞાતિ પ્રત્યે તેમની રાજ્યવહીવટની કુશળતા તથા મુત્સદ્દીગીરીને અંગે માનની નજરે જોનાર પ્રભાશંકરને ભાવનગરમાં અધિકારપદે આવવા ઇચ્છા ન હતી. પણ તેમણે જોયું કે જે મહારાજા પ્રત્યે પોતાને ભક્તિ તથા વાત્સલ્ય છે તેમના સ્વભાવ પર અંકુશ નહિ રહે તો રાજ્યકારભાર વણસી જશે, તથા જે જ્ઞાતિ પ્રત્યે પોતાને માન હતું તે અંદરઅંદરના કલહમાંથી ઊંચી નહિ આવવાના કારણે વિનાશ વહોરી લેશે. આથી તે ભાવનગર આવ્યા, મહારાજાને સમજાવી દીવાનપદ નાગરો હસ્તક રહેવા દીધું, પોતે હજૂર-સેક્રેટરીના પદે રહ્યા, નાગરોને નોકરીમાંથી ને રાજ્યમાંથી દૂર કરવાની મહારાજાની હઠ છોડાવી તેમને રાજાને યોગ્ય ઔદાર્ય, ક્ષમા, પ્રજામાં સર્વ પ્રત્યે સમદૃષ્ટિ ને લોકહિતની ભાવનાનો બોધ તથા તાલીમ આપ્યાં સાથોસાથ નાગરોના અંદરોઅંદરના ઝગડા મિટાવી સંપ કરાવવા તેમજ રાજ્ય તરફથી તેમને અન્યાય ન થાય, તેમની આર્થિક-સામાજિક સ્થિતિ અને પ્રતિષ્ઠા જળવાઇ રહે તે માટે અથાગ યત્ન કર્યા. આ કામમાં મહારાજાની મંજૂરીથી રાજ્યની તિજોરીનો ઉપયોગ કરવા ઉપરાંત જાત પદરથી પણ તેમણે સહાય કરેલી.

એમની ભાવનગરમાં નિમણૂક થઈ ત્યારે કહેવાતું કે પ્રભાશંકરની હત્યા થઈ જશે; એ મરવાનો થયો છે. પ્રભાશંકરે તે સાંભળેલું, મહારાજા વગેરેએ તેમને એકલા નહિ રહેવા તથા નાગરોને ત્યાં કદી યે નહિ જવા સલાહ આપેલી. પણ પ્રભાશંકર રાત્રે નાગરોને ત્યાં જઈ બબ્બે ત્રણત્રણ કલાક લાગટ એકલા બેસી વાતો કરતા, તેમણે આપેલું પાણી પીતા અને એમની મુશ્કેલીઓના તોડ કાઢી વિશ્વાસમાં લેતા. આ ઇતિહાસ લાંબો છે; વિગતો ઘણી છે; પ્રભાશંકરના અન્તઃકરણને તાદૃશ રજૂ કરે તેવી છે. તેમના આ કાર્યમાં તેમને સહાયક તરીકે સાંપડેલા નાગર સજ્જનોનાં ચરિત્રો પણ નોંધપાત્ર છે. પણ એ ઇતિહાસ કહેવો હોય તો તેમાં રજૂ કરવી પડે તેવી ઘણી બાબતો છે કે જેને સાવ ઢાંકી દેવા પ્રભાશંકરે નિત્ય કાળજી રાખેલી. એ ઢંકાએલી બાબતોમાંથી જે કંઈ જાણવા મળી છે તેનું યે પ્રકટીકરણ અસ્થાને છે, અયોગ્ય છે તેમ જ મારા સ્વભાવથી વિરુદ્ધ છે. એક વાત નોંધવા યોગ્ય ખરી કે પ્રભાશંકરના આ કાર્યની તારીફ અનેક નાગર સદ્‌ગૃહસ્થોએ વિગત આપ્યા વગર કરી છે, કોઈકોઈએ મને અંગત ગણી વિગત સહિત કહી છે. તેમાંથી બે સજ્જનોનું નામ આદરપૂર્વક નોંધવાનું મન થાય છે: એક, ગગા ઓઝાના પ્રપૌત્ર તથા છેલ્લા નાગર દીવાન વજલભાઈના પૌત્ર શ્રી મોતીભાઈ હરિભાઈ ઓઝાનું, ને બીજું સૌજન્યશીલ વેદાંતકવિ હીરાલાલ જાદવજી બુચનું.

આંગણે માગવા આવનારને પ્રભાશંકર કદી ખાલી હાથે જવા ન દેતા.

'જગત આ ક્ષેત્ર સેવાનું મફત સેવા કરી લેવી,
પ્રભુએ જન્મ આપ્યાની કરજદારી ભરી દેવી.'

એવું લખનાર પ્રભાશંકર આંગણે આવેલાને માનપૂર્વક દેતા, બને ત્યાં સુધી તેનાં દુઃખો જાણી આજીવિકા માટે ગોઠવણ કરતા, અગર ઉપાય બતાવતા. ઉચ્ચ શિક્ષણ માટે દેશમાં તથા પરદેશ જવા માગતા વિદ્યાર્થીઓને શોધી શોધી સ્કૉલરશિપ આપતા. આવા વિદ્યાર્થી માત્ર ભાવનગર કે કાઠિયાવાડના નહિ પણ ભારતભરના હતા. ત્રણચાર અંગ્રેજ વિદ્યાર્થીઓને પણ તેમણે સ્કૉલરશિપ કરી આપેલી. ગોખલેનું ભારત સેવકસમાજ, કવિવર ટાગોરનું શાંતિનિકેતન, પંડિત મદનમોહન માલવીયની બનારસ હિંદુ યુનિવર્સિટી, ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, હરિજનઉદ્ધાર તથા ખાદીપ્રચાર માટેની સંસ્થાઓ તેમજ ગાંધીજીથી માંડી દેશમાં નાના ઉદ્યોગ ઊભા કરવા ઇચ્છનારને એ આપ્યા જ કરતા. મુંબાઈમાં સ્ટીમરના માલ ચડાવવા-ઉતારવાનો ધંધો કરનાર એક પેઢીને મોટી ખોટ આવવાથી તેના માલિક આપઘાત કરવાની હદે હતાશ થઈ ગએલા. તેમને કોઈકે પ્રભાશંકર પાસે જવા સલાહ આપી. એ ગયા. પ્રભાશંકરે એ જ વખતે તેમને પૂરતી સહાય કરી ને તે સાથે ભાવનગરના વિકસતા બંદરે તેની પાસે શાખા ખોલાવી. એ પછી ટૂંક સમયમાં તરી ગઈ. પછી તેના માલિકે પ્રભાશંકરની આનાકાની છતાં મૂળ રકમ પાછી આપી.

પ્રભાશંકર કોને શું આપતા તે વાત ઘરમાં યે કોઈને ન કરતા, હિસાબમાં ચોપડે ન લખાવતા. બહારથી કોઇકોઈ વાત જાણવામાં આવતી. ઈ. સ. ૧૯૪૪માં બૉમ્બે ટૉકીઝની મુલાકાત વખતે અનંતરાય પટ્ટણી સાથે હું પણ હતો. એ વખતે દેવિકા રાણીએ જણાવેલું કે તેમના પતિને ફિલ્મ સ્ટૂડિયો કરવો'તો પણ હિંદમાં એ નવા ઉદ્યોગમાં પૈસા રોકવામાં લોકોને હિંમત ન હતી. તે વખતે એમની માગણી સાંભળી સૌથી પહેલી ને ઘણી મોટી રકમ પ્રભાશંકરે સહાય રૂપે આપેલી.

ભારતને સ્વરાજ્ય મળ્યા પછી ઇંગ્લૅન્ડના નામી ચિત્રકાર હૅમિલ્ટન ભારતમાં વડા પ્રધાન જવાહરલાલ નેહરુનું તૈલચિત્ર તૈયાર કરવા આવેલા. ત્યારે અનંતરાય પટ્ટણીએ તેમને પોતાના પિતાના ફોટા મોકલી તેમાંથી પસંદ પડે તે પરથી ચિત્ર કરી આપવા વિનંતી કરી ને સાથે જે માગે તે મહેનતાણું આપવા તૈયારી જણાવી. એ ચિત્રકારે ચિત્ર કરી આપ્યું પણ કશું જ મહેનતાણું ન લીધું,—એમ કહીને કે કળાકારોને આગળ વધારવામાં પ્રભાશંકરે એવી સહાય કર્યા કરી છે કે તેનું મહેનતાણું ન લઈ શકું. તેમનું કામ કરી દેવાની તક મળી તેનો મને આનંદ છે.

કોઈ માગે તો પ્રભાશંકર તેને ના કહી શકતા નહિ. કહેનારા એમ પણ કહેતા કે તે નબળાઈ છે. તેમાંના બે પ્રસંગ આવા છે:

૧) મુંબાઈમાં હૅંગિંગ ગાર્ડનમાં ફરતાં પ્રભાશંકરને એક જૂનો ઓળખીતો મળી ગયો. ખબરઅંતર પૂછવા સાથે તે પ્રભાશંકરને અપમાનજનક શબ્દો કહેવા લાગ્યો. મૂળ તો તેને આર્થિક મદદની જરૂર હતી એમ પ્રભાશંકરને જણાયું. પોતાના ખિસ્સામાં એ વખતે પૈસા ન હતા, એટલે સાથે ફરવા આવનાર મિત્ર પાસેથી ઉછીના લઈ તે માણસને તત્કાલ બસો રૂપિયા આપી દીધા. પેલા મિત્રે આશ્ચર્યથી પૂછ્યું કે આવું જાહેરમાં અપમાન કરનારને મદદ કેમ કરી? પ્રભાશંકરે કહ્યું: 'ખરાબ સ્થિતિ ને આપત્તિમાં માણસ અકળાઇને ભાન ભૂલે છે. એ અણસમજણ છે. સારી સ્થિતિ હોત ને જરૂરિયાત ન હોત તો એ આમ ન બોલત. પણ એ જે રીતે બોલ્યા તે પરથી તેની ઘણી દયાજનક સ્થિતિ છે એમ સમજી મારી ફરજ વિચારીને મેં આપ્યા છે.'

૨) પ્રભાશંકરના પૌત્ર મહેશભાઈના લગ્ન પ્રસંગે એક ગૃહસ્થે કાગળ લખી પોતાની સ્થિતિ નબળી હોવાથી સો રૂપિયાની મદદ મોકલવા

વિનંતી કરી ને સાથે જણાવ્યું કે સંબંધને નાતે મહેશના લગ્ન પ્રસંગે ચાંદલાના પાંચ રૂપિયા મોકલવા જોઇએ, પણ સ્થિતિ ન હોવાથી મોકલી શકયા નથી, તો તે ચાંદલાના પાંચ રૂપિયા કાપી લઈ રૂ. ૯૫)ની મદદ તુરત મોકલશો. પત્ર વાંચી પ્રભાશંકરે રૂ. ૧૦૫)નો મનીઑર્ડર કર્યો ને જવાબમાં લખ્યું: 'તમારી ઇચ્છા મુજબ ચાંદલાના રૂપિયા પાંચ કાપી લીધા છે, પણ મારે ત્યાં પૌત્રનાં લગ્ન છે તે મોટી વાત હોવાથી હું ચાંદલાથી બમણું કરી પાછું આપું છું તો સ્વીકારશો.'

રાજ્યના નાનામોટા નોકરિયાતના સ્વભાવને તથા તેમની સ્થિતિને પારખી યોગ્ય માણસને અવસરે વગર માગ્યે આપવાની તક પ્રભાશંકર ઝડપી લેતા ને કામની કદર રૂપે અને સામા માણસનું સ્વમાન વધે, ઉત્સાહ વધે તે રીતે એ આપતા. ભાવનગર આલ્ફ્રેડ હાઈસ્કૂલના એક વખતના હેડમાસ્તર અને પછીથી ભાવનગર જિલ્લાના નિરીક્ષકપદે આવી હાલ નિવૃત્ત શિવપ્રસાદ કે. બુચ સાહેબે ઈ. સ. ૧૯૭૧માં મને કહેલી આ વાત તેમના શબ્દોમાં મૂકું છું:

ઈ. સ. ૧૯૨૮-૨૯માં હું શિક્ષક હતો અને સાથે બૉય સ્કાઉટની ટ્રેઇનિંગ આપતો. કપોળ બોર્ડિંગમાં ગૃહપતિ હતો. તે વખતે મારે ત્યાં લગ્ન પ્રસંગ આવ્યો ને ખર્ચ માટે મારે ૬૦૦ રૂપિયા ખૂટતા'તા. મેં કેળવણી ખાતાના ઉપરી મે. વિઠ્ઠલદાસભાઈ મહેતાને વાત કરી ને રાજ્ય તરફથી લૉન મેળવવા સંબંધે પૂછ્યું. તેમણે જણાવ્યું કે મકાન ચણવું કે એવી બાબત હોય તો લૉન મળે. છતાં યે અરજી કરી પટ્ટણીસાહેબને મળી જોવું. આમ કહી તેમણે પટ્ટણીસાહેબ ઉપર ભલામણ-ચિઠ્ઠી લખી આપી. તે લઈ હું લીલે બંગલે ગયો ને પટ્ટણીસાહેબને અરજી આપી. તેમણે વાંચીને કોનાં લગ્ન છે વગેરે પૂછયું ને પછી અરજી પર કંઈક લખી તે કવરમાં મૂકી મને કહ્યું કે હજૂર ખાનગી ખાતાના ઉપરી ડમરી સાહેબને આ આપજો. હું ડમરીસાહેબ પાસે ગયો. તેમણે ચિઠ્ઠી વાંચી મને સામે બેસાડયો ને થોડી વારમાં જ રૂપિયા આપ્યા. મેં એક વાર ગણ્યા, બીજી વાર ગણ્યા, તો યે તે ૮૦૦ થયા, એટલે મેં ડમરીસાહેબને પૂછયું: 'મને રકમ આપવામાં ભૂલ તો નથી થઇને?' ડમરીસાહેબે પૂછયું: 'કેમ?' મેં કહ્યું: 'આમાં આઠ સો રૂપિયા છે. મારી માગણી છસોની છે.' ડમરીસાહેબે કહ્યું: 'તમે પટ્ટણીસાહેબે શું લખ્યું છે તે વાંચ્યું નથી?' મેં ના કહી એટલે તેમણે મને વાંચવા દીધું. તેમાં લખ્યું હતુ કે આ માણસ રાજના નોકર છે. તેના કામથી ખાતાના ઉપરીને સંતોષ છે. તેને ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી તેણે રૂ. ૬૦૦ની લૉન માગી છે તે તેને આપવી. ઉપરાંત રાજ્ય તરફથી લગ્ન પ્રસંગે રૂપિયા બસો ભેટ દેવા! મેં રૂ. ૬૦૦ની લૉનની માગણી સિવાય કંઈ માગ્યું ન હતું, છતાં સામેથી મને પટ્ટણીસાહેબે રૂ. ૨૦૦ ભેટ આપેલા.

કામથી ને લાંબી મુસાફરીઓથી થાકેલા વૃદ્ધ ને બીમાર પ્રભાશંકર બે દિવસ આરામ લેવા બોટાદ-જસદણ રેલવેમાર્ગે પરના ગલિયાણા સ્ટેશને સલૂન છોડાવી ત્યાં રહેલા. આજુબાજુ કોઈ ગામ ન હતું. ભાગ્યે જ કોઈ ઉતારુ આવે. પ્રભાશંકર સાથે સેક્રેટરી શાંતિલાલ પા. વૈદ્ય, રસોઇઓ અને ઠાકોર નામે માણસ હતા. પ્રભાશંકર ત્યાંથી ઘેલા સોમનાથ દર્શને જઈ આવ્યા એટલે પાછળ માણસો માગવા આવવા લાગ્યા. પ્રભાશંકરે સેક્રેટરીને બોલાવી કહ્યું: 'આને રૂપિયા પાંચ આપો.'

સેક્રેટરી પોતાના કમ્પાર્ટમેંટમાં પૈસા લેવા ગયા. દર વખતે સાથે હજારેક રૂપિયા ને ચારસો પાંચસોનું પરચૂરણ રાખતા, પણ આ વખતે સો સોની નોટો સિવાય કૈં જ ન હતું. તે સ્ટેશન માસ્તર પાસે નોટ વટાવવા ગયા. માસ્તરે કહ્યું: 'સાહેબ, અહીં તો બિચાર દા'ડે એકાદ ઉતારુ આવે. આ સ્ટેશન તો ભૂખડી છે.' ત્યાં તો પ્રભાશંકરે ફરી સેક્રેટરીને બોલાવી કહ્યું: 'વિલંબ કેમ થાય છે?' સેક્રેટરીએ કહ્યું: 'આ વખતે સાથે પરચૂરણ લેવાનું રહી ગયું છે. ફક્ત સો સોની નોટો જ છે.'

'છે ને?' પ્રભાશંકરે કહ્યું:' એના નસીબની હશે. એક નોટ એને આપી દો.' ને એ માણસ સો રૂપિયા લઈને ગયો! પ્રભાશંકરે સેક્રેટરીને એ વિષે કંઈ જ ન કહ્યું.

ધન આપી છૂટવામાં પ્રભાશંકરને સંતોષ ન હતો. બને તે રીતે સહાયરૂપ થવાના તેમના સ્વભાવમાં એક દૃષ્ટિ હતી. જીવને તાત્કાલિક દુઃખમાંથી ઉગારી લેવા એ જરૂરનું છે; પણ એટલું જ બસ નથી. લોકહિત માટે જાહેરપણે યત્ન કરનારને પ્રોત્સાહન, સહાય આપવા ઉપરાંત મૂગાં કામ કરનારને શોધી તેને આપવાનું તે ચૂકતા નહિ. એવા સેવકો પ્રત્યે તેમને વધુ આદર હતો. જેમ અમુક જમીનમાં અમુક પાક વધારે સારો ને વિશેષ પ્રમાણમાં થાય છે તેમ આવા સેવકોને આપેલું વધુ લોકનું હિત સાધી શકે છે એવી એમની માન્યતા હતી. સમાજની વ્યાપક ઉન્નતિ એથી થઈ શકે એમ ગણી એને વધુ મહત્ત્વ આપતા, તેમ જ જે લોકો જનકલ્યાણ કરી શકે તેવી શક્તિવાળા, અધિકારના પદવાળા તથા સગવડવાળા હોય તેમને તે દિશામાં સમજપૂર્વક પ્રેરવા પોતાથી બનતું કરી છૂટતા. બેશક, એમના એ વ્યવહારમાં કદી સત્તાધીશનો આદેશ ન હતો, ઊંચા આસનેથી કરેલો વિદ્વત્તાભર્યો ઉપદેશ ન હતો, કયારેક સેવક સમાન નમ્ર સૂચન હતું, તો કયારેક મિત્ર સમાન સન્માર્ગદર્શન હતું. એમ કરી છૂટવામાં એમણે ઘણા પ્રકારના ઘસારા સમજપૂર્વક સહી લીધેલા. થોડી વીગતથી એક દૃષ્ટાંત જોઈએ:

ઉત્તર ભારતના એક દેશી રાજ્યના રાજા રાજા તરીકે અયોગ્ય છે, મનસ્વી છે, નોકરીઆતવર્ગ તથા પ્રજા પર દમન કરે છે, એવી અંગ્રેજ સરકારની માન્યતા થતાં તે રાજાને વાઈસરૉયે દિલ્હી બોલાવી રૂબરૂમાં સારી પેઠે ઠપકો આપ્યો, ગાદી પરથી ઉઠાડી મૂકવાની ધમકી આપી અને રાજ્યમાં સરકાર સૂચવે તે માણસોની કમિટી નીમી તે દ્વારા રાજ્યવહીવટ ચલાવવાની ગોઠવણ કરી. ઉપરાંત વહીવટમાં માથું મારવા પર ને હુકમ દેવાના અધિકાર પર પ્રતિબંધ મૂકયો.

દેશી રાજ્યોના વહીવટસુધારા માટે પંકાએલા પ્રભાશંકર ઘણાં દેશી રાજ્યોના સલાહકાર પણ હતા. આ રાજ્યમાં વહીવટી કમિટી નિમાયા પછી દિલ્હી સરકારે પ્રભાશંકરને ત્યાં વહીવટ સુધારવા તથા સલાહ દેવા મોકલ્યા. પ્રભાશંકરે ત્યાં જઈ થોડા દિવસ રોકાઈ તંત્ર વ્યવસ્થિત કર્યું.

સરકારમાં ને પ્રજામાં અળખામણા થએલા રાજા તરફ પ્રજાજનો તથા રાજ્યના નોકરો આદરમાનથી વર્તતા બંધ થઈ ગએલા. સરકારે હાથમાંથી સત્તા લઈ લીધી તેના ખેદ સાથે પ્રજા તથા નોકરો તરફથી થતા અવમાનમાં રાજાને જીવવાનું હતું. તે વખતે પ્રભાશંકરે ત્યાં જવા સાથે રાજાને આદરપૂર્વક માન આપ્યું ને અધિકારી સેવક તરીકે વ્યવહાર કર્યો. પ્રભાશંકરે જે સલાહસૂચનો કર્યાં અને સુધારાઓ દાખલ કરાવ્યા તેથી વહીવટી કમિટીના સભ્યો તથા રાજા બંને પ્રસન્ન થયા. પ્રભાશંકરના વર્તાવથી થોડા દિવસમાં રાજાને તે આત્મીય વડીલ લાગ્યા.

એક વખત એકાંતમાં રાજાના પ્રજા ઉપરના અધિકાર પરત્વે વાત થતી'તી તે પ્રસંગે પ્રભાશંકરને રાજાએ પૂછયું: 'મારાથી કોઈને હુકમ કરાય કે નહિ?' પ્રભાશંકરે કહ્યું 'શા માટે ન કરાય? હુકમ કરી શકાય.' ને ઉમેર્યું: 'જો દીવાન હુકમ કરી શકે તો એ દીવાનની નિમણૂક હુકમથી કરનાર રાજા શા માટે હુકમ ન કરી શકે?'

સાંભળતાં જ રાજાની આંખમાં આંસુ આવી ગયાં. તેણે કહ્યું: 'તો શા માટે મારા પર હુકમ કરવા બાબત પ્રતિબંધ મૂકયો છે?'

પ્રભાશંકરે ઉત્તર આપતાં સમજાવ્યું: 'હાથમાં સત્તા આવે એટલે હુકમ દેવાની આદત પડી જાય છે. ઓછાં નાણાંવાળો માણસ કરકસરથી રહે ને જરૂર હોય ત્યાં જ ખરચ કરે. પણ ધન વધે એટલે માણસો બિનજરૂરી ખર્ચ કરતા થઈ જાય છે. ભોગવિલાસમાં તથા બીજાં એવાં ખર્ચ કરે છે કે જેથી તેને પોતાને તેમ જ તેનાં કુટુંબીને નુકસાન થાય.

તેવું જ રાજાઓનું છે. સત્તા હાથમાં આવે એટલે તેનો ઉપયોગ કરવાની લાલચ થાય. અણસમજુ બાળકના હાથમાં કટાર આવે તો ગમે તેને— માબાપને ય સમજ્યા વગર મારી બેસે. પણ પહેલેથી જો સમજણ હોય કે કટારના ઉપયોગથી શું થાય તો ખોટી જગ્યાએ ઉપયોગ ન કરે. સત્તા શા માટે છે ને કેમ વાપરવી જોઈએ એ સમજાયું ન હોય તો સત્તા હાથમાં આવવા સાથે હુકમ દેવાનું શરૂ થઈ જાય છે. સત્તાધીશ હુકમ સહેલાઈથી કરી શકે. આપ અગર કોઈ પણ રાજા હુકમ કરી શકે; પણ હુકમનું પરિણામ આપણા હાથમાં નથી, પ્રભુના હાથમાં છે. રિવૉલ્વરની ગોળી છોડીએ ત્યારે જેને મારવું હોય તેનું નિશાન લેવું પડે છે. ગમે તેમ આડેધડ ગોળી છોડવાથી બીજાંને, જેને ન મારવું હોય તેને પણ, વાગી જાય. હુકમ કરવા બાબતમાં તો એથી યે વધુ સંભાળવાનું છે.

પ્રજાનું ભલું કરવા માટે રાજા પાસે સત્તા હોય છે, રાજાનો રૂઆબ ચલાવવા માટે નથી. એટલે પ્રજાનું ભલું કરવાની જ દૃષ્ટિ રાજામાં હોવી જોઇએ. આવી દૃષ્ટિથી હુકમ આપ્યા હોય તો યે બધું હુકમ પ્રમાણે જ થાય તેવું નથી. છતાં જે રાજામાં પ્રજાનું ભલું કરવાનું સ્વાભાવિક વલણ હોય તેવા રાજામાં શું સારુ ને શું ખરાબ, તથા અધિકારીઓને પ્રજામાં લોકોને શું લાગશે, એ સહકાર આપશે કે કેમ, તે જોવા-સમજવાની ને છેવટ શું પરિણામ આવી શકે તેનો અંદાજ કાઢવાની શક્તિ ભગવાન આપે જ છે. એટલે હુકમ કરતાં પહેલાં એ વિચારવું જોઈએ. આપણે સત્તા પર આવીએ માટે હુકમ દેવા જ જોઈએ, એવી ફરજ કે નિયમ નથી. લોકોનું કંઈક ભલું થાય તેવું કામ સૂઝે તો તે કરાવવા હુકમ દેવાના હોય. એટલે કંઈક સારુ કરવાના ઈરાદાથી પરિણામ વિચારીને હુકમ આપવો. પણ મેં હુકમ આપ્યો એટલે સારુ થઈ ગયું તેમ માની ફુલાવું નહિ ને પરિણામ ધાર્યું ન આવે, કદાચ ખરાબ આવે તો યે નારાજ કે ગુસ્સે ન થવું. માઠું પરિણામ આવે ત્યારે હુકમ કરવામાં ને તેનો અમલ કરવામાં આપણી ભૂલ ક્યાં થઈ તે ઠંડા મનથી જોઈ કાઢવું ને ફરી ભૂલ ન થાય તે રીતે સારુ પરિણામ લાવવા યત્ન કરવો. આ બાબત બધા અધિકારીઓએ અને ખાસ કરીને રાજાએ જોવી જોઈએ, કારણ કે પ્રજાના હિતમાં જ રાજાનું હિત સમાએલું છે. પ્રજાને સુખી કર્યા વગર કોઈ રાજા સુખી થઈ શકતો નથી.

રાજ્યવહીવટ ને રાજાનું વર્તન સુધર્યા પછી જતાં પહેલાં રાજા તથા વહીવટી કમિટીના સભ્યો જોડેની એક બેઠકમાં પ્રભાશંકરને કશુંક કહેવા વિનંતી કરતાં પ્રભાશંકરે કહ્યું : 'અગાઉ આ રાજ્યની સારી નામના હતી. સંજોગોને કારણે તેમાં આંચ આવી. એ સાંભળી મારા જેવા ઘણા રાજ્યભક્તોને ખેદ થએલો. પણ અહીં આવીને જોતાં તથા આપ સહુને તેમજ પ્રજાના અમુક માણસોને મળતાં એવું દેખાય છે કે ફરી એ યશની સ્થાપના આપ કરી શકશો, એ શક્તિ આપનામાં છે, ને સંયોગો પણ છે. એટલે સારા ભાવિની શ્રદ્ધા લઈને હું જાઉં છું.

પ્રાચીન કાળમાં આ દેશમાં રાજ્ય પ્રજાનું ગણાતું, રાજાનું નહિ. રાજા તો રાજ્યનો રખેવાળ ગણાતો. તે દૃષ્ટિ અત્યારે પણ હોય તો રાજા ને પ્રજા બંને સુખી થાય ને સરકારને હસ્તક્ષેપ કરવા કારણ ન મળે. જ્યાંજ્યાં રાજાઓ પ્રજા તરફની ફરજ ચૂકયા છે ને વગર વિચાર્યે મન ફાવે તેમ વર્ત્યા છે ત્યાં તેની દશા શી થઈ છે તે ઇતિહાસ ઉપરથી આપ જાણતા જ હશો. હું તો રાજાશાહીમાં માનનારો છું ને રામરાજ્ય મારો આદર્શ છે. જ્યાં રાજા તથા તેના સેવકો–અધિકારીઓ પ્રજાના હિત માટે મથે છે ત્યાં સુખ, સંપત્તિ, આબાદી ને પ્રેમનું સામ્રાજ્ય હોય છે. એ સ્વર્ગ કરતાં સારી સ્થિતિ છે. તેથી દેવો પણ એવા રાજ્યમાં જન્મવા ઇચ્છે છે, એમ મહાભારતમાં વ્યાસ કહે છે. મારે ફરી અહીં આવવાનું થાય ત્યારે એવું રાજ્ય જોવા મળે તેવી હું પ્રાર્થના કરું છું.'

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૪૬

આંજણી

આંખની પાંપણ ઉપર ઝીણી નાની ફોડલી થાય છે તેને આંજણી (અંજનનામિકા) કહે છે. આંજણી હોય છે નાની, પણ ભારે દુખાવો કરી ચેનથી રહેવા દેતી નથી.

ઉપચારો

૧) ચંદ્રોદય-વર્તિને તાંબાના વાસણ ઉપર પાણીમાં ઘસીને આંજવું. ૨) બજારમાં રસવંતી મળે છે તેને પાણીમાં ઘસી આંખમાં ટીપાં નાખવાં અને આંજણી ઉપર જાડો લેપ કરવો. ૩) લવીંગને ઘસીને આંજણી ઉપર લગાડવું. ૪) સિંદુર આંજણી ઉપર દબાવવાથી પણ આંજણી બેસી જાય છે. ૫) સૂંઠ કે હરડેને ઘસીને તેનો ઘસારો પણ લગાવી શકાય. ૬) આમલીના કચૂકાને ઘસીને તેનો લેપ લગાવવો. ૭) ત્રિફલા ચૂર્ણને પાણીમાં પલાળી, ગાળી તેનું પાણી આંખે છાંટતા રહેવું. ૮) ફટકડીને ગુલાબજળમાં ઓગાળી તેનાં ટીપાં આંખમાં નાખવાં. ૯) રાત્રે હરડે કે ત્રિફલા ચૂર્ણનો હળવો રેચ લેવો. ૧૦) પથ્યાદિ ક્વાથ, ત્રિફલા ઘૃત, સપ્તામૃત લોહ પણ આંજણીના ઔષધપ્રયોગો છે. ૧૧) ઠંડા પાણીથી આંખો વારંવાર ધોવી. ૧૨) દહીં, છાશ, તલ, ટામેટાં, ગોળ, કેળાં, શીંગ, મિષ્ટાન્ન અને ફરસાણ ન ખાવાં. આમળાં, દૂધ, ઘી, દ્રાક્ષ, તાંદળજો, પરવળ, મગ, સરગવો વગેરે ખાઈ શકાય. ડોડી (જીવંતી)નું શાક કે સૂપ પણ ઉત્તમ છે.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

રાજ્યની સેવા બદલ દસ હજાર રૂપિયાનો ચેક વહીવટી કમિટીના સભ્યોએ આપવા માંડયો ત્યારે પ્રભાશંકરે તે ન સ્વીકાર્યો. તેમને કહેવામાં આવ્યું કે આટલી રકમ આપવાનું દિલ્હીથી લખાઈ આવ્યું છે તે ઉપરાંત પણ રકમ જોઇતી હોય તો દેવા રાજી છીએ. ત્યારે પ્રભાશંકરે કહ્યું: 'રાજ્ય હાલ ખેંચમાં છે. આપ સહુ તેને ઊંચે લાવવા અંગત લાભ જતા કરીને કામ કરતા હો તેમાં સહાય રૂપ થવા મને પણ તક આપો. સારી સ્થિતિ થશે ત્યારે લઈશ.'

ત્યાંથી અઠવાડિયા માટે ભાવનગર આવી તે રાજ્યનો અહેવાલ આપવા પ્રભાશંકર દિલ્હી ગયા. વાઈસરૉયે પ્રભાશંકરના કાર્યની સારી તારીફ કરીને છેવટ મહેનતાણું ન લેવા પાછળનું કારણ જાણવા માગ્યું ત્યારે પ્રભાશંકરે કહ્યું: 'દેશી રાજ્યોની આર્થિક હાલત અમસ્તી યે કફોડી હોય છે. તેમાં હાલ તો ઘણી કફોડી છે. હું તો એમ માનવાવાળો છું કે સર્વોપરિ સત્તા રૂપે સરકાર દેશી રાજ્યનો વહીવટ સુધારવા જાય એ માબાપ બાળકોનું કામ કરે તેના જેવું છે. એ ખર્ચ સરકાર પોતે ઉપાડે તો સરકાર માટે ઘણી સારી છાપ પડે. તેને બદલે કફોડી હાલતવાળાં દેશી રાજ્યો પાસેથી સરકાર ખર્ચ લે ને તે રકમ પોતે ઠરાવે, આથી શિરસ્તો સારો પડવા સંભવ નથી. એ ઘસાતા રાજ્યને લૂટવા જેવું લાગે. મારે એવું મહેનતાણું જોઇતું નથી. આંબો ફાલે ને વધારે ફળ ઊતરે ત્યારે કેરી આપે એ લેતાં આનંદ આવે, તેવો હું છું. માંદી દૂબળી ગાયને દોહી પીવામાં મને રસ નથી.'

આ વાત પોતાના પુત્ર અનંતરાયને સમજાવતાં પ્રભાશંકરે કહેલું કે 'એ મહેનતાણું એટલા માટે જતું કર્યું કે તેથી એ રાજ્યના રાજા તથા અધિકારીઓને કરકસર માટે તથા સ્વાર્થત્યાગ માટે કંઈક સમજ આવે અને સરકારની પણ દાનત નબળાં રાજ્યોને લૂંટી ખાવાની વધી છે તેને પણ ખબર પડે કે એના અયોગ્ય વર્તનને કોક જોનાર-સમજનાર છે. મેં ધર્મ સમજી જતું કર્યું છે. એ લોકો વર્તન સુધારે તેવી સદ્બુદ્ધિ પ્રભુ આપે.'

ઈ. સ. ૧૯૩૧માં કૃષ્ણકુમારસિંહજી ગાદીએ આવતાં પ્રભાશંકર ભાવનગરના ઍડમિનિસ્ટ્રેટરના હોદ્દા પરથી નિવૃત્ત થયા. મહારાજાની ઇચ્છાથી તેમના સલાહકાર રહ્યા, પણ પગારદાર ન હતા. આથી આવક ઘટી ગઈ. પેન્શન મળતું, પણ તે ઘણું ઓછું પડતું. રાજ્ય પાસેથી તથા બીજેથી ઉછીનાં નાણાં લેવાં પડતાં. પોતે દીનબન્ધુ ઍન્ડ્ર્યુઝને શાંતિનિકેતન માટે રૂ. પાંચ હજાર આપવા વચન આપેલું તે રકમ તેમણે દર મહિને હજાર હજાર મોકલી પૂરી કરી. દાતા તરીકે તેમની નામના વધી હોવાથી માગવા આવનાર ઘણા વધી ગયા હતા. તેમાં થોડા ધનિકો તથા તકવાદીઓ પણ હતા. તેમને પણ દેતા. કોઇને ના કહી ન શકતા. પણ મર્યાદિત આવકમાં પોતાની પાસે ન આવી શકનાર ખરેખરી જરૂરિયાતવાળાને પોતે શોધીને આપી શકતા નથી તેનું તેમને ઘણું દુઃખ થતું.

'ગરીબ આ દેશની વસ્તી, કરોડો જ્યાં ભૂખે મરતા,
ધનિક ત્યાં માગવા આવે, મને તે દુઃખ થાયે છે.'

એમ નોંધનાર પ્રભાશંકરની ગાંધીજી સાથેની મૈત્રી જાહેર હતી. એટલે કૉંગ્રેસનાં જુદાંજુદાં કાર્યો નીચેનાં ફંડો ઉઘરાવવા અનેક કાર્યકરો વિના સંકોચે પ્રભાશંકર પાસે અપેક્ષા રાખી આવીને લઈ જતા. એક વખત પ્રભાશંકરે ગાંધીજીને પત્ર લખ્યો:

પૂજ્ય મહાત્માશ્રી,

મારી થેલી માટે આપે લખ્યું છે. ભાવનગર થેલી લઈ જાય છે ને ફરી ફરીને માગે છે ને મેળવે છે. કાઠિયાવાડ થેલીમાં હાથ નાખે તે જુદો. હિંદનાં જુદાંજુદાં ફંડો માગે તે જુદું. એમ હવે થેલીને થાક લાગે છે; કેમ કે બીજાં રાજ્યોના મિનિસ્ટરોની પેઠે આત્મા વેચીને નાણાં ભેળાં કર્યાં નથી. છતાં આપની ઇચ્છા હોય ત્યાં ના કેમ પાડી શકું?

લિ. આજ્ઞાંકિત
પ્રભાશંકરના ઘટિત

અને આમ લખ્યા છતાં તેમણે બમણી રકમ મોકલી.

પોતે આપી શકે એટલી આવક રહી ન હતી ને માથે કરજ હતું. કરજની ફિકર તેમને ક્યારેક થતી. પણ કુટુંબના માણસો કે સંબંધીઓ દેવામાં અમુક હદ રાખવાનું સૂચવતા ત્યારે એમને થતું દુઃખ એ મૂંગા થઈ જતા તેમાં વ્યક્ત થતું.

પ્રભાશંકર દિલ્હી હતા. જે કામ સરકાર સાથે ચાલતું'તું તેમાં બે દિવસ નિષ્પ્રવૃત્ત પાળવા પડે તેમ હતા. એટલે એ દરમિયાન પંડિત મદનમોહન માલવીયજીને મળવા પ્રભાશંકર વારાણસી ગયા. સાથેના સેક્રેટરી હરિપ્રસાદ ભ. ભટ્ટને થયું કે પટ્ટણીજી પોતાના મિત્ર માલવીયજીને આપ્યા વગર રેશે નહિ. એ ન દઈ શકે તેમ કરવાના ઈરાદાથી દિલ્હીથી નીકળતી વખતે ચેકબુક પોતાની અંગત બૅગને તળિયે મૂકી બેગને તાળું માર્યું અને પ્રભાશંકરને વિનંતી કરી, 'આપ જો રજા આપો તો હું સ્ટેશનેથી જ કાશી વિશ્વનાથનાં દર્શને તથા સંતોને મળવા નીકળી જાઉં. જવા વખતે સીધો સ્ટેશને આવી જઈશ.'

પ્રભાશંકરે હા કહી એટલે જેવી ટ્રેઈન પ્લૅટફૉર્મ પર આવીને ધીમી પડી કે હરિપ્રસાદ ચાલુ ટ્રેઈને ઊતરી ચાલતા થયા. સામે આવેલા માલવીયજીને નમસ્કાર કરવા જેટલું યે ખોટી ન થયા ને ઝડપથી નીકળી ગયા, ને સાંજે ટ્રેઈન ઊપડતી વખતે પાછા આવી, છેવાડાના ડબામાં, પોતે નજરે ન પડે તેમ ચડી ગયા. માલવીયજી પ્રભાશંકરને વળાવી ગયા. ટ્રેઈન ઊપડી. પોતે કંઈક ઠીક કરી લીધું છે, એમ હરિપ્રસાદે માન્યું.

બીજે સ્ટેશને એ પ્રભાશંકર પાસે સલૂનમાં ગયા. પછી બંને સાથે જમ્યા. વિગતથી ઘણી વાતો થઈ. દોઢેક કલાક પછી હરિપ્રસાદે રજા લીધી ત્યારે પ્રભાશંકરે કહ્યું: 'હરિપ્રસાદ, હવે હું વૃદ્ધ થયો એટલે ભૂલી યે જાઉં. માટે અત્યારે જ કહી દઉં છું. ચેકબુકમાં છેલ્લા ફાટેલા ચેકના કાઉન્ટરમાં આજની તારીખે બનારસ હિંદુ યુનિવર્સિટીને રૂપિયા પાંચ હજાર આપ્યા તેમ લખી નાખજો.'

હરિપ્રસાદે કહ્યું: 'જી. ચેકબુક મેળવતાં તકલીફ થઈ હશે. હું દિલગીર છું. એ મેં મારી બૅગમાં મૂકેલી.' પોતાની દાઢીએ હાથ ફેરવતાં હસીને પ્રભાશંકરે કહ્યું: 'મને કંઈ તકલીફ પડી નથી. તારું મન વાંચી લીધેલું, એટલે દિલ્હીમાં જ ચેકો કાઢતી વખતે કોરા ચેકનું પાનું લઈ લીધેલું.'

હરિપ્રસાદે કહ્યું: 'માફ કરો તો અરજ કરું. માલવીયજીને આખા હિંદમાંથી ફાળો મળે છે. ખેંચને વખતે પણ આપે આવડી રકમ કેમ આપી?'

પ્રભાશંકરે કહ્યું: 'જાણું છું કે કરકસર કરું તો સહુને ગમે. પણ મને કોક દેતાં રોકે, ન દેવાની સલાહ દે, ત્યારે મારાથી વધારે દેવાઈ જાય છે. અને હવે એમ થાય છે કે હું હવે કેટલા દિ'? આપી દેવા દે. એમાં જ ટાઢક વળે છે ભાઈ!'

આ પ્રસંગોની વિગતોમાંથી પ્રભાશંકરના જે ભાવ ને રીતિ દેખાય છે તે તેમની એક પદ્યરચનામાં મસ્તીભરી રીતે તરવરી ઊઠે છે:

'ખરચતાં આપતાં દેતાં, સુખોમાં રાખતાં રે'તાં;
કદી ધનમાલ ખર્ચાઇ ભલેને જાય તો જાઓ.
ગરીબનાં દુઃખમાં રોતાં, અવરનાં પાપને ધોતાં,
અમૂલો દેહ પોતાનો પડી જો જાય તો જાઓ.
ગરીબની વ્હારમાં ધાતાં, જળે સચ્ચાઇને ન્હાતાં,
કદી ઘરબાર લૂટાઈ અમારાં જાય તો જાઓ.
અમારી ટેકને ગાતાં, બતાવેલે પથે જાતાં,
પ્રભુ યે ખાસ રીસાઈ ભલેને જાય તો જાઓ.
પ્રભુની જ્યાં નથી પરવા, બીજાની હોય શું કરવા?
હવે ક્યાં દેહ છે ધરવા ? પડી આ જાય તો જાઓ.' □

અનુસંધાન] **વિજય** [પૃષ્ઠ ૩૧૧થી

કોઈ પુસ્તક વાંચતો હોય! એક દિવસ તો મેં એની ઓરડીમાં નજર કરી: ગોખલામાંની પેલી છબીઓ ગાયબ? મેં પૂછ્યું: 'ક્યાં ગઈ'. ત્યારે એણે જવાબ આપ્યો: 'એ તો ગઈ એમના મૂળ સ્થાને, ટ્રંકમાં'. હું હસી પડ્યો—કોઈ વિજયીની અદાથી.

ધોંહુમાં હવે પરિવર્તન આવી ગયું હતું. એ મારી બૌદ્ધિક વાતોમાં રસ લેતો થઈ ગયો હતો. મને પણ એમાં એક અંધશ્રદ્ધાળુને સુધાર્યાનો આનંદ-સંતોષ હતો. એનો બૌદ્ધિક વિકાસ થાય એમાં મને વધુ ને વધુ રસ પડતો જતો હતો. આથી જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે હું એનો સંપર્ક સાધતો.

આજે સવારે હું જરા વહેલો ઊઠી ગયો હતો. ધોંહુની ઓરડીમાં બત્તી સળગતી હતી. થયું: લાવ જોઉં તો ખરો કે એ શું વાંચે છે? શી પ્રવૃત્તિ કરે છે? હું ત્યાં ગયો. હળવેક રહીને બારણું ખોલ્યું. ને મારાથી પુછાઈ ગયું: 'ધોંહુ! આ શું?'

'શેઠ, આ જ ગણપતિ-ચોથ છે ને?'

'હા, તે છે. એમાં ફરી પાછો તું આ રવાડે ક્યાંથી ચડ્યો?'

'શેઠ, છે ને...' એ ગળચવાં ગળતો હતો.


'શું છે ને...છે ને...કર્યા કરે છે?' મેં પોરસાવ્યો.

'શેઠ, છે ને...જે દિવસથી તમારી વાતો સાંભળી અને બધી છબીઓને ટ્રંકમાં ઘાલી દીધી ત્યારથી કોણ જાણે એમ જ લાગ્યા કર્યું છે કે જાણે હું મરી રહ્યો છું. મારું તો આ જીવન છે, શેઠ.' આટલું બોલી ગણપતિની છબી સામે એ ગાવા મંડી પડ્યો:

સુખકર્તા દુઃખહર્તા વાર્તા વિઘ્નાચી
નુરવી કુરવી કૃપા જયોચી...'

બધી જ છબીઓ ફરી પાછી એ ગોખલામાં ગોઠવાઈ ગઈ હતી. એ તરફ એક નજર નાખી હું કશું બોલ્યા વગર પાછો ફરી ગયો—હારેલા યોદ્ધાની જેમ.

હવે તમે પૂછશો નહિ કે મારો કયો ભ્રમ ભાંગી ગયો. □



ચન્દ્ર

લેખક • ડૉ. યશવંત ગુ. નાયક

પૃથ્વીનો સૌથી નજીકનો અવકાશી પિંડ. કદ પૃથ્વીના ૧/૪૯ જેટલું. વ્યાસ ૨૧૬૦ માઈલ. પૃથ્વીથી અંતર: મહત્તમ ૨,૫૪,૦૦૦ મા., લઘુતમ ૨,૨૦,૦૦૦ મા. દ્રવ્યમાન પૃથ્વીથી ૮૩·૩મા ભાગ જેટલું (૭·૩૫×૧૦^{૨૨} કિ. ગ્રા.) આકાર પૃથ્વીથી દૂરની બાજુએ થોડો ઊપસેલો લંબગોળાકાર. પૃથ્વીની આસપાસનો ભ્રમણકાળ ૨૭·૩ દિવસ. ઉષ્ણતામાન દિવસે ૨૬૧°F., રાતે–૨૪૩°F. સપાટી ખડકો અને ધૂળવાળી વેરાન અને એવરેસ્ટથી યે ઊંચાં પર્વતશિખરો તથા માઈલોના મોટા વ્યાસવાળાં ને હજારો ફૂટ ઊંડાં ૩૦,૦૦૦ જેટલાં જ્વાળામુખોવાળી. વાતાવરણ જળ અને હવા વિનાનું, શૂન્યાવકાશ.

અનાદિ કાળથી ચંદ્ર મનુષ્યનાં આકર્ષણ અને કુતૂહલનો વિષય રહ્યો છે. અનેક દેશોમાં એ દેવ તરીકે પણ પૂજાયો છે. આપણે ત્યાં પણ આવી માન્યતા છે. બધા આકાશી પદાર્થોમાં ચંદ્ર સૌથી નજીકનો પદાર્થ છે. ચંદ્રની કળા, પૃથ્વીની આસપાસનું એનું ભ્રમણ અને ચાંદનીનું આબાલ વૃદ્ધ સૌને અનેરું આકર્ષણ, કલા ને સાહિત્યમાં સર્વત્ર એને મળેલું મહત્ત્વનું સ્થાન વગેરે અનેક રીતે આપણે એનાથી સદીઓથી પ્રભાવિત રહ્યા છીએ.

કાળગણના માટે ચંદ્ર એક આધારભૂત સાધન છે. એના ૨૭⅓ દિવસના ભ્રમણકાળ પરથી પંચાંગો રચાયાં છે. આપણાં પંચાંગો પણ ચંદ્ર-આધારિત છે, પરંતુ સૌર વર્ષ સાથે તેનો મેળ તિથિઓના ક્ષય, અધિક માસ વગેરે દ્વારા પાડી દીધો છે. જ્યોતિષમાં ચંદ્રનું મહત્ત્વ ઘણું છે. પૃથ્વી ઉપર સમુદ્રોમાં થતાં ભરતી-ઓટ મુખ્યત્વે ચંદ્રને આભારી છે. સૂર્ય દૂર હોવાથી એની અસર પ્રમાણમાં ઓછી હોય છે. હવે તો કેટલાક અમેરિકનો અનેક વાર છેક ચંદ્રની ધરતી ઉપર પગલાં માંડી આવ્યા છે અને ત્યાંની ભૂમિ પરના અનેક અનેક નમૂના પણ પૃથ્વી પર લઈ આવ્યા છે. આ બધા અનુભવો ઉપરથી ખગોળશાસ્ત્રીઓએ ચંદ્ર વિષે અગાઉ કરેલી આગાહીઓમાંની ઘણીખરી સાચી પડી છે, અને આજે એ બાબત નિશ્ચિત થઈ ગઈ છે કે ચંદ્ર એ હવા પાણી અને સજીવ સૃષ્ટિ વિનાનો માત્ર એક નિશ્ચેતન જડ પદાર્થ છે. અનાદિ કાળથી એના ઉપર કોઈ પ્રકારના ફેરફારો થયા નથી–સિવાય કે કોઈ ખરતા તારાના સંઘાતથી થતા નાનામોટા ઉત્પાત. આવા આ પૃથ્વીના ઉપગ્રહ વિષે માનવીએ હવે અનેક અવનવી માહિતી મેળવી છે ને કેટલીક સમસ્યાઓ ઉકેલી છે. એમાંની મહત્ત્વની બાબતોની ટૂંકી માહિતી આ લેખમાં જોઈએ.

પૃથ્વી અને ચંદ્રની રચના

ચંદ્રની ભૂમિ અને ભીતરની રચના ઘણા અંશે પૃથ્વીને મળતી આવે છે. પૃથ્વીની પેઠે ચંદ્ર પણ ઉષ્ણ વાયુરૂપ અવસ્થામાંથી હાલની પરિસ્થિતિએ આવ્યો છે. પૃથ્વી ઉપર ભૂતકાળમાં થએલા જ્વાળામુખીના ઉત્પાતો જેવી હલચલ ચંદ્ર ઉપર પણ લાંબા કાળ સુધી ચાલુ રહી હતી, પરંતુ હવે તે તદ્દન બંધ થઈ ગઈ છે. પૃથ્વી ઉપર થોડે અંશે તે ચાલુ છે. પૃથ્વીના ગોળાની રચનામાં જેમ નાભિવિસ્તારમાં અત્યંત ઉષ્ણ પદાર્થ છે તેમ ચંદ્રમાં પણ છે. નાભિની ફરતે ઉષ્ણ દ્રવ્યનું ઘન આવરણ જેમ પૃથ્વીમાં છે તેવું જ ચંદ્રના નાભિની ફરતે પણ છે; પરંતુ પ્રમાણમાં તે ઘણું મંદ છે. પૃથ્વીની સપાટી ઉપરના ભૂમિતળમાં કઠણ જમીનનો પોપડો (સ્થળાવરણ), સમુદ્રોનું જલાવરણ અને હવાનો વિસ્તૃત પટ (વાતાવરણ) છે, પરંતુ ચંદ્ર ઉપર પૃથ્વીના સ્થળાવરણ કરતાં પ્રમાણમાં જાડું માત્ર એક જ પડ છે અને તે તેની ભૂમિનું.

ચંદ્ર ઉપર પાણી નથી, છતાં તેના મોટા વિસ્તારોને સમુદ્રોનાં નામ આપેલાં છે: હ્યુમોરિયમ (ભેજ-સમુદ્ર), ઈમ્બ્રિયમ (વર્ષા-સમુદ્ર) અને ન્યુબિયમ (વાદળ–સમુદ્ર). ચંદ્ર ઉપર મુક્ત અવસ્થામાં ઑક્સિજન નથી. કવચિત્ સૂક્ષ્મ પ્રમાણમાં માલૂમ પડે તે અવકાશમાંથી ધૂમકેતુ કે ખરતા તારામાંથી આવેલા ભેજને કારણે હોઈ શકે તેમ લાગે છે.

અત્યંત તરલ પ્રમાણમાં આર્ગન, નિયોન ને હીલિયમ વાયુઓના પરમાણુનું અસ્તિત્વ ત્યાં જણાયું છે ને તે સૂર્યમાંથી આવતા સૌર પવનમાંથી આવ્યાનું મનાય છે. આ વાયુઓ પણ એટલા સૂક્ષ્મ પ્રમાણમાં છે કે એક ઘન સેન્ટિમીટરમાં સમાએલા બધા વાયુના અણુઓને હારબંધ મૂકીએ તો તે ટાંકણીની અણી ઉપર સમાઈ જાય; જ્યારે પૃથ્વીની હવાના અણુઓને એ રીતે ગોઠવીએ તો તેમની હાર ચંદ્ર ઉપર પહોંચી પાછી પૃથ્વી ઉપર આવે તે કરતાં યે પણ વધુ લાંબી થાય.

ચંદ્રનું બંધારણ

ચંદ્રમાંથી આણેલા ખડકો તથા ધૂળના નમૂનાઓનાં કરેલાં વૈજ્ઞાનિક અન્વેષણો પરથી જણાયું છે કે ચંદ્રમાં રહેલાં રાસાયણિક તત્ત્વો પૃથ્વીનાં તત્ત્વોના જેવાં જ છે, પરંતુ તેનાં પ્રમાણ પૃથ્વીના પડમાં રહેલાં પ્રમાણોથી તદ્દન ભિન્ન છે. ચંદ્રની ભૂમિમાં કૅલ્શ્યમ અને ટાઈટેનિયમ જેવાં ઉચ્ચ ઉષ્ણતામાને પીગળનારાં તત્ત્વોનું પ્રમાણ ઘણું વધારે છે. સોડિયમ અને સીસા જેવા ઝટ પીગળે તેવા પદાર્થોનું પ્રમાણ ઘણું ઓછું છે.

પૃથ્વીની સપાટી ઉપર જે કાર્બન તત્ત્વનું પ્રભુત્વ છે અને જે દરેક જાતના સજીવ પદાર્થોનું અંગ છે તે ચંદ્ર ઉપર અત્યંત સૂક્ષ્મ પ્રમાણમાં છે. જે જૂજ પ્રમાણમાં તે મળે છે એ પણ કદાચ સૂર્યમાંથી ઉત્સાર પામતા વાયુઓના પ્રવાહમાંથી આવ્યું હશે તેમ મનાય છે. પૃથ્વીની ભીતરમાં લોખંડનું પ્રમાણ સૌથી વધુ છે અને સપાટી ઉપર પ્રમાણમાં ઓછું છે, જ્યારે ચંદ્રની અંદર લોખંડનું કુલ પ્રમાણ ઓછું પરંતુ સપાટી ઉપર તે વધુ માત્રામાં જણાયું છે.

ચંદ્રની સપાટી ઉપર લાવારસમાંથી પેદા થએલા આગ્નેય ખડકોનું પ્રમાણ વધુ છે, પરંતુ કોઈ કીમતી ધાતુના ખડકો મળી આવ્યા નથી.

ચંદ્રનું ઉષ્ણતામાન

એક કાળે ચંદ્રની સપાટીનું દ્રવ્ય અતિ ઉષ્ણ અને પીગળેલી (પ્ર-

વાહી કે વાયુરૂપ) સ્થિતિમાં હશે તેવું સ્પષ્ટ લાગે છે. ચંદ્રની હાલની સપાટી તેની ભીતરમાં રહેલી ગરમીનો ખયાલ આપતી નથી, કારણ કે અત્યારે તે સપાટી ઉપર કોઈ જ્વાળામુખીઓમાંથી ગરમ પદાર્થોનો કે લાવારસનો ઉત્સાર થતો નથી. ચંદ્રના બપોરના સમયે ત્યાંનું ઉષ્ણુતામાન ૨૩૦° ફે. જેટલું અને રાતે ૨૯૦° ફે. જેટલું થાય છે અને સપાટી ઉપરના ઉષ્ણુતામાનના આ ફેરફારો પણ સપાટીની ત્રણ ફૂટની ઊંડાઈ સુધી જ જાણવા મળે છે. આથી વધુ ઊંડાણે ક્રમશઃ ઉષ્ણુતામાનમાં વધારો થાય છે અને તે બતાવે છે કે હજી ચંદ્રનો અંદરનો ભાગ ઘણો ઉષ્ણ છે. કૃત્રિમ ધરતીકંપ સરજી 'સિસ્મોગ્રાફ' નામના સાધન દ્વારા એના આંચકા નોંધી કરેલા પ્રયોગ પરથી સાબિત થયું છે કે ચંદ્રની ૩૫ માઈલ નીચે તેનું બંધારણ એકસરખા દ્રવ્યનું અને પ્રમાણમાં ઘણું ઉષ્ણ છે અને ચંદ્રનો નાભિનો ભાગ હજી લાવારસની પેઠે અત્યંત ઉષ્ણ પરિસ્થિતિમાં છે, જેનું ઉષ્ણુતામાન ૨૯૦૦° જેટલું હોવાનું મનાય છે.

પૃથ્વીના સમગ્ર દ્રવ્યની ઘનતા ઉપરથી જણાયું છે કે એમાં લોખંડનું દ્રવ્ય મુખ્યત્વે છે અને તે અંદરના ગરમ પદાર્થોમાં રહેલું છે. ચંદ્રની ઘનતા પૃથ્વીના કરતાં ૩/૫ જેટલી જ છે, એટલે ચંદ્રની ભીતરમાં લોખંડ હશે તો પણ પ્રમાણમાં ઘણું ઓછું હશે. આથી ચંદ્ર ઉપર લોહચુંબકીય ક્ષેત્ર નથી. ત્યાં ચુંબક–સોય મૂકીએ તો એ ગમે તે દિશામાં સ્થિર રહેશે, એટલે કે પૃથ્વી પેઠે ત્યાં ઉત્તર-દક્ષિણ જેવા ચુંબકીય ધ્રુવ નથી.

ચંદ્રનો આકાર

ચંદ્રનું ભૌમિતિક કેન્દ્ર અને દ્રવ્યનું ગુરુત્વકેન્દ્ર એક નથી. એનું ગુરુત્વ કેન્દ્ર ભૌમિતિક કેન્દ્રથી પૃથ્વી તરફના ભાગમાં રહેલું છે. આનું કારણ એ મનાય છે કે ચંદ્ર ઉપરનો ભૂમિનો પોપડો, જે પ્રમાણમાં અંદરના દ્રવ્ય કરતાં ઓછી ઘનતાવાળો છે તે, પૃથ્વી તરફની બાજુ ઉપર પાતળો છે અને આશરે ૩૫ માઈલ જાડાઈનો છે જ્યારે પૃથ્વીથી વિરુદ્ધ દિશાના ભાગનો પોપડો પ્રમાણમાં વધુ જાડાઈનો હોવાથી ગુરુત્વકેન્દ્ર પૃથ્વી તરફ ખસેલું હશે. વળી તેની પૃથ્વી તરફની અને તેની સામેની સપાટીઓમાં પણ ઘણી ભિન્નતા માલૂમ પડે છે. પૂર્ણ ચંદ્રને દિવસે ચંદ્રની સપાટી જોઈએ તો તેમાં નાનાંમોટાં અનેક જ્વાળામુખો ઉપરાંત વિશાળ સપાટ ક્ષેત્રો પણ જોવા મળે છે.

ચંદ્રની પાછળની સપાટી આપણને કદી જોવા મળતી નથી, કારણ કે ચંદ્ર હમેશાં એક જ બાજુની સપાટી આપણી બાજુ રહે તે પ્રમાણે ચક્રગતિ કરે છે. આ બાજુ ઉપર મોટે ભાગે સપાટ પ્રદેશો જ દેખાય છે. સામી બાજુ જેવાં મોટાં જ્વાળામુખો ત્યાં માલૂમ પડતાં નથી. આથી પણ એવું અનુમાન થાય છે કે પાછળના ભાગના ઉપલા પડની વધુ જાડાઈને લીધે પુરાતન કાળમાં જે જ્વાળામુખીઓ ફાટ્યા હશે તે મુખ્યત્વે પૃથ્વી તરફના પાતળા ભૂમિ પડમાંથી જ ફાટી નીકળ્યા હશે.

ચંદ્રની ઉત્પત્તિ

ચંદ્રની ઉત્પત્તિ વિષે આજ સુધી ત્રણ મુખ્ય વાદ ચાલતા આવ્યા છે. એક 'વિખંડનવાદ' મુજબ ચંદ્ર એ પૃથ્વીના ખંડમાંથી એક કાળે છૂટો પડેલો એક ટુકડો છે. પૅસિફિક સમુદ્રના ગર્તનો ભાગ પુરાતન કાળમાં ચંદ્રનો બનેલો હતો. બીજા વાદ મુજબ પૃથ્વી અને ચંદ્ર એકીસાથે જોડિયા પદાર્થ તરીકે એક જ પ્રકારના વાયુરૂપ દ્રવ્યમાંથી પેદા થએલા હતા અને ત્યારથી જ નાનો ભાગ ચંદ્ર રૂપે પૃથ્વીની પ્રદક્ષિણા કરતો રહ્યો છે. ત્રીજો વાદ એવો છે કે ચંદ્ર સૂર્યમંડળના દૂરના ભાગમાં સ્વતંત્ર રીતે પેદા થયો હશે અને તેના સૂર્યની આસપાસના ભ્રમણમાં પૃથ્વીના ગુરુત્વબળે એ પૃથ્વીની તરફ આકર્ષાઈ આવ્યો હશે.

ચંદ્રના બંધારણમાં રહેલાં તત્ત્વો અને પૃથ્વીની સરખામણીમાં તેમનાં બહુ જ જુદાં પડતાં પ્રમાણ ઉપરથી પહેલા બે વાદો સ્વીકારી શકાય તેમ નથી. ત્રીજો વાદ સ્વીકારવામાં પણ કેટલીક સૈદ્ધાંતિક મુશ્કેલીઓ રહેલી છે. કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના જાણીતા વૈજ્ઞાનિક પ્રોફેસર જ્યૉર્જ વેધરહિલનો મત છે કે કોઈ પ્રકારના પ્રગ્રહણનો ત્રીજો વાદ વધુ સાચો લાગે છે. પરંતુ તે ત્રણે વાદ લઈએ તો પ્રથમ બે વાદોને ૧૦ ટકાની શક્યતા લેખાય અને આ પ્રગ્રહણવાદની શક્યતા ૨૦ ટકા લેખી શકાય. બીજી ૬૦ ટકાની શક્યતા હજી આપણે જાણતા નથી તેવી કોઈક ઘટનાને આધારે ચંદ્ર પૃથ્વી સાથે સંલગ્ન થયો છે એમ ગણી શકાય.'

ચંદ્રનો ઇતિહાસ

ચંદ્રનું વય કેટલું હશે? પૃથ્વીની આસપાસ ઉપગ્રહ તરીકે એ કેટલા સમય પહેલાં જોડાયો હશે? એની ઉત્ક્રાંતિનો ક્રમ કેવો રહ્યો હશે?– વગેરે પ્રશ્નોનો અભ્યાસ હાલ ચંદ્ર ઉપરથી આવેલા નમૂનાઓનાં વિવિધ પ્રકારનાં વૈજ્ઞાનિક અન્વેષણો દ્વારા થઈ રહ્યો છે. આ અભ્યાસને માટે કૅલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નૉલૉજીમાં એક વિશિષ્ટ પ્રયોગશાળા સ્થપાઈ છે અને તેનું નામ 'લ્યુનૅટિક એસાયલમ' (ગાંડાની ઑસ્પિટલ) આપેલું છે. લ્યુનૅટિકનો ખરો અર્થ ચંદ્ર સંબંધી થાય છે, પરંતુ વ્યવહારમાં એનો અર્થ ગાંડપણ થાય છે. આ પ્રયોગશાળાનું સંચાલન પ્રોફેસર જિરાલ્ડ જે. વૉશરબર્ગ નામના વૈજ્ઞાનિક કરે છે.

આ પ્રયોગશાળામાં, ઇસ્પિતાલના શસ્ત્રક્રિયા કરવાના ઓરડા જેવા એક ખાસ ખંડમાં ચંદ્રના ખડકો ને બીજાં દ્રવ્ય રાખેલાં છે. એમાં દાખલ થનાર વ્યક્તિને સંપૂર્ણ રીતે જીવાણુમુક્ત પોશાક પહેરવો પડે છે. ઓરડામાં જીવાણુમુક્ત હવાનો પ્રવાહ વાતાનુકૂલ રીતે રાખવામાં આવે છે. વળી, જ્યાં પ્રયોગ ચાલતો હોય તે ઓરડામાં અન્ય કોઈને દાખલ કરવામાં આવતા નથી પરંતુ કાચની મોટી દીવાલમાંથી જ એણે જોવું પડે છે. આ પ્રકારની કાળજી રાખવાનું કારણ એ છે કે ચંદ્ર ઉપરના નમૂનાને પૃથ્વી ઉપરનો કોઈ પણ સજીવ પાસ કે હવામાંની રજ ન લાગે.

આ ખડકોના વયનું માપ રેડિયો ઍક્ટિવિટીના ગુણ ઉપરથી કાઢવામાં આવે છે. એક લાકડાનો ટુકડો બળતો હોય અને આપણે તેને બળવાના દર અને તેમાંથી ભેગી થએલી રાખના માપ ઉપરથી એ ટુકડો ક્યારથી બળવા લાગ્યો છે તે જેમ જાણી શકીએ તેવી જ રીતે રેડિયો ઍક્ટિવ (કિરણોત્સારી) પદાર્થ પેદા થયા પછી કેટલા દરે ક્ષીણ થાય છે અને તેમાંથી કેટલો અવશેષ પદાર્થ પેદા થયો છે તેનું માપ કાઢવાથી એ પદાર્થ ક્યારે પેદા થયો હશે તેનું માપ નીકળે છે.

આવી રીતે કાઢેલા માપ ઉપરથી જણાયું છે કે ચંદ્ર ઉપરના સૌથી નાની વયના ખડકો ૩૧૬ કરોડ વર્ષ જૂના છે. સૌથી જૂના ખડકોનું વય ૪૦૦ કરોડ વર્ષ માલૂમ પડ્યું છે. કેટલીક બીજી પ્રયોગશાળાઓએ પણ આ ખડકો ઉપર સંશોધન કર્યાં છે ને તેમાં પણ ૪૦૦ થી ૪૩૦ કરોડ વર્ષનું વય માલૂમ પડ્યું છે. આથી એવું મનાય છે કે ચંદ્રનો જન્મ ૪૬૦ કરોડ વર્ષ ઉપર થયો હશે. પૃથ્વીનું વય પણ આશરે એટલું જ અંકાય છે. પૃથ્વી, ચંદ્ર ને સૂર્યના ગ્રહમંડળના જન્મનો ટૂંક ઇતિહાસ નીચે મુજબ આપી શકાય:

(૧) ૪૬૦ કરોડ વર્ષ પહેલાં બધા ગ્રહો અને સૂર્યનું દ્રવ્ય એક વાદળ રૂપ અથવા નિહારિકા જેવું હતું.

(૨) આ દ્રવ્ય વિભક્ત થઈ સૂર્ય અને ગ્રહોના સમૂહરૂપે છૂટું પડ્યું અને ધીમેધીમે સંકોચાઈને ગોળાકાર દ્રવ્ય રૂપે વિહરવા લાગ્યું.

(૩) આમાંનું કેટલુંક ભેગું થઈ ચંદ્રની રચના થઈ. શરૂઆતમાં એનું દ્રવ્ય કેન્દ્રિત થવા લાગ્યું અને તેથી તેમાં પુષ્કળ ગરમી પેદા થતી રહી.

એક કાળે ચંદ્ર સાથે એક પ્રચંડકાય ખરતો તારો આવી અથડાયો અને તેને કારણે ઇમ્બ્રિયમ નામનો વિશાળ ખાડો (સમુદ્ર) પેદા થયો. આશરે ૬૦ થી ૭૦ કરોડ વર્ષ ઉપર આ ઘટના બની હશે તેવું પુરવાર થયું છે.

(૫) ત્યાર પછી લાંબા કાળ સુધી ત્યાં ઠેરઠેર જ્વાળામુખી ફાટતા રહ્યા અને તેને કારણે જ્વાળામુખો પેદા થયાં. કાળક્રમે ચંદ્રની આંતરિક ગરમી ઓછી થવાથી હવે આ પ્રક્રિયા સદંતર બંધ થઈ છે. (ચાલુ)



શ્રીનિવાસ
આયંગર
◁

ગુજરાતમાં કલાનાં પગરણ

રવિશંકર રાવળનું આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા-૧૧

એક દિવસ બપોરે હાંફતો-અકળાતો એક મદ્રાસી જુવાન આવી ઊભો. તે હતા ભાઈ શ્રીનિવાસ આયંગર શિલ્પી. મને કહે: 'મેં તમારું નામ સાંભળ્યું છે. હું મુંબાઈની આર્ટ સ્કૂલના મૉડેલિંગ (પ્રતિમા વિધાન) વર્ગમાં પાંચ વર્ષનો અભ્યાસ કરી ચૂકયો છું, પણ કામ મળતું નથી. બે દિવસથી ભૂખ્યો છું. બૈરીને તેના પિયરમાં રાખી છે. કયાંક ઠેકાણે પડું તો બોલાવું.' એને જોઈ કલાકારની અવદશા પર મારું હૃદય દ્રવી ગયું. પ્રથમ તો ઘેર લઈ જઈ જે કંઈ રંધાએલું વધ્યું હતું તે તેને ખવડાવ્યું અને કુમાર કાર્યાલયના ચિત્રખંડમાં બીજા વિદ્યાર્થીઓની જેમ સૂવા-બેસવાની સગવડ કરી, તેની વીશી મારે માથે લઈ રાખ્યો.

તેનું કામ ચકાસી જોવા તેની પાસે ખેતરની માટી મંગાવી, ગળાવી, મારે ઘેર મારાં માતુશ્રી જે મારાં પત્નીની નાદુરસ્ત તબિયતને કારણે આવેલાં તેમને સામે બેસાડી તેમનું બસ્ટ–અર્ધ શિલ્પમાં કરાવ્યું અને પછી પ્લાસ્ટર ઑવ પૅરિસ (પકવેલી ચિરોડીના લોટ)માં તે સ્થાયી કરાવ્યું. ત્યાર પછી નિરાંતે ઘૂમતા કનુ દેસાઈનું બસ્ટ—છાતી સમી સર્વતોભદ્ર પ્રતિમા તેણે બહુ લાક્ષણિકરીતે ઉતારી.

આમ અમારા ચિત્રખંડમાં શિલ્પનાં જે પગરણ થયાં તેની અસર રસિકલાલે ઝીલી. આયંગરને અમદાવાદમાંથી કોઈ કામ આપે એવું નહોતું; પણ તેણે કોઈ મોટા માણસની પ્રતિમા પોતે પોતાની કલા બતાવવા પૂરતી જ કરવા ઈચ્છે છે એવું જાહેર કર્યું. એવામાં મારા પિતાશ્રી ભાવનગર બૅંકના કામે મુંબાઈ ગએલા તે વળતાં અમદાવાદ રોકાયા અને આયંગરનું કામ જોઈ તેને પોતાની સાથે થોડા દિવસ માટે ભાવનગર લઈ ગયા. તેમની ચિઠ્ઠીથી તેને સર પ્રભાશંકર પટ્ટણીએ ચાર-પાંચ બેઠકો આપી પણ કંઈ કામ મળ્યું નહિ. મારી સૂચનાથી તેણે ભાવનગરમાં અમારે ઘેર રહી મારા પિતાશ્રીની ભાવનગરી પાઘડી સાથેની છાતી સમી પ્લાસ્ટર પ્રતિમા કરી અમદાવાદ આણી મને આપી.

સૌરાષ્ટ્રમાં બીલખા મુકામે દર કાર્તિકી પૂર્ણિમાએ ત્યાંના આનંદાશ્રમમાં શ્રી નથુરામ શર્માનો ગુરુપૂજન વિધિ ઉત્સવ રૂપે થાય છે. ત્યાંના ટ્રસ્ટીઓને મારા પિતાશ્રીએ આયંગરની વાત કરતાં, મફતમાં થતું કામ કરાવવા ટ્રસ્ટીઓ રાજી થયા અને આયંગરને બે માસ માટે આશ્રમમાં નિરાંતે રહેવા-ખાવા અને કામ કરવાની સગવડ થઈ. તેણે મૂળ પુરુષ પરથી પદ્માસનવાળી પ્રતિમા માટીમાં બનાવી અને તે સૌએ મંજૂર કર્યા પછી પ્લાસ્ટરમાં ઉતારી. તેના તેને રૂ. ૨૦૦૦ પ્રતીકરૂપે આપ્યા. મુંબાઈના કલાકારો તો રૂ ૧૦,૦૦૦ વિના કામને હાથમાં લેવા પણ તૈયાર નહોતા. આયંગરના હાથમાં પૈસા આવતાં તેણે હવે તેની પત્નીને બોલાવી મારી નજીક એક દસ રૂપિયાના ભાડાનું મકાન રાખ્યું.

નથુરામ શર્માના શિષ્યોને હવે પેલી પ્લાસ્ટર-પ્રતિમા ઉપરથી કાંસ્યધાતુમાં તે ઉતારી તેને રૂપેરી ઓપ કરાવવા ઇચ્છા થઈ. તે કામ વડોદરાના શિલ્પી કોલ્હાટકરને સોંપાયું અને આયંગરને દેખરેખ રાખવા સૂચના આપી. આમ શિલ્પકામને કલાના સ્વરૂપ તરીકે મારા વિદ્યાર્થીઓ ઓળખતા થયા. છેવટ એને કોઈ સિનેમાના સેટમાં કામ મળ્યું ને તે અમદાવાદ છોડી ગયા તે ગયા જ.

ભાઈ મનહર દેસાઈ કૉલેજમાંથી આવતા અને ઠીક કામ કરતા. તે આગળ જતાં ઍગ્રિકલ્ચર અધિકારી થયા ને હાલ ઘણે ભાગે નિવૃત્ત છે.

જર્મન જુવાનો

આવા નવજુવાનોની મુલાકાતોએ પણ અમારા વાતાવરણમાં નવી ભાતો પાડી હતી. હૅન્સ કિવલિંગ (Hans Quiling) નામનો એક જર્મન જુવાનિયો આશ્રમમાં ગાંધીજીની પ્રવૃત્તિ જોવા આવેલો. તેને જર્મનીનાં અનેક મંડળોનો ટેકો હતો. તે વખતે તેની પાસે ફોકસિંગ કૅમેરા હતો—એટલે કે ચિત્ર ફોકસમાં ગોઠવી રસાયણ લગાડેલી કાચની પ્લેટ કૅમેરામાં મુકાય ને ચાંપથી છબિ લેવાય. તેનાથી પણ તેણે ભારતની ઘણી છબિઓ પાડી જર્મનીનાં છાપાંમાં મોકલેલી જેના તેને પૈસા મળતા. આમ કૈંક જર્મન યુવાનો યુદ્ધ પછીની ગરીબીના કારણે નીકળી પડેલા તેમાંનો તે એક હતો. 'કુમાર'માં તેનો વિગતવાર પરિચય આપેલો. ભારતના ઉનાળાની ગરમી ખમાય નહિ એટલે તે આશ્રમની પાણીની કોઠી આગળ માત્ર એક ચડ્ડીભર દિવસ ગાળતો અને લેખો લખી જર્મનીનાં પત્રોમાં મોકલી પૈસા મેળવતો. કૅમેરા પણ કોઈ કૅમેરા કંપનીએ ભેટ આપેલો. મેં તેને કુમાર કાર્યાલયમાં આવી વિદ્યાર્થીઓ જોડે એક દિવસ રહેવા નિમંત્રણ આપ્યું. તે ઘણી ખુશીથી આવ્યો, અને સવારે કશા પણ સંકોચ કે વિધિનો દંભ કર્યા વિના જમીન પર બેસી નળ આગળ નવસ્ત્રો થઈ નાહ્યો હતો! તેણે ગાંધીજીનું એક સ્પષ્ટ મસ્તક-ચિત્ર પહેલી વાર કૅમેરામાં ઝડપ્યું હતું જે છપાયું છે.

ત્યાર પછી એક વાર ત્રણ જર્મન મજૂરો ભંગાર ફોર્ડ મોટરમાં આવી ઊભા. મેં તેમને ઉતારો આપ્યો. પછી જાણ્યું કે પાંચ વર્ષથી તેઓ જર્મની બહાર નીકળી ગયા હતા ને પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયું છે તેની પણ હમણાં જ તેમને જાણ થઈ હતી. મજૂર વર્ગના પણ આ ત્રણે જુવાનોમાં જુદીજુદી નિપુણતા હતી. એક સરસ મિકૅનિક (યંત્રકામ જાણનાર) ને બીજો સંગીત અને નૃત્ય જાણનાર હતો તો ત્રીજો વળી ફોટોગ્રાફી કરતો તથા રંગીન પેનસિલોથી નાનાં દૃશ્યો ચીતરતો. પરદેશનાં માનવીઓને નજીકથી નીરખવામાં એક જાતની માનવ એકતાની સમજણ મળે છે. આ પરદેશીઓની મુસીબતોની વાતો પણ રસપ્રદ હતી. કોઈ પહાડી પ્રદેશમાં નદી વટાવતાં ખાડો પડી ગએલો જોઈ, મોટર રોકી કલાક સુધી ત્રણે જણે પથ્થરોથી તે ખાડો પૂરીને તેમનું ઠાઠિયું (ગાડી) આગળ ચલાવ્યું હતું. એક ઠેકાણે મોટરની એક્સેલ (ધરીદંડ) તૂટી જતાં નજીકના કોઈ ગામમાં તે મળે એમ નહોતું. (બહુ મોટા શહેરમાં જ મોટરના સ્ટોર હોય) એટલે તેમણે એક લુહારને સમજાવી, થોડા પૈસા આપી, તેની ભઠ્ઠી હાથમાં લઈ નવી એક્સેલ ટીપી નાખી ગાડી આગળ ચલાવી! કોઈ ગામે ગામના મુખી કે ઠાકોરની છબિ પાડી ખાવાનું કે પૈસા મેળવતા. ઊંડે ખૂણે કયો ફોટોગ્રાફર મળે? પેનસિલનાં ચિત્રો વેચીને પણ ખર્ચ મેળવતા. વાદ્ય-નૃત્ય કરનારો ટોળું ભેગું કરી લોકોને હસાવી રંજન કરી ટોપી ફેરવી પૈસા ભેગા કરતો. તેમનામાં એક ફોટોગ્રાફર હતો તેણે હરદ્વારનો તીર્થકાંઠો સામે કાંઠે જઈ સળંગ પાડેલો, તેની છાપ વિરલ હતી. મેં તે 'કુમાર'માં પ્રકટ કરી છે. એ ભાઈની પ્લેટો ખૂટી એટલે કાગળ ઉપર નેગેટિવ પાડી છાપો ઉતારેલી, એવો તે હિકમતબાજ હતો. આવી અનેક રીતો કરતા ત્રણે મજૂરોએ જર્મનીથી નીકળી, અનેક દેશો પોતાની જ મોટરથી વીંધતા જોતા, કમાતા, પ્રત્યક્ષ જ્ઞાન અને શ્રમનો મહિમા માણ્યો હતો.

કનુ દેસાઈએ શાંતિનિકેતનમાં એક મુલાકાતી જાપાની ચિત્રકાર યુવાનને અમદાવાદ આવવા કહેલું, અને ભાઈસાહેબને પોતાનું ઘર નહિ એટલે C/o કુમાર કાર્યાલયનું સરનામું (અનુસંધાન પૃ. ૩૩૭)

બાલેના દેશમાં [૪] મ્યુઝિકલ થીએટર ને મીટિંગ-મેળાવડા

લેખક · સુનીલ કોઠારી

બાલેની રસસમાધિમાંથી મધ્યાંતરમાં જાગ્યા અને જે હજાર પ્રેક્ષકો બહાર ઠલવાયા તેમાં ભારતીય ડેલિગેશન તરત જ નજરે ચડચું. સાડીમાં સજ્જ શ્રીમતી માલતી રાવ તથા ધોતી-ઝભ્ભો ને શાલવાળા આંધ્રના નાટચકાર રંગનાયકલુ જુદાં તરી આવે. કૃષ્ણાએ પરિચય કરાવ્યો. નાટચસંઘના ઉપપ્રમુખ રેવતીશરણ શર્મા પણ નજરે ચડેલા. બીજા જોધપુરી કોટમાં તે આંધ્રપ્રદેશની સંગીતનાટક અકાદમીના મંત્રી પરમહંસ. બધાંએ કાર્યક્રમ પત્યે બહાર મળવાનું નક્કી થયું. પણ અઢી હજાર પ્રેક્ષકો છૂટચાં તે પ્રવાહમાં કોણ ક્યાં તણાયું તેની સૂધબૂધ ન રહી. હોટેલ તો સામે જ, એટલે ખોવાવાની શી ભીતિ? પણ આ આવડી મોટી હોટેલમાં કોને ક્યાં શોધવા? હું તો કૅમેરા વગેરે બધું મૂકી પાસે જ રેડસ્ક્વેરમાં લટાર મારવા ચાલી નીકળ્યો. રાત્રે તો બધું ઝળાંઝળાં રોશનીથી દીપી ઊઠેલું. રોશનીના આ ફુવારાઓમાં મૉસ્કો વધુ ભવ્ય, આકર્ષક અને પ્રભાવકારી લાગતું હતું. મને તો બાલેની ભૂમિ—જોકે બાલે જન્મ્યું અન્યત્ર પણ અંતે તેનો છોડ કોળ્યો, પળાયો-પોષાયો ને ફાલ્યો અહીં અને સંસારભરમાં અજોડ કહેવાય તેવી પરંપરા સ્થપાઈ—અહીંને કારણે અહીંનું બધું જ અનુપમ લાગે.

આમે મોડું થએલું. હોટેલ બહાર ફરતો હતો એટલામાં બે યુવકો કુતૂહલથી પાછળપાછળ ચાલવા લાગ્યા. પૂછે કે ક્યાંથી આવો છો? ડૉલર્સ કે પાઉન્ડ છે? સારો ભાવ આપીશું! લો, કરો વાત! છે ને? ગમે તેટલા કડક જાપ્તા રાખો, ન્યૂ યૉર્ક જાવ, મુંબાઈ જાવ કે મૉસ્કો જાવ આવા ગઠિયા ભટકાવાના જ. મેં તો અંગ્રેજી ય નથી આવડતું તેવો ડૉળ કરી હિંદીમાં હાંકચે રાખ્યું ને એમને ટાળ્યા. વળી, આપણી પાસે પાઉન્ડ-ડૉલર હતા ક્યાં તે વેચીએ જે? બેમાંનો એક કહે: 'આ કાર્નેબી સ્ટ્રીટનો કોટ આપે તો બસ્સો રૂબલ દઉં!' હું તો સાંભળ્યા જ કરું! સામ્યવાદી દેશોમાં આવું અંડરગ્રાઉન્ડ માર્કેટ જોરમાં ચાલે છે. એટલે જ તમે મૉસ્કોમાં પ્રવેશો કે કેટલું નાણું સાથે લાવ્યા છો તેની તપાસ થાય ને રસીદો અપાય. પછી તે વટાવો તેની રસીદ અપાય. અને જે વટાવો તે રશિયામાં જ ખરચવાનું. રશિયા બહાર એકેય રૂબલ લઈ જવા દે નહિ. બહારથી લાવો પણ અહીં વાપરીને જ જાવ. અને અમારું તે બહાર ન લઈ જવા દઈએ. આપણે તો તાલ જોયા કરવાનો. ગજવાં ખાલી તેને બીજું કરવાનું ય શું હોય?

સાડા બારે લાઉન્જમાં બીજાં બધાંની રાહ જોઈ અંતે રૂમમાં ગયો. પણ કોઈ પાછું ફરેલું નહિ. અંતે શ્રી પરમહંસ આવ્યા. મળ્યા, વાતો કરી. હું લંડન જવા માર્ચમાં ઊપડચો તે પહેલાં કુચીપુડી નૃત્યનો એક સ્પેશ્યલ કોર્સ હૈદરાબાદ ખાતે યોજાયો હતો. તેમાં ભાગ લેવા તેમણે મને નિમંત્રણ મોકલેલું. મારા લેખો વાંચેલા અને મારા વિષે જાણતા. મદ્રાસમાં કુચીપુડી આર્ટ અકાદમીના ગુરુ વેમ્પતી ચિન્નસત્યમે મારા વિષે બહુ હોંશે વાતો કરેલી એટલે મને ભલી ભાંતિ ઓળખતા લાગ્યા. બહુ અચ્છા, સાફ અને નિષ્કપટ માણસ. પછી તો વાતો જામી ને સવારના ત્રણ લગી નૃત્યજગત ડહોળી નાખી અમે નિંદરાયા. આ તેમની પહેલપરથમ વિદેશયાત્રા તેથી થોડા બહાવરા હતા. પણ અમારી મૈત્રી જામી. હું લેનિનગ્રાડ ગયો ત્યાં લગી સાથે ને સાથે રહેલા. મારો કૅમેરા સાચવે, મારી જોડે ઘણે ઠેકાણે ચાલે, ઉત્સાહથી આવે અને કુચીપુડી નૃત્ય વિષે કંઈક મોટા પાયા પર કરવાનો આગ્રહ સેવે. પોતે મૂળે ઈન્કમટૅક્સ ઑફિસર. કહે કે મારે નૃત્ય જોડે વળી શાં સનાનસૂતક? થોડા દહાડા પર



મૉસ્કોમાં ઈ. ૧૯૭૩માં યોજાએલી ૧૫મી 'વર્લ્ડ થીએટર કૉંગ્રેસ'માં ભારતીય પ્રતિનિધિઓ. (ડાબી બાજુથી) સર્વશ્રી સુનીલ કોઠારી–નૃત્યવિવેચક, આંધ્રપ્રદેશ સંગીત નાટક અકાદમીના મંત્રી પરમહંસ, મ્હૈસુર રાજ્ય સંગીત નાટક અકાદમીના ચેરમૅન માલતી રાવ, ભારતીય નાટચસંઘના ઉપ-પ્રમુખ આર. એસ. શર્મા, આંધ્રપ્રદેશના નાટચકાર રંગનાયક અને એ. આર. કૃષ્ણ ભારતીય નાટચસંઘના જનરલ સેક્રેટરી તથા અન્ય દેશના પ્રતિનિધિઓ.

જ ડિપાર્ટમેન્ટમાંથી બદલી થઈ અને કલ્ચરલ ખાતામાં અકાદમીમાં ખસેડચો. સંગીત ગમે ખરું, પરંતુ હું જાણું અલ્લાયો! તેમાં આ મોકો મળ્યો. આંધ્ર સરકારે પ્રતિનિધિ તરીકે અકાદમી તરફથી મોકલ્યો. નહિ તો અહીં કયે બાપ જન્મારે આશા રાખેલી કે મૉસ્કોમાં મ્હાલશું? પછી મારાં બધાં પરાક્રમો જાણી હસીહસીને બેવડ. તમે ગમે તેટલા ધમપછાડા કરો, ચોપડાં ચીતરો, ટીકા કરો, ટાહ્લાં કરો, નાટક લખો–ભજવો–છપાવો, માન-અકરામ મેળવો–તમને ઈન્ટરનૅશનલ કૉન્ફરન્સમાં જવા મળે નહિ! તમારે નાટચસંઘની કારોબારીમાં ચૂંટાવું ઘટે. હોદ્દા કરવી પડે. પણ એ ગઢ તો સાચવનારા મહારથીઓ. મારા તમારા જેવા કંઈકંઈને ઘોળીને પી જનાર પડચા હોય. તુમ તો કયા બિસાત?

પણ તમે મને હવે પૂછતા નહિ કે તો પછી આ તમે સુનીલ કોઠારી કઈ રીતે ફાવ્યા? આ અમને જ ખબર નથી કે આ બન્યું કેમ? કો'ક ડાન્સર નહિ આવી શકી હોય કે કો'ક છેલ્લી ઘડીએ ટાઢા પાણીમાં બેઠું હશે તેથી તુક્કો લાગ્યો હશે! અમે યુરોપમાં અન્યત્ર લેકચર આપતા હતા અને કંઈ નામ થયું હશે ને એથી કો'કની મહેરબાની ઊતરી હશે, તે નૃત્ય વિભાગમાં બોલવા જવા મળ્યું. આગળ જોયું તેમ જવું ય સહેલું નથી તો! ગાંઠનાં ભાડાં ખરચવાનાં, હૉસ્પિટાલિટી કહેતાં મહેમાનગીરી મળે કે કેમ તે ય નક્કી નહિ. એટલે હવે આવડે તો ગણો: ભારત-મૉસ્કો-ભારતનું વિમાનનું ભાડું; દરરોજનું મૉસ્કો ખાતે રહેવાનું રોજના રૂપિયા બસ્સો લેખે સાત દહાડાનો ખર્ચ–ને બીજા ખર્ચા જુદા! હવે કયા ભૂખડીબારસો આઠથી દસ હજાર રૂપિયા ખર્ચી આવી કૉન્ફરન્સો ગજવવા આવે? હા, તમે કારોબારીમાં હો તો આઈ. ટી. આઈ. તમારો બધો ખર્ચ ઉપાડે અને નાટચસંઘ પણ ઉપાડે. તે રૂએ ત્રણ જણ મફત જઈ શકે. મંત્રી, પ્રમુખ અને ઉપપ્રમુખ. બાકીના સાત પ્રતિનિધિ ગાંઠના ગોપીચંદ ખરચે. હવે ગોતો આ બધાંને! મામા-માશીના કોઈ છે? સંગીતનાટક અકાદમીના અધિકારીઓ છે? કોઈનામાં ગાંઠનું ખરચ કરવાની ત્રેવડ છે? કોઈ લેખબેખ લખ્યો હોય, બાળપણમાં ય જો નાટકમાં ભાગ લીધો હોય તો ડેરવો લાયક! હાં રે હાં! પૂછનેવાલા કૌન? એટલે ભાતીગળ મેળો જામે! બધાં જ ભોળાં ભટાક લાગે. અને કમિટીઓમાં કામ તે કેવાં? અહીં આવીને કરવાનું શું? જલસાસ્તો! થોડી ખરીદી અને ભોજનસમારંભોમાં શૅમ્પેઈન! ક્યારેક પીતાં જ ગળા સોંસરવી વીજળી ઊતરી જાય, આંતરડાં વીંધી નાખે તેવો વૉડકાનો ઘૂંટડો!

બીજી સવારે નાસ્તો કરવા બારમે મજલે સેલ્ફ સર્વિસમાં જવાનું. ઓહો! મોટી ‘ક્યૂ!’ પાક્કી પિસ્તાળીસ મિનિટે વારો આવે. મલાકા કહેતાં મિલ્ક કહેતાં દૂધનો બાટલો, બ્રેડ, ચીઝ, ઈંડાં ને ચા,–બધું લઈ ટેબલ પર ઠામ બેઠા. સાતે ય દહાડા આમ જ ચાલ્યું. હોટેલ તો રાજ મહેલ જેવી મોટી. ચોખ્ખી ચકચકાટ. સ્વચ્છ ફરસ, કાર્પેટો ને બાદશાહી ઠાઠ. તમે આ કૉમ્યુનિસ્ટ દેશમાં છો તેવું લાગે જ નહિ. હા, આ લાઈનમાં ઊભા રહી સવારનો નાસ્તો મેળવવા તપ કરો ત્યારે ખબર પડે કે અહીં રાજા પ્રજા ને પ્રોલેટેરીએટ બધાં સરખાં છે.

સવારે પહેલી બેઠકમાં જતાં અગાઉ બધાં એકઠાં થયાં. ચાર વિભાગમાં કારોબારીનું કામ વહેંચાએલું હતું. પ્રતિ વર્ષ પારી(સ)માં યોજાતા થીએટર ઑાવ નેશન્સનું ભાવિ તે સમિતિની મીટિંગમાં અમુકે જવું; યૂથ થીએટર કમિટીમાં ફલાણાએ જવું, મ્યુઝિકલ કમિટીમાં આ તમે જજો, ડાન્સની કમિટીમાં તમે ને ઈન્ટરનૅશનલ કારોબારી સમિતિમાં ફલાણા હોદ્દેદાર, પાછલા વરસના રિપૉર્ટ વાંચી જજો વગેરે વગેરે.

આ કૉન્ફરન્સનો કારભાર અંગ્રેજી, રશિયન, ફ્રેંચ અને જર્મન ભાષામાં ચાલે. તે માટે હેડફોન્સ આપેલાં. તેમાં જે ચૅનલ હોય તે ભાષામાં વક્તવ્યનો અનુવાદ સાંભળી શકાય. તે પહેરી અમે એક સ્થાને ગોઠવાયા. પૂર્વ જર્મનીમાં બર્લિન ખાતે ત્યાંના નાટ્યસંઘના પ્રમુખ ઈબરમૅન મળેલા. મારા કામનો તેમને પરિચય પણ ખરો. તે આ કમિટીમાં પ્રમુખ. એમણે બધાંનો પરિચય કરાવ્યો ને પછી કામકાજ ચાલ્યું.

મૂળે આ કૉન્ફરન્સ નાટકની. નાટકમાં નૃત્યનો સમાવેશ ખરો. પણ જોકે બન્નેના પ્રશ્નો જુદા. આ વરસે ‘મ્યુઝિકલ થીએટર’ પર બધા મચી પડેલા. એટલે દરેક દેશમાંથી આ વિષય પર માહિતી અને તે તે પ્રકારો વિષે કહેવા કરવાનું હતું. રશિયા, ફ્રાંસ, જર્મની, બેલ્જીઅમ, હોલૅન્ડ, અમેરિકા–ક્યુબાવાળા બધા બોલ્યા પછી મેં હાથ ઊંચો કરી ધીમેધીમે આપણે ત્યાં બે અઢી હજાર વરસ જૂની આ પ્રણાલિ અને લોકનાટ્ય પ્રકારમાં ભવાઈ, તમાશા નૌટંકી, જાત્રાની વાત કહી. શાસ્ત્રીય પ્રકારોમાં ભાગવતમેલા નાટક, કુચીપુડી, કથકલી, યક્ષગાન, અવિત્તુ નાટકમ્, મણિપુરની રાસલીલા, આસામનાં સત્રીય નૃત્યો વગેરે વિષે કહી તે તે પ્રકારોના ફોટો, સ્લાઇડો, બધું બતાવ્યું. ઉપરાંત કલાક્ષેત્ર, કેરળ કલામણ્ડલમ્ જેવી સંસ્થાઓની તાલીમ અને બાલેમાં બૉલ્શૉયમાં જ ગ્રૅજ્યુએટ થએલી મુંબાઈની ફટાકડી પતાકડી ફિરોઝા લાલીની વાત કરી એટલે પછી તો તાળીઓની નવાજેશ! અમે ઊભા થઈ, બે હાથ જોડી, વાંકા વળી અભિવાદન સ્વીકાર્યું. પ્રમુખે બપોરે અલગ મળનાર ડાન્સ સેક્શનની કારોબારી સમિતિમાં આવવા ખાસ કહ્યું, અને પૂર્વના દેશોમાં મ્યુઝિકલ થીએટરની પ્રણાલિ પર પોતાનો અનુભવ પણ ટાંક્યો.

ના રે ના! મોટાં શહેરોમાં આવી કૉન્ફરન્સોમાં જઈ તરત ‘શૉપિંગ’ કરવા જવાતું નથી. સવાર સાંજ ભેજાંદુખણ જેમ ક્યાંક સમજાવવું ય પડે છે અને સમજવું ય પડે છે. બેઠકો સવારના અગિયારથી બપોરના એક અને વળી બપોરે ત્રણથી સાંજના છ લગી. રાતે સાતથી દસ વળી બાલે, અને પછી વળી પાછા ક્યાંક હોટેલની લાઉન્જમાં કે ક્યાંક ડિનર પર જો જામી છે તે! દેશદેશાવરથી મહારથીઓ આવે તે એટલાં બધાં કે પૂરાપાધરા તો કોઈને મળાય પણ નહિ. નામ તો મોટાં મોં ભરાઈ જાય તેવડાં. નામ તો કે જ્યાં દરકાન્તે; આઈ. ટી. આઈ.ના મહામંત્રી. તેમને આપણે ચં. ચી. જોડે મળ્યા છીએ. ખૂબ મીઠા, પ્રેમાળ અને હોંશીલા સજ્જન. જે મળે તેની જોડે, આ મહાભારત સમિતિઓમાં રહેવા છતાં, બે અક્ષર વાત કરી શકે તેવા નમ્ર. બીજા, તો કે જ્યાં લુઈ બારો! ફ્રાંસના વિખ્યાત નાટ્યકાર, અમેરિકાના રોઝામંડ ગિલ્ડર, પૂર્વ જર્મનીથી ભારત આવી ગએલા પ્રોફેસર બેનીવિટ્ઝ, આઈબરમાન, ગ્રીસના ટાકીસ મુસેનીડીસ, બ્રુકલિન એકૅડેમી ઑાવ મ્યુઝિકની માદામ કાર્લેવિસ, એમ અધધધ થઈ જાય એવાં નામો. પણ આ ફેરા ચાર સમિતિમાં વહેંચાએલા એટલે છેલ્લે દહાડે કો’ક કો’કના મુખદર્શનનો લાભ મળ્યો તે જ. લંડનમાં આઈ. ટી. આઈ.નાં મિસ યોલંડા બર્ડ નામે બાઈને સૌ શોતે; પણ આ મહેરામણમાં તે મળ્યાં જ નહિ. એમ કંઈક અજાણ્યાં મળ્યાં ને જાણીતાંને શોધવાં રહ્યાં. નૃત્ય વિભાગ પહેલ પરથમ આંતરરાષ્ટ્રીય ધોરણે યોજાતો–ઘડાતો–સ્વરૂપાતો હોઈ તેનું બંધારણ ઘડવામાં જ બે દહાડા રશિયા, હંગેરી, બલ્ગેરિયા, નેધરલૅન્ડ્ઝ, અમેરિકા, ફ્રાંસ, સ્વીડન અને ભારતના પ્રતિનિધિઓએ ભેજાં પકવી દીધાં.

બપોરની બેઠકમાં નેધરલૅન્ડ્ઝના ફિલિપ નાજદાએ મીઠાશથી, હળવે રહી બંધારણ ભૂક્યું. હવે જો મજા! ભાષાની અગવડ. અંગ્રેજીનું રશિયન થાય. રશિયનનું ફ્રેંચ થાય. પછી બધાં ડોકાં હલાવે. ડાન્સ સેક્શનનું કાર્યાલય રશિયામાં રહે કે નેધરલૅન્ડ્ઝમાં તે પર તો ભારે ગજગ્રાહ ચાલ્યો. રશિયાવાળાઓએ બહુ મમત કરી, પરંતુ બાકીના સૌએ ડહાપણપૂર્વક તોડ કાઢ્યો કે નેધરલૅન્ડ્ઝમાં જ કાર્યાલય સેક્રેટરીએટ રાખવું અને તેના પ્રમુખ રહે રશિયાના નૃત્યસંકલનકાર યુરી ગ્રીગોરોવિચ. સૌ વગર બોલ્યે સમજી ગએલાં કે જો રશિયામાં સેક્રેટરીએટ ગયું તો ટપાલો, ચોપાનિયાં, માહિતી, કૉન્ફરન્સો, મીટિંગો, મેળાવડા, આપલે, આવનજાવનમાં જે અવરોધો, રોડાં, પથ્થર, અટકબારીઓ ને અગવડોનો ડુંગર ખડકાશે તે વટાવતાં જ આ અવતાર પૂરો થઈ જશે! સામ્યવાદી દેશોના જાપ્તા, કડપ, તકેદારીનો બધાંને સુપેરે અનુભવ. બહુ મુત્સદ્દીગીરી, હોશિયારી, મીઠાશથી ફિલિપ નાજદાએ રસ્તો કોતર્યો અને જનરલ મીટિંગમાં તે દરખાસ્ત પસાર થઈ. યુનેસ્કોએ પહેલીવાર આમ આંતરરાષ્ટ્રીય ધોરણે નૃત્યવિભાગની કારોબારી નિયુક્ત કરી તે આ પંદરમી વર્લ્ડ થીએટર કૉંગ્રેસની ઘણીમાંની એક ફલશ્રુતિ.

ચાર દિવસથી હું આ ચર્ચાના ચોતરે વિનયપૂર્વક બધું સાંભળું. બાલેમાં સંગીત, વાર્તા, ગતિ–ચલનો, નૃત્ય-સંકલના અને પરદા, સીનસીનરી, પ્રકાશ-યોજના, કલ્પનોત્થ સંયોજનો તેમ ઘણાં ઘણાં તત્ત્વો. અનેક નવતર પ્રયોગો પણ ખરા. મૉડર્ન કહેતાં આવાં ગાર્દ, આધુનિક રેવોલ્યુશનરી, જૂનાં મૂલ્યો તપાસી–ઉથાપી નવાં સ્થાપનાર ટોટલ થીએટરની વિભાવના નજીક લાવનાર કઈકઈ મતમતાંતરોનો ચોકો જામ્યો. મારા વા’લા વાતો કરે તો તે કાં તો રશિયાનાં બાલેની કે યુરોપમાં થએલા નવતર પ્રયોગોની; પણ કોઈ થર્ડ વર્લ્ડ—કહેતાં પર્શિયા, આફ્રિકા ફાર ઈસ્ટ, જાવા, બાલી, ઇંડોનેશિયા, જપાન, ચીન, કોરીઆ, ભારત કશાનાં નૃત્યો વિષે, નૃત્યનાટ્યો વિષે અરે, સમ ખાવા પૂરતું ય–જેને મ્યુઝિકલ થીએટરનું રૂડું રૂપાળું, મ્યુઝિકલ બોલતાં જ સુરાવલિ સજાતી લાગે તેવું નામ આપેલું, ને તેમાં આ થર્ડવર્લ્ડના દેશોના પ્રદાન વિષે બોલે જ નહિ ને! એટલે એક દહાડો મેં પ્રમુખની રજા માગી બે હાથ જોડી હસ્તમુદ્રાઓ સહિત વિનય કરી અંગ્રેજીમાં જણાવ્યું કે તમે બધાં તો મહારથીઓ, દુનિયાભરમાં આજે બૉલ્શૉય કીરોવ નામ દેતાં મોં ખુલ્લાં રહી જાય, અમેરિકાના મૉડર્ન ડાન્સ જોઈ દંગ થઈ જવાય, યુરોપનાં મોરિસ બેજારના પ્રયોગો જોઈ ચકિત થઈ જવાય અને તે બદલ અમેય તમારી આ ડિસિપ્લીન, સંઘબળ, ટીમવર્ક બધું જોઇ માથું નમાવનારા. પણ અમે એટલું પૂછીએ ખરા?—કે જો આ વર્લ્ડ થીએટર કૉંગ્રેસ અને સાથોસાથ ટાઈટલ મ્યુઝીકલ થીએટર, ને તેની શોધમાં બધાં અટવાય, તો એ બધું અમારે ત્યાં આ અઢીહજાર વર્ષથી હજી ય અવશેષ રૂપે ગામડાંઓમાં તાંજોર કે ચેરાથુરૂથીમાં, મણિપુર કે જગન્નાથપુરીમાં નવરાત્રી ટાણે અને રામનવમીએ ટકી રહેલ છે તેને ય અમે આવું રૂડું નામ દઇએ છીએ. અને એટલું જ નહિ, બર્માનાં પ્યુએ નાટકો, કંમ્બોડિયાની રામાયણ નૃત્યનાટિકાઓ, જાપાનનાં કાબુકી અને નો નાટ્યો,

ચીનનું વિશ્વવિખ્યાત ઑપેરા તે બધાં એક જ પરંપરાનાં, તો તે વિષે આ બંધારણમાં કોઈ જોગવાઈ જ નહિ? થર્ડ વર્લ્ડના આ પ્રદાન વિષે કશી નોંધ પણ નહિ? અમે માનીએ છીએ કે આ દિશામાં અમારે ત્યાં-થી તમારે ત્યાં રશિયાની જ વાત લ્યો—'લાલા રૂખ', 'લ લુ બ્લ' (કૃષ્ણ),' લા બાયાદેર' (દેવદાસી), 'શેહરેઝાદ' એમ કંઈ કંઈ કથાવસ્તુ પર બાલે થયાં છે, તમારાં નિજીન્સ્કી-પાવલોવાએ ઠેઠ ૧૯૧૦માં હિંદ તરફ નજર દોડાવેલી. અમેરિકામાં રૂથ સેન્ટ ડેનિસ અને ટેડ શૉને 'ધ સિલ્ફઝ ઑવ અપર એર' અને નટરાજ, રાધા, કામદેવ એમ કંઈકંઈ કથાવસ્તુ છેક આ સદીના પ્રારંભના દાયકામાં ગૂંથેલાં. યુરોપમાં હજી ચાર વર્ષ પર દુનિયાભરમાં ડંકો વગાડનાર મોરિસ બેજારે બ્રસેલ્સમાં 'ભક્તિ' નામે બાલે રચ્યો, ને કથકલીને ગ્રોટોવસ્કીએ ટૅકનિકની દૃષ્ટિએ 'થીએટર ઑવ ધ પૂઅર'માં અપનાવ્યું. તો અમારી એવી નમ્ર વિનતિ કે આ થર્ડ વર્લ્ડની પ્રણાલિ વિષે કંઈક વિગતવાર અભ્યાસ થાય, તેની નોંધ લેવાય તો અમને અહીં લગણ આવ્યાનો, આ તમારી સૌની સાથે બે ઘડી બેસ્યાનો, વાતોચીતો કર્યાનો કંઈક સંતોષ થશે અને બધાં મ્યુઝિકલ થીએટરની ચર્ચા ચરિતાર્થ કરી શકીશું.'

'આવો! આવો!' 'વેલકમ! વેલકમ!' અને એમ ઉમળકાભેર બધાંએ ડોકાં ધુણાવ્યાં, ઘણાંએ હસ્તધૂનન કર્યાં, ઘણાંએ ગળગળાં થઇ ૧૯૨૦, ૩૦, ૪૦માં લાગટ ઉદયશંકરનાં બાલે, રામગોપાલનાં શાસ્ત્રીય નૃત્યો, મેડમ મેનકાનાં કથક દીઠાંની વાતો ઊલટભેર કરી. રશિયાની થીએટર સોસાએટીની વડી અને તમામ થીએટર નૃત્યદળો વગેરેનો સંપર્ક રાખતી માદામ લીડીઆ ગુસ્કોવા તો ઊભી થઈ અને એક્સાઈટમેન્ટમાં શું નું શું બોલી ગઈ. ઘંટડી વગાડી અને એક વૉલંટીઅરને બોલાવી કંઈક ચોપાનિયાં આપ્યાં અને કંઈક લિસ્ટ આપ્યાં. ટૂંકમાં આ હોહા કરવાથી આપણી પરંપરાની નોંધ લેવાઈ અને તે વિષે ખાસ કલમ બંધારણમાં મૂકવામાં આવી.

આ કૉન્ફરન્સોમાં મારા વા'લા જાણે પશ્ચિમમાં જ સમસ્ત વિશ્વનું કેન્દ્ર હોય તેવું માની-મનાવી બેસતાં હોય છે. વળી એ ય ખરું કે આ બધાં વિષે આપણે ત્યાંથી અભ્યાસ કરી તે અંગે બોલનારાં ય કેટલાં? 'હવે ભવાઈ-જાત્રામાં બચ્યું છે શું તે આ બધી ચેં ચેં?' એમ પૂછનારા ય અમને મળ્યા છે. પણ આ ચર્ચાથી એક સારું પરિણામ આવ્યું. યુનેસ્કો તરફથી આ વિભાગમાં ખાસ અલગ વિષય રાખવાનું સૂચન સ્વીકારાયું, ને મારો ઉત્સાહ જોઈ તેની કારોબારીમાં ભારત વતી મારી વરણી થઇ. હું તો તે સાંભળી ડઘાઇ ગયો. મેં કહ્યું કે અમારે ત્યાં બીજા ધુરંધરો પડયા છે. તો કહે કે તમે શરૂ તો કરો. પછી બીજાઓને ય લઈશું.

આમ, કંઈક આગ્રહપૂર્વક જોરશોરથી બોલવાને કારણે, કરેલા અભ્યાસને કારણે, ઉત્સાહને કારણે લેનિનગ્રાડની કોરીઓગ્રાફી સ્કૂલના વડા નર્તક મિ. ગુસેવે મને ચર્ચા પૂરી થયે બોલાવ્યો અને પોતે પણ ઉદયશંકરનાં બાલે જોએલાં તેની વાતો કરી. માથે બધા વાળ રૂપેરી, મોટું કપાળ, ઊંચા, સશક્ત અને ટટ્ટાર ચાલે. સાઠ વર્ષથી વધુ ઉમરના, પણ મૂર્તિમંત શક્તિના અવતાર આ ગુસેવસાહેબની સૌ અદબ જાળવે. પહેલાં ગાલીના ઊલાનોવા જોડે પોતે નૃત્યો કરતા તે જાણી હું તો એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે આ વ્યક્તિ મને પાસે બોલાવી વાત કરે તે જ મને તો મોટું માન લાગે! મારે બૉલ્શોય બૅલે સ્કૂલ અને લેનિનગ્રાડની કીરોવ કમ્પની ને બધું જોવાના અભરખા, તે મેં અચકાતાં અચકાતાં કહ્યું. એટલે હસીને કહે કે 'ઓહો, તેમાં તે શી મોટી વાત? હું આજે જ માદામ કુલ્સેવાને કાને વાત નાખું છું. બોલો, ક્યારે જવું છે? બધો બંદોબસ્ત થઈ જશે. હું લેનિનગ્રાડ મારી પત્નીને ફોન કરીશ. સ્કૂલ પર માદામ નીના મીરીમાનોવા લેવા આવશે અને પ્રોફેસર આઇગોર સ્તુપ્નીકૉવ અંગ્રેજી સારું બોલે છે તે બધું સમજાવશે.' પછી માદામ લીડીઆ ગુસ્કોવાને મારો હવાલો સોંપ્યો. મારા હરખનો તો પાર નહિ. સાંજે હોટેલ પર ઠેકડા મારતો પહોંચ્યો અને પરમહંસને વાત કરી. તેમને પણ લેનિનગ્રાડ આવવાની હોંશ, પણ 'વિસા' નહિ. તેવો વિસા લેવો પડે તે વાતે જ તેમને તો 'હેં?' થઈ ગયું.

હવે જુઓ ગમ્મત. આ માદામ કુલ્સેવા તે કોણ તે મને ભગાભાઈને શી ખબર? તે નીકળ્યાં મિનિસ્ટ્રી ઑવ કલ્ચરનાં પ્રધાન! ચાર વર્ષ પૂર્વે એલચી શ્રી કે. પી. એસ મેનને મારો કેસ રજૂ કરી મને ત્રણ અઠવાડિયાનું નિમંત્રણ રશિયાથી મિનિસ્ટ્રી ઑવ કલ્ચર તરફથી મોકલી આપેલું. પણ ગ્રહ વાંકા તે આપણે ત્યાંથી મિનિસ્ટ્રી ઑવ એડ્યુકેશન-વાળાં કહે: ક્રિટિકને-વિવેચકને મોકલવાની જોગવાઈ નથી. નૃત્ય સંકલન-કાર હોય તો મોકલી શકાય.' અમે ડૅન્સિંગ શીખેલા પણ 'કોરીઓગ્રાફર' નહિ. એટલે દિલ્હીવાળાએ નિમંત્રણ પાછું ઠેલ્યું ને એમ મૉસ્કો જવાનું રહી ગયું. પણ અમારી લેનિનગ્રાડની કોરીઓગ્રાફી સ્કૂલ બાલે શાળા જોવાની અરજીનાં કાગળિયાં રશિયાની મિનિસ્ટ્રી ઑવ કલ્ચરમાં હજી ય પડેલાં. અમે લાઉન્જમાં બેઠા હતા ત્યાં નાજુક મીઠડી હસમુખી બાળા આવીને પૂછે કે પ્રોફેસર કોઠારી કોણ? પરમહંસે ઊભા થઈ અમારા તરફ આંગળી ચીંધી. અમે ઊભા થઈ હાથ મેળવ્યા ને બાળાને બેસાડી. પેલી હસે-બોલે ને જાણે ફૂલ ઝરે! કહે: 'તમારી વિનતિ માન્ય થઈ છે. કાલે રાત્રે તમારે ટ્રેનમાં લેનિનગ્રાડ જવાનું છે. ત્યાં સવારે તેડવા હોટેલ લેનિનગ્રાડ તરફથી ગાડી અને કોઈ માણસ આવશે. તમારે ત્યાં મિનિસ્ટ્રીના મહેમાન તરીકે રહેવાનું છે. ત્યાં નવ વાગ્યે પ્રો. સ્તુપ્નીકૉવ લેવા આવશે. સવારે કોરીઓગ્રાફી સ્કૂલ જોવા જવાનું છે. બપોરે માદામ મીરીમાનોવા ને પ્રોફેસર જોડે લંચ, પછી બાલે સ્કૂલમાં—થીએટર સ્ટ્રીટમાં. ત્રણ વાગ્યે પટ્રોવેડ્ઝ પૅલેસની એક્સકર્ઝન ટૂર, રાત્રે 'જીસેલ' બાલે કીરોવ ઑપેરામાં, ને બીજે દહાડે 'હર્મિટાજ' મ્યૂઝિયમ જોઈ પાછાં મોસ્કો. લાવો પાસપૉર્ટ. અને તમારી પાસે ખર્ચ જોગ પૈસા છે? આ રોજના ખર્ચના ચૌદ રૂબલ દીઠ દસ દિવસના ૧૪૦ રૂબલ!'

અધધધધધ! હું ને પરમહંસ તો બાઘા બની પેલીના મોં સામે જ જોયા કરીએ. અરે મારી ભલી દેવદૂત! મૉસ્કોમાં આજે ચોથો દિવસ થયો પણ ન તો કોઇએ અમારી ભાળ કાઢી, ન તો કોઇએ સ્પષ્ટ કહ્યું કે તમારી મહેમાનગતિનો બધો ભાર રશિયાવાળાને માથે છે ને લટકાના ઉપરથી ખરચવાના ચૌદ રૂબલ પણ. એ બધું માંડી વાળી ને વાત અંકે કરી. એ તો ઠીક, પણ બાકીના ડેલિગેટ્સનું શું? બીજા કોઇને લેનિનગ્રાડ જવું હોય તો? તો કહે કે મિનિસ્ટ્રી તે વિષે પણ વિચારે છે. પરંતુ તમારા માટે ગુસેવની ખાસ ભલામણ છે. પરમહંસને ને મને પરમ આનંદ થયો. મેં કહ્યું કે આ મિઠ્ઠી બાળાને આપણે આવા સારા સમાચાર આપવા બદલ કંઈ ભેટ આપીએ. એટલે ભારતથી આણેલી ભેટ-સોગાદોમાંથી હૅન્ડલૂમની એક મઝાની શાલ મેં તેને આપી. પરમહંસે આંધ્રની કલમકારી પ્રિન્ટવાળો સ્કાર્ફ આપ્યો. પછી બાળા કહે કે હવે તમે 'સ્વાન લેઇક' જોવા ઊપડો. હું વળી કાલે પાછી આવીશ. આ ભેટો બદલ કયા શબ્દોમાં આભાર માનું? હું પણ તમારા માટે સરસ ભેટ લાવીશ.' ને મીઠું હસીને ગઈ. તેના હાસ્યની ફોરમ હજી ફોરે છે. (ચાલુ)

કલાકાર રસિકલાલ પરીખનાં વિવિધ શૈલીનાં ચિત્રોનો સંપુટ **ચિત્રસાધના** ૮ ત્રિરંગી તથા ૧૬ સાદાં ચિત્રો, રેખાંકનો આદિનો સમૂહ: એમની ચરિત્રરેખા સાથે
કિંમત: રૂ. ૬ • પોસ્ટેજ: સાદા બુકપોસ્ટથી ૨૫ પૈસા; રજિ. સાથે રૂ. ૧-૨૫ • કુમાર કાર્યાલય લિમિ૦ ૧૪૫૪ રાયપુર અમદાવાદ-૧



૧૮૫૭: ક્રાંતિકથામાં ગુજરાત-૫

સ્વામી દયાનંદ

લેખક · વિષ્ણુ પંડયા

ઈ. ૧૮૭૩નો જાન્યુઆરી માસ; કલકત્તા. ઈંગ્લૅન્ડનાં દેવળોના લૉર્ડ બિશપે તત્કાલીન ભારતના સૌથી વધુ ચર્ચાસ્પદ ધાર્મિક નેતા સ્વામી દયાનંદ સરસ્વતી સાથે લૉર્ડ નૉર્થબ્રુકની મુલાકાત પ્રયોજી. લૉર્ડ નૉર્થબ્રુકે સ્વામીજીના રોજિંદા જીવન વિષે પૃચ્છા કરી, તો નિર્ભીક સ્વામીએ કહ્યું: 'મારા દેશને વિદેશી ધૂંસરી હેઠળથી છોડાવવા માટે હું સવારસાંજ પ્રાર્થના કરું છું.' અંગ્રેજ અધિકારી આ સાંભળીને થીજી ગયો અને લંડનની ઇન્ડિયા ઑફિસને પાઠવેલા પોતાના સાપ્તાહિક પત્રમાં દયાનંદના આ શબ્દો ટાંકીને, ભારત માટેના વિદેશમંત્રીને ચેતવ્યા ય ખરા: 'મારી સરકારને મેં આ બંડખોર ફકીર પર કડક જાપ્તો રાખવાની સૂચના આપી છે.' સ્વામી દયાનંદ સરસ્વતીની સ્વદેશપ્રીતિ માટે આ પ્રસંગ પર્યાપ્ત છે, અને આપણને એ પ્રશ્નાર્થ લગી દોરી જાય છે કે ૧૮૫૭ના સ્વાતંત્ર્યજંગ દરમિયાન આ સદાવિપ્લવી સાધુ ક્યાં હતા? તેમણે એ વર્ષોમાં શું કરેલું?

આ પ્રશ્ન સ્વાભાવિક છે, કેમ કે ટંકારાના જર્જરિત મકાનમાંના સનાતની વાતાવરણને અતિક્રમીને, 'પરમ ઔદીચ્ય' કરશનજી લાલજી ત્રવાડીનો આ યુવાન પુત્ર મૂળશંકર નવી આધ્યાત્મિક શોધમાં નીકળ્યો ત્યારે તેની ઉંમર બાવીસની હતી, અને હૃદય જ્વાળામુખીની જેમ ધધકતું હતું. બરાબર એ જ દિવસોમાં ૧૮૫૭ના દિવસો આવી રહ્યા હતા. જીર્ણશીર્ણ ગામડાંઓ લગી ૧૭૫૭નું પ્લાસી યાદ કરાતું હતું. તત્કાલીન સામયિકો પણ કોઈક ભાવિ વાણીથી ઘેરાતાં હતાં. 'બુદ્ધિપ્રકાશે' એની કાગવાણીમાં 'અંગરેજોનો પાટલો જશે' કહીને ભવિષ્યવેત્તાઓની હાંસી તો ઉડાવી હતી, પણ જનસમાજના અંદેશાનો જ એમાં પડઘો હતો.

ઈ. ૧૮૪૭માં નર્મદકાંઠે મૂળશંકર એક મહારાષ્ટ્રીઅન સાધુમંડળીને મળ્યા. એ મંડળીના આગેવાન સાધુ પૂર્ણાનંદ હતા. તેમણે મૂળશંકરને દીક્ષા આપી અને ભારતને 'દયાનંદ' મળ્યા. ત્યાર પછી દસ વર્ષે ભારતીય જનસમાજ વિપ્લવપંથી બન્યો, અને તેનો આતશ છેક એ સદીના અંત સુધી કોઈ ને કોઈ સ્થાને, કોઈ ને કોઈ સ્વરૂપે ચાલુ રહ્યો.

સ્વામી દયાનંદ સરસ્વતીના જીવનની રસમય અને રહસ્યપ્રદ હકીકત એ છે કે તેમના સંન્યાસજીવનનો ૧૮૫૫ સુધીનો કાળક્રમ તો સ્પષ્ટપણે મળે છે; પણ ૧૮૫૬થી ૧૮૫૯ સુધી તેમણે શું કર્યું એ પ્રશ્નનો કોઈ પ્રત્યુત્તર ઇતિહાસકારે તારવવાની જહેમત લીધી નથી. જે છે તેમાં અનુમાનો વધુ છે; તથ્યોને અવકાશ ઓછો છે.

એટલે જ આર્યસમાજ અને સ્વામી દયાનંદના જીવનવૃત્તાંતને આલેખનારા ઇતિહાસલેખકોના પણ બે વર્ગ પડી જાય છે: એક વર્ગ આર્યસમાજ રાજનીતિથી પર હોવાને લીધે દયાનંદને ૧૮૫૭ની સાથે જોડવામાં અતિશયોક્તિનો દોષ જુએ છે. જ્યારે બીજો વર્ગ દઢપણે માને છે કે બુલંદ સ્વભાવના સ્વામીજીએ આ વર્ષોમાં ૧૮૫૭ના સંગ્રામના સેનાનીઓને જરૂર દોરવણી આપી હશે. આ બીજી માન્યતાનાં પ્રમાણો જોઈએ:

ઈ. ૧૮૫૭ની સાથે સાધુઓ ગાઢપણે સંકળાએલા હતા. કમળ અને રોટીનો ગુપ્ત સંદેશો આ ભગવાં વસ્ત્રધારીઓ અને મુસ્લિમ ફકીરો વિના ભાગ્યે જ પ્રચારપ્રસાર પામ્યો હોત. દયાનંદની સાધુમંડળી અને સ્વામી પૂર્ણાનંદ પણ એમાંની કોઈ પ્રવૃત્તિ સાથે સંબંધિત હોય એવું માની શકાય છે. ઈ. ૧૮૫૫માં દયાનંદ હરદ્વારના કુંભમેળામાં જઈ રહ્યા હતા. ત્યાં સ્વામી પૂર્ણાનંદ પણ મળવાના હતા. ઈ. ૧૮૫૫નો આ કુંભમેળો એક રીતે ૧૮૫૭ની પૂર્વભૂમિકા સર્જવા માટે સૌથી ઉપયોગી નિમિત્ત હતો. હરવિલાસ સારડાએ લખેલી દયાનંદજીવનીમાં આ મેળામાં સાંભળવા મળતો સાધુઓનો એક મંત્ર નોંધાએલો છે: 'કંપની કિસકી જોરુ? સિંધિયા કિસકા સાલા? પી પ્યાલા, માર ભાલા...' આ પ્રકારના મંત્રો ૧૮૫૭ના આતશની પૂર્વતૈયારી જ હતા. દયાનંદે આ વર્ષમાં આ પ્રવૃત્તિઓ જોઈજાણીને પછી પોતાના ગુરુ પૂર્ણાનંદને હરદ્વારમાં પૂછ્યું પણ ખરું; અને સાધુચરિત પૂર્ણાનંદે માર્ગ બતાવ્યો: 'મથુરા જઈને સ્વામી વિરજાનંદને મળજે. એ તારા પ્રશ્નોનું સમાધાન આપશે.'

...પણ દયાનંદ મથુરા જવાને બદલે બીજાં સ્થાનોએથી નીકળી પડયા. ક્યાં? શા માટે? એનો પ્રત્યુત્તર એ હોઈ શકે કે ૧૮૫૭નો ઉત્પાત એમના મનને પણ સ્પર્શી ગયો હશે. ગઢવાલથી એ ગઢમુક્તેશ્વર પાછાં ફર્યા અને દક્ષિણ-પશ્ચિમ તરફ જવાને બદલે કાનપુર તરફ તેમના પગ વળ્યા. કાનપુરની નજીક બિઠુરમાં નાનાસાહેબ પેશવા વિદ્રોહનો સાજ સજાવી રહ્યા હતા. છેક પશ્ચિમ સુધીની તીર્થયાત્રા પણ એ કરી આવ્યા હતા અને રાજાઓનો સંપર્ક કર્યો હતો. દસ મહિના સુધી દયાનંદનો બનારસ-કાનપુરનો નિવાસ રહ્યો. નાનાસાહેબને એ મળ્યા હશે? કોણ જાણે; ઇતિહાસનું મૌન આપણને અજ્ઞાત અવસ્થા તરફ ધકેલી દે છે.

દસ માસ પછી દયાનંદ નર્મદાપ્રદેશ તરફ પહોંચ્યા-એ પ્રદેશ, જ્યાં વીર બુન્દેલાઓએ પરાક્રમી ઇતિહાસની પરંપરા સર્જી હતી. આ બુન્દેલખંડ છેક બુન્દેલાઓના સમયથી ગંગાકિનારા અને મહારાષ્ટ્રની સાંકળ બની રહ્યો હતો. ઈ. ૧૮૫૭માં પણ એ સાંકળનું ઘણું મહત્ત્વ હતું. ઇતિહાસકાર જયચંદ્ર વિદ્યાલંકાર માને છે કે ગુપ્ત જીવનનાં આ ત્રણ વર્ષમાં સ્વામીજી છેક કન્યાકુમારી સુધી પહોંચ્યા હશે; કેમ કે તેમણે અનેક વાર કહ્યું છે કે હું હિમાલયથી કન્યાકુમારી સુધી ફર્યો છું. તેમના જીવનવૃત્તાંતમાં મૃત્યુ સુધીમાં ક્યારેય સતારાથી દક્ષિણમાં ગયા હોવાનો નિર્દેશ નથી, એટલે આ અજ્ઞાત વર્ષોમાં જ તેઓ કન્યાકુમારી સુધી ગયા હશે.

ઈ. ૧૮૫૯ સુધીની એમની આ યાત્રા 'તીર્થયાત્રા'ને બદલે 'ક્રાંતિયાત્રા' બની હોય એ સ્વાભાવિક છે. પછીથી ૧૮૫૭નો સંગ્રામ નિષ્ફળ ગયો ત્યારે ૧૮૫૯માં સ્વામી વિરજાનંદ પાસે એ પહોંચ્યા. સ્વામી વિરજાનંદ પ્રજ્ઞાચક્ષુ પંજાબી સાધુ હતા. ઈ. ૧૮૧૮ના ત્રીજા અંગ્રેજ-મરાઠા યુદ્ધમાં અને પછીથી વ્રજ તથા ઉત્તર રાજસ્થાનના બળવાખોર હિન્દુ રાજવીઓને તેમણે પ્રેરણા આપી હતી. એમ એ સ્વામી વિરજાનંદે અંધારગ્રસ્ત ભારતના સમાજમાં પેસી ગએલી વૈકલ્યની ભાવનાને ખંખેરવા દયાનંદને પ્રેરણા આપી હશે. એટલે જ દયાનંદ પોતાના ત્યાર પછીના તેજસ્વી જીવનમાં રાજા રામમોહનરાયના અનુયાયીઓથી માંડીને ઇતિહાસકાર ભગવાનલાલ ઈન્દ્રજી, રામકૃષ્ણ ભાંડારકર અને વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર સહિત અનેક વિદ્વાનોને મળ્યા; શ્યામજી કૃષ્ણવર્મા જેવા સંસ્કૃત અભ્યાસીને વિદેશ જવા પ્રેરણા આપી અને પોતે ભારતભ્રમણ કરીને રાષ્ટ્રભાષા સહિતનાં જનજાગરણનાં પરિબળોને જન્મ આપ્યો.

એ નિશ્ચિત છે કે સ્વામીજી અને તેમના આર્ય સમાજે ઘણા સશસ્ત્ર ક્રાંતિકારોને પ્રેરણા આપી. પંડિત શ્યામજી કૃષ્ણવર્મા તો એમના સીધા સંપર્કમાં આવેલા અને એમના પ્રમાણિત જીવનચરિત માટે મોટી રકમ ખર્ચવા પારી(સ)નિવાસ દરમિયાન ઇચ્છા પણ વ્યક્ત કરેલી. આપણા ઇતિહાસકારે એ દયાનંદ અને તેમના સાથીઓ વચ્ચેના સંબંધો વિષે ગેરસમજો ઊભી કરવાનું દુઃખદ કામ કર્યું છે. છેક હમણાં ૧૯૭૧માં નૅશનલ બુક ટ્રસ્ટ તરફથી પ્રકટ થએલા પ્રા. બી. કે. સિંઘ કૃત 'સ્વામી દયાનંદ' પુસ્તકમાં આવું વિધાન આપણને વાંચવા (અનુ. પૃ. ૩૩૨)

લેખક
રતિલાલ છ. શાહ

ભારતની સંરક્ષણ સેનાઓ

[૩] આપણી વાયુસેના



◁ ભારતીય વાયુસેનાની સંજ્ઞા.

પાકિસ્તાન સાથેના છેલ્લા યુદ્ધમાં ભારતના વાયુસેનાના ખમીરનો જે યશસ્વી પરચો મળ્યો એના ઘડતરનો ઇતિહાસ આપણી સંરક્ષણ સેનાઓની અન્ય બે પાંખ ભૂમિસેના અને જલસેનાની સરખામણીમાં ઘણો ટૂંકો છે. ઈ. ૧૯૩૩માં 'રૉયલ ઍર ફોર્સ' નામે એની રચના થઈ ત્યારે એના વડા ઍર માર્શલને વડા સર સેનાપતિના અમલ નીચે કામ કરવું પડતું હતું. પણ વાયુસેના એક જ એવી સેના હતી જેમાં આરંભથી જ હિંદીઓને જવાબદારીભરી કામગીરીઓ સોંપાતી હતી અને અમુક મુખ્ય અમલદારો બાદ કરતાં એમાં બહુધા હિંદી અફસરો હતા. હિંદુસ્તાનની વાયવ્ય સરહદ પરની નિગેહબાની એ એનું મુખ્ય કાર્ય હતું. વિભાજન વખતે વાયુસેનામાં વીસેક ટકા જેટલા મુસ્લિમો હતા. સેનાના ભાગલામાં વાયુસેનાની ફાઈટ સ્ક્વૉડ્રનની વહેંચણી ૯ : ૨ના પ્રમાણમાં અને પરિવહન સ્ક્વૉડ્રન સરખે ભાગે વહેંચાઈ હતી. વળી, પાકિસ્તાનની માગણી સંતોષવા એક નવમી સ્ક્વૉડ્રન રચી તેમાંથી બે ફાઈટ સ્ક્વૉડ્રન પાકિસ્તાનને અપાએલી.

સ્વાતંત્ર્ય સમયે વાયુસેનાના બે મુખ્ય ભાગ હતા. એક વિભાગ 'ઍર બ્રાન્ચ'માં પ્લૅનિંગ, ઑપરેશન્સ, ટ્રેઈનિંગ, સિગ્નલ ને માહિતીનું કામ થતું ને બીજામાં વહીવટી કામગીરી ચાલતી જેમાં વાયુસેનાને સજ્જ રાખવા એની બધી જરૂરિયાતો પૂરી પાડવાની જવાબદારી હતી.

આઝાદી પૂર્વેનાં વાયુસેનાનાં વિમાનોની મરામત વગેરે માટેનાં મથકો ભાગલાને કારણે પાકિસ્તાની વિસ્તારમાં જતાં આપણે કાનપુરમાં નવું મથક ઊભું કર્યું. પ્રતિપક્ષી દળોની માહિતી એકઠી કરવા માટે ઈ. ૧૯૪૮માં એક ખાસ વિભાગ ઊભો થયો. દેશના હવાઈ સર્વેક્ષણ માટેનું પણ એક કાર્ય ચાલતું હતું, જે એક પરદેશી પેઢીને હાથ હતું, તે પણ ઈ. ૧૯૫૧થી આપણા વાયુદળને સોંપાયું અને ઈ. ૧૯૫૯માં શાહી વિમાની દળ પાસેથી કાર નિકોબારનું વિમાની મથક પણ આપણે હસ્તક લીધું.


આ પછી હવાઈદળમાં વિવિધ વિમાની કાફલા ઉમેરાયા અને એમાં મિસ્ટીટી, કૅનબૅરા, નૅટ, હંટર, મિગ વગેરે જાતનાં વિદેશી વિમાનો તથા 'એચ એફ-૨૪'ની સંજ્ઞાથી ઓળખાતાં આપણે બનાવેલાં વિમાનો આજે આપણા હવાઈ કાફલામાં છે.

આજે, ઈ. ૧૯૬૩ પછી, ઍર વાઈસ માર્શલોની દેખરેખ નીચે ભારતીય વાયુસેનાની પાંચ કમાન છે: દિલ્હીમાં મુખ્ય દફતર તથા વેસ્ટર્ન કમાન્ડનું દફતર, અલ્લાહાબાદમાં સેન્ટ્રલ કમાન્ડ, શિલૉંગ (આસામ)માં ઈસ્ટર્ન કમાન્ડ અને આ ઉપરાંત, બૅંગલોરમાં તાલીમી મથક તથા નાગપુરમાં મેઈન્ટેનન્સ કમાન છે,



◁ ભારતીય વાયુસેનાનીઓની ઓળખસંજ્ઞાઓ


અનુક્રમે
ઍર ઑફિસરની ટોપી પરની સંજ્ઞા.
અન્ય ઑફિસરોની ટોપી પરની સંજ્ઞા.
પાયલોટની સંજ્ઞા.



◁ બાંય પરની સંજ્ઞાઓ
ઍર ચીફ માર્શલ
ઍર માર્શલ
ઍર વાઈસ-માર્શલ
ઍર કૉમૉડોર
ગ્રૂપ કૅપ્ટન

વિંગ કમાન્ડર
સ્ક્વૉડ્રન લીડર
ફ્લાઈટ લેફ્ટેનન્ટ
ફ્લાઈંગ ઑફિસર
પાયલૉટ ઑફિસર

માસ્ટર વૉરંટ ઑફિસર
વૉરંટ ઑફિસર
છેલ્લી ચાર ખભા પરની સંજ્ઞા
ફ્લાઈટ સાર્જન્ટ
સાર્જન્ટ
કૉર્પોરલ
લીડિંગ ઍર ક્રાફ્ટમૅન



નૅટ હંટર એચ. એફ-૨૪ મિગ-૨૧ સુખોય-૬ કૅનબેરા

ભારતની વાયુસેનાનાં મુખ્ય વિમાનો. દરેક યુદ્ધવિમાન માટે એની આગવી કામગીરી નિશ્ચિત થએલી હોય છે. અને એને લક્ષમાં રાખીને જ એની રચના અને આકાર ઘડાય છે. આનાથી એના વિવિધ પ્રકારો અને એ થકી એનું આગવું વ્યક્તિત્વ સર્જાય છે. જો કે ભારતની સરખામણીમાં પાકિસ્તાન પાસે વધુ ભારે અને વધુ ઝડપી વિમાનો છે અને તેમની ઉડ્ડયન મર્યાદા પણ વિશેષ છે, પણ એમની કાર્યક્ષમતા અને વાયુસેનાનીઓનું યુદ્ધકૌશલ કેટલું છે તેના પર એની સફળતાનો આધાર છે. છેલ્લા અનુભવોથી આપણને એનો ઠીકઠીક ક્યાસ મળી ચૂક્યો છે. ઉપર ભારતનાં કેટલાંક યુદ્ધ-વિમાનો ઉડ્ડયન વખતે જમીન પરથી કેવાં દેખાય છે તેની આકૃતિઓ આપી છે. આ સિવાય બીજા પણ કેટલાક પ્રકારનાં વિમાનો આપણી વાયુસેનામાં છે, અને એ ઉપરાંત હેલિકૉપ્ટરો તો જુદાં. ઉપર દર્શાવેલાં વિમાનની વિશિષ્ટતાઓ નીચે આપી છે.

(૧) નૅટ : ફાઈટર પ્રકારનું, ૩૧ ફીટ લાંબું અને ૬૬૫૦ રતલનું ભારતમાં જ બનેલું આ યુદ્ધવિમાન બે તોપ અને બે ૫૦૦ રતલી બૅાબ અથવા ૧૨ રૉકેટ સાથે ૬૯૫ માઈલની ઝડપે એક જ ઉડ્ડયનમાં ૧૨૪૦ માઈલ સુધી ઊડી શકે છે. નીચી સપાટીએ ઊડવાની અને તીવ્ર વળાંક લઈ શકવાની એની ક્ષમતા વડે એણે મેળવેલી સિદ્ધિ તો હવે જાહેર છે. (૨) હંટર: ફાઈટર ૪૬ ફૂ. લંબાઈ, ૨૪,૬૦૦ રતલ વજન. વેગ કલાકે ૭૧૫ માઈલ, ઉડ્ડયનમર્યાદા ૯૮૦ માઈલ, ચાર તોપ, બે ૧૦૦૦ રતલી બૅાબ અને ૨૪ રૉકેટો લઈ જઈ શકે છે. (૩) એચ. એફ. ૨૪: ફાઈટર. ૫૨ ફૂટ લંબાઈ, ૨૪૨૫૦ રતલ વજન. ચાર તોપ, ચાર ૧૦૦૦ રતલી બૅાબ અને ૧૯ રૉકેટો સાથે ૭૯૦ માઈલના વેગે ૮૪૦ માઈલ સુધી એકધારું ઊડી શકે છે. (૪) મિગ-૨૧ : ફાઈટર. લંબાઈ ૪૯ ફૂટ, વજન ૧૯૫૦૦ રતલ. એક તોપ, બે વિમાનવિરોધી રૉકેટો અગર ૧૯ નાનાં રૉકેટો સાથે ૧૩૨૦ માઈલની ઝડપે એકધારું ૧૨૬૦ માઈલ ઊડી શકે છે. (૫) સુખોય-૭: ફાઈટર. લંબાઈ ૫૫ ફૂટ, ૩૦૫૦૦ રતલ વજન. ઝડપ ૧૦૬૫ માઈલ, ઉડ્ડયન-મર્યાદા ૧૩૭૦ માઈલ. બે તોપ, બે ૧૧૦૦ રતલી બૅાબ અને ૧૯ રૉકેટ લઈ જવાની ક્ષમતા. (૬) કૅનબેરા: બૉમ્બર. લં. ૬૬ ફૂટ, ૫૫૦૭૦ ર. વજન, વેગ ૫૧૮ માઈલ. ઉડ્ડયન-મર્યાદા ૩૭૯૦ માઈલ. ૧૦૦૦ રતલી છ બૅાબ લેવાની ક્ષમતા.

ક્રેઈનવેલ ખાતે તાલીમ પામેલા છ ભારતીય અધિકારીઓ, ઓગણીસ 'હવાઈ સિપાઈ ઓ' અને ચાર પુરાણાં 'વેસ્ટલૅન્ડ વેપરીસ' પ્રકારનાં હવાઈ જહાજો સાથે ઈ. ૧૯૩૩માં 'ધ ઇંડિયન ઍર ફોર્સ'નો પ્રારંભ થયો. ઈ. ૧૯૩૭માં વાયવ્ય સરહદ પ્રાંતની તોફાને ચડેલી જાતિઓ સામે એણે પ્રથમ સક્રિય ફરજ બજાવી. બીજા વિશ્વયુદ્ધમાં આરાકાન–ઈમ્ફાલ મોરચે હિંમત અને અચૂક નિશાનબાજી વડે એણે '૧૪મા સૈન્યનાં આંખ અને કાન'નું બિરુદ મેળવ્યું. આ યુદ્ધના અંત વખતે એક પરિવહન સ્કવૉડ્રન સાથે દર સ્કવૉડ્રન જેટલો એનો વિકાસ થયો હતો. યુદ્ધોત્તર કાળમાં એના વિસ્તરણ કરતાં રાષ્ટ્રીયકરણ તરફ વધુ લક્ષ અપાયું. સ્વાતંત્ર્યના પહેલા જ વર્ષમાં કાશ્મીર પરના પાકિસ્તાની આક્રમણ સામે લડવા ઉપરાંત ૩૦,૦૦૦ જેટલા નિર્વાસિતોને પણ એણે ખસેડયા. ઈ. ૧૯૬૦માં વિશ્વસંસ્થાની માગથી કેવળ ૪૮ કલાકમાં ભારતીય વાયુસેનાની એક ટુકડી ત્યાં પહોંચી ગઈ. વિશ્વસંસ્થા દ્વારા કોઈ પણ બીજા દેશમાં સેવા આપવા જનાર એ પ્રકારની આ પ્રથમ ટુકડી હતી. ત્યાંની પ્રશંસનીય સફળ કામગીરી પછી શાંતિદળ તરીકેની એવી જ ફરજ એણે કોરિયા અને હિંદી ચીનમાં પણ બજાવી. ઈ. ૧૯૬૫માં પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સીમા ઉલ્લંઘતાં એક જ દિવસમાં ૨૮ ઉડ્ડયનો કરી એમની ૨૫ જેટલી ટૅન્કોના ભુક્કા ઉડાવી દઈ દુશ્મનોને આગળ વધતા રોક્યા. એ યુદ્ધના ૨૦ દિવસોમાં તો આપણી વિમાની ખમીરનો પરચો મળી ગયો. અને આ જ રીતે ૧૯૭૧માં પાકિસ્તાનની સામે પૂર્વ અને પશ્ચિમી મોરચે જે લડત આપી એનો જ્વલંત ઇતિહાસ તો સૌને જ્ઞાત છે.

--સંપાદકીય

આજે આપણે બૅંગ્લોરમાં 'નૅટ' અને 'એચ એફ-૨૪' વિમાનો તથા નાસિક, કોરપુર અને હૈદરાબાદમાં 'હિંદુસ્તાન ઍરૉનૉટિક્સ કં.' લિ. દ્વારા એમ આઈ જી (મિગ) ૨૧' વિમાનો બનાવીએ છીએ.

વળી, વાયુસેનાના વિસ્તરણ સાથે આપણે જમીન પરથી હવામાં છોડી શકાય એવાં પ્રક્ષેપાસ્ત્રો–મિસ્વાઈલ્સનાં સંકુલ પણ મહત્ત્વનાં મથકો પર ઊભાં કર્યાં છે અને અસરકારક રાડાર-યોજના પણ અમલમાં છે.

ઍર ચીફ માર્શલ એ વાયુસેનાનું સર્વોચ્ચ પદ છે. તે પછી ઊતરતા ક્રમે ઍર માર્શલ, ઍર વાઈસ માર્શલ, ઍર કૉમોડોર, ગ્રૂપ કૅપ્ટન, વિંગ-કમાન્ડર, સ્કવૉડ્રન લીડર, ફ્લાઈટ લેફ્ટેનન્ટ, ફ્લાઇંગ ઑફિસર, પાયલૉટ ઑફિસર હોય છે. જુનીઅર કમિશન્ડ ઑફિસરોમાં માસ્ટર વૉરન્ટ ઑફિસર, ફ્લાઈટ સાર્જન્ટ, સાર્જન્ટ, કૉર્પોરલ અને લીડિંગ ઍર ક્રાફ્ટ-મૅનનાં પદ છે. એમાં ઍરક્રાફ્ટ-મૅનના બે વર્ગ છે.


દિલ્હી, મુંબાઈ, મદ્રાસ, કલકત્તા, અલ્લાહાબાદ, ચંડીગઢ અને ભુવનેશ્વર ખાતે વાયુસેનાના સહાયક કાફલા રહે છે. જોધપુર, અંબાલા, જલાહલી (બૅંગ્લોર), તંબારમ્, અલ્લાહાબાદ અને શ્રીનગરમાં ખાસ તાલીમની વ્યવસ્થા પણ છે.

પિસ્તાળીસ સ્ક્વૉડ્રનવાળા આપણા હવાઈ દળમાં લડાયક, બૅાબ વર્ષાવનારાં, પરિવહન કરનારાં ને સાગરી ગસ્તનાં વિમાનો છે, જેમાં સુ-૭, મિસ્ટીઅર, હંટર, નૅટ, મિગ-૨૧, એચ એફ–૨૪, લડાયક વિમાનો, બૅાબવર્ષા માટે કૅનબેરા-૫, વિહન માટે એ એન-૧૨, આઈ એલ-૧૪, ડાકોટા, ફૅરચાઈલ્ડ પૅકેટ, કેરીબૂ, આઉટર, ટીપુ-૧૨૪ અને એચ એસ-૦૪૮ વગેરે તથા સમુદ્રી ગસ્ત માટે એમ. આઈ.-૪, એમ. આઈ-૮ અને એલ્યુઅટ હેલિકૉપ્ટરો વપરાય છે. એચ. ટી-૨ અને એચ. જે. ટી-૧૬, ટી-૬૭ ટૅક્સન, ડાકોટા ને વૅમ્પાયર તાલીમ માટે વપરાય છે. □

કલાવાર્તા

મોઝેઇકનાં શોભનચિત્રો

વિવિધરંગી પથ્થરની કાંકરીઓ કે રંગીન લાદીની કપચીઓ ચોડીને કરાતાં ચિત્રો ને શોભનોનું કલાકૌશલ બેએક હજાર વર્ષથી જ્ઞાત છે. એને 'મોઝેઈક' કહે છે. આપણે એને કપચીકામ કહી શકીએ. આવીકૃતિઓમાં હજારો કાંકરીઓ કે કપચીના ટુકડાની જરૂર:પડે. ચૂના કે સિમેન્ટની તાજી ભોંય પર એ દરેક કાંકરીને યોગ્ય સ્થાને બેસાડવી એ અત્યંત ધીરજનું કામ છે.



ઉત્તર આફ્રિકામાં કેટલાક પ્રાચીન મોઝેઈકના સુંદર નમૂનાઓ જોવા મળે છે. એમાં વિવિધરંગી ફૂલ-છોડવચ્ચે હંસ, મોર વગેરે જેવાં પંખીઓનું સુંદર આલેખન છે. ચીની માટીની લાદીની કપચીઓના ચળકાટને કારણે એ અત્યંત આકર્ષક લાગે છે, તો કેટલેક સ્થળે કેવળ શોભાંકનોની સુંદર ગાલીચા જેવી બિછાત જોવા મળે છે.

વિસુવિયસના લાવા અને રાખનાં આવરણો તળે અઢાર અઢાર સદીઓ સુધી દટાઈ રહેલા પૉમ્પીઆઈના અવશેષો જ્યારે પ્રકટ કરાયા ત્યારે તેમાંથી પણ અનેક સુંદર મોઝેઈક ચિત્રો મળી આવેલાં. એમાંનું એક ૧૭ ફૂટ લાંબું યુદ્ધદૃશ્ય આજે નેપલ્સના સંગ્રહસ્થાનમાં છે.


મધ્યકાલીન યુરોપમાં રંગીન કાચના ટુકડા વડે કરેલી મોઝેઈક કૃતિઓથી અનેક દેવળોની શોભા વધારાતી હતી. એના પર પડતા પ્રકાશથી એ ઝવેરાત જેમ ઝગમગે છે. બાઈબલની કથાઓનાં અનેક પાત્રો આ રીતે એમાં આલેખાયાં છે. બહુધા એમની પાછળની પશ્ચાદ્‌ભૂ એકરંગી ને મુખ્યત્વે સોનેરી જોવા મળે છે.

ભારતમાં પણ સદીઓથી આ કલાકૌશલ જાણીતું છે. તાજમહાલમાં વિવિધરંગી કિંમતી પથ્થરોનું કરેલું જડતર કામ મોઝેઈકનો જ એક પ્રકાર છે. એ જ રીતે આંબેર (જયપુર)ના મહેલમાંના કેટલાક ખંડો પણ એ સમયના ત્યાંના કારીગરોના કૌશલની સાક્ષી પૂરે છે.

કિસમકિસમના રંગીન પથ્થરો, ચળકતી લાદીઓ કે ચીની માટીના ટુકડા વડે કરેલાં શોભનો ગિરનાર પરનાં જૈન દહેરાંના ઘુમ્મટથી માંડી અનેક જૂના આવાસોમાં આજે યે જોવા મળે છે. વિવિધરંગી ટપાલની ટિકિટોના જરૂરી માપના ટુકડા ચોડીને કરાતી પેપર મોઝેઈકની આકૃતિઓ અગાઉ 'કુમાર'માં આપેલી. કેટલીક સજગ શાળાના કલાવર્ગોમાં રંગીન કાગળના ઝીણાઝીણા ટુકડા ચોડાવીને વિદ્યાર્થીઓ પાસે કરાવેલાં ચિત્રો પણ બાલચિત્રકળાનાં ઘણાં પ્રદર્શનોમાં આજે નજરે પડે છે. ખોટા પડી ગએલા વીજળીના ગોળાના કાચના ટુકડાને અંદરની બાજુએથી રંગીને તથા રેતી, કાંકરા, મણકા ને વાંસ વગેરે જેવા ક્ષુલ્લક પદાર્થો વાપરીને વડોદરાના એસ. એમ. વાઘેલાએ કરેલાં ચિત્રો પણ ઠીક ઠીક ખ્યાત થયાં છે. આ પણ મોઝેઈકની કૃતિઓ જ ગણાય. આ પરંપરામાં વિશાળકાય જાહેર ઈમારતોની કોરીધાકોર લાગતી ભીંતો ઉપર અમદાવાદના કલાકાર શાંતિ શાહે મોઝેઈકનાં સેંકડો ચોરસ ફૂટનાં વિશાળ શોભનચિત્રો રચીને આ કલાકૌશલને એક નવું પરિમાણ આપ્યું છે.

ખદબદતી માનવવસ્તીવાળા નગર-કસ્બાઓમાં રોજબરોજ આંખ ઠારવા જેવી જગ્યાની આજે જ્યારે કમી પડી રહી છે, અને જ્યારે આવાં ખર્ચાળ અને મહેનત માગી લે તેવાં કલાશોભન ખાનગી વ્યક્તિઓને અંગત રીતે





આણંદ નગરપાલિકાના મકાન પર, મ્યુનિસિપાલિટીનાં વિવિધ કાર્યક્ષેત્રોનાં સૂચક શોભનો: પ્રાથમિક શિક્ષણ, પાણી, માર્ગો પરની વીજળી, ફાયર બ્રિગેડ અને વૈદકીય સારવારનાં એમાં સૂચનો છે. સામેના પાને મથાળે આણંદના મ્યુનિસિપલ વાચનાલયના મકાન પરનું શોભન જેમાં કૂપમંડુક શી અજ્ઞાનતાભરી સ્થિતિમાંથી વિવિધ જ્ઞાન વિષયક વાચન વધારી જ્ઞાનના પ્રકાશમાં મુક્ત પંખી સમાં ઉડ્ડયનોની શક્યતા નિર્દેશી છે.

પરવડી ન શકે તેવા આ કાળમાં જાહેર સ્થાનો પર આવી કૃતિઓ કલામયતાનો પાશ આપવા માટે આવકાર્ય અને આશ્વાસક બની રહે છે.

જામનગરના એસ. ટી. બસ સ્ટેશનથી આરંભી ભાઈશ્રી શાંતિ શાહે છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં અમદાવાદ, અંબાજી, વડોદરા, સૂરત, દ્વારકા વગેરે અનેક સ્થળોએ એસ. ટી.નાં સ્ટેશનો અને આણંદ નગરપાલિકાનાં દફતર, વાચનાલય, ટાઉનહૉલ વગેરે જેવાં સ્થાનો તથા અમદાવાદની કૅન્સર તથા આંખની ઍાસ્પિટલોને પોતાની આવી કૃતિઓથી શોભાવી છે. એમના આ કામના થોડા નમૂના અગાઉ 'કુમાર'ના ૫૯૯મા અંક (મે-૧૯૭૧)માં આપ્યા હતા. અહીં એ પછીની અને એમાંની થોડી વધુ વાનગી રજૂ કરી છે.


મૂળ બે-પાંચ ફૂટના નાના ફલક પર કરેલાં આ કાર્યનાં પ્રાથમિક ચિત્રાલેખનો, ને એ પરથી કરાતી વિશાળ મોઝેઈક કૃતિના કાર્ય અને અસરમાં ઘણો ફેર છે. એમાંના પ્રત્યેક આકારમાં યોગ્ય સ્થાને યોગ્ય રંગની કપચીઓ બેસાડવાનું કાર્ય અત્યંત ધીરજ તથા એના આખરી ઉઠાવ અંગેની ચોક્સ અગમ દૃષ્ટિ માગી લે છે. વળી, બહુધા આ કૃતિઓ જાહેર ઈમારતો પર થાય ત્યારે એ ઈમારત સાથે સંકળાએલી વિવિધ પ્રવૃત્તિઓ, તેમ જ જે સ્થળ કે ગામમાં એ હોય ત્યાંની વિશિષ્ટતાઓનાં દ્યોતક તત્ત્વોની પસંદગી, અને એ બધાં સૂચક આલેખનોને એક જ ફલક પર સંયોજવાની કલાદૃષ્ટિ પણ આગવી પ્રતિભા માગી લે છે. આ ઉપરાંત, આવી કૃતિઓના ટકાઉપણા માટે એ અંગેની કારીગરીની પણ પૂરતી સમજ હોવી જરૂરી બને છે. શાંતિ શાહે એ સિદ્ધિ હસ્તગત કરી છે. અહીં રજૂ કરેલા એમના કામના વિવિધ નમૂનાઓની એકરંગી છાપ પરથી એનો પ્રભાવ પૂર્ણતઃ પ્રકટ થઈ શકે નહિ, પણ આ અંકના મુખચિત્ર તરીકે આપેલા નમૂના પરથી એની રંગભભકનો થોડો ખયાલ મળી શકશે.

કલાકૌશલના આ માધ્યમમાં સવિશેષ નવું ભલે કંઈ ન હોય, પણ એનો આવો વિનિયોગ એસ. ટી. સ્ટેશનના જેવા ધમાલિયા વાતાવરણ વચ્ચે, આગંતુક મહેમાન કે બસની રાહ જોઈ કંટાળતા લોકોની નજરને જરૂર ઠારે છે. જાહેર ઈમારતોની ભવ્યતાનો ભાર એથી હળવો બને છે. પણ અહીં જ કલાકાર માટે એક કસોટીરૂપ આહ્વાન પણ ઊભું થાય છે. જે ઈમારત માટે આ શોભન કરવાનું હોય એને અનુરૂપ આલેખનની કલ્પના પણ કલાકારને જ કરવાની રહે છે. આ રીતે પણ મોઝેઈકનાં મોટાં શોભનચિત્રો કેટલી સફળતા મળી છે તે અહીં રજૂ કરેલા નમૂનાઓ તથા એમની કૃતિના અમુક ખંડો પરથી જોઈ શકાશે. લગભગ વિસારે પડી ગએલા આ કલાપ્રકારને વિવિધ રીતે પ્રયોજવાને હજી કેટલો અવકાશ છે તે એમના આ કાર્ય પરથી કલ્પી શકાશે. શાળાના કલાવર્ગના વિદ્યાર્થીઓ સાથે મળીને પોતાની શાળાના મકાનને આ રીતે શોભાંકિત કરી શકે. ભૌમિતિક આકારોના ખડકલા જેવા આવાસોની કોરીધાકોર ભીંતો પર આ રીતે આંખ ઠારે એવી રંગછાંટ ઉમેરી શકાય. હાથની ચળ ભાંગવા કંઈ ને કંઈ અડપલાં શોધી કાઢતાં તોફાની બારકસોને ઘરમાં ફૂટ-દોઢ ફૂટનું પૂઠું કે પાટિયું આપી એના પર મોતી, મણકા કે ચણોઠી-કાંકરી ચોડીને વિવિધ આકાર-આકૃતિઓ કરવા બેસાડી શકાય. એથી એમનાં આંખ-આંગળાં કેળવાશે. □



△ સૂરતના માહિતી-કેન્દ્રના મકાન ઉપરનું વિશાળ શોભન : માહિતી-પ્રસારનાં અનેકવિધ સાધનોનાં સૂચક આલેખનોનું સુંદર સંયોજન. જમણી બાજુ અમદાવાદમાં વાસણા ખાતેના ઍગ્રો-ઈન્ડસ્ટ્રીઝ કૉમ્પ્લેક્સના મકાન ઉપરનું ખેતીઉદ્યોગનાં સૂચક આલેખનોના સંયોજનવાળું મોઝેઈક શોભન.





કલાના ચાહકો–૩ સૅમ્યુઅલ કૉર્ટોલ્ડ Samual Courtauld

(૧) રેશમઉદ્યોગના રાજા સમા સૅમ્યુઅલ કૉર્ટોલ્ડ રોજિંદાં વ્યાવસાયિક કામ આટોપી લંડન-માંના પોર્ટમૅન સ્કેવરમાં પોતાના સજ્જધજ ઘેર આવીને ઉમદા ચિત્રસંગ્રહ વચ્ચે બેસી ચા-પાનનો આનંદ લે છે. (૨) એમના વ્યસ્ત દિવસમાં એમને માટે આ મૂલ્યવાન પળો છે. સત્તર-મી સદીમાં ધાર્મિક પજવણીમાંથી છટકીને ફ્રાંસથી ઇંગ્લૅંડ આવી વસેલા હ્યુજીનૉટ કબીલાના આ વંશ જ માટે કલા પણ ધર્મના જેટલી જ પવિત્ર છે. (૩) કૉર્ટોલ્ડ (૧૮૭૬–૧૯૪૭)ને રેશમ અને રેયૉનની બનાવટોના ઉદ્યોગનો સમૃદ્ધ વારસો મળેલો અને એમણે એ વ્યવસાયને વધુ વિકસાવેલો. ચિત્રો માટે પણ એમણે મોટી મૂડી ખર્ચી હતી. ઈ. ૧૯૨૩માં એમણે ફ્રેંચ કલારત્નો ખરીદવા માટે ટેઈટ ગૅલેરીને ૫૦,૦૦૦ પા.નું દાન આપેલું અને (૪) લંડન યુનિવર્સિ-ને આપેલી કૉર્ટોલ્ડ ઇન્સ્ટિટયૂટ ગૅલેરીમાં યે દર વર્ષે હજારો લોકો ઉમદા ફ્રેંચ ચિત્રો જોવા આવે છે. ત્યાં સેઝાંનાં આઠ અને રેનોર, માનેત, સરેત, ગોગાંનાં ઉત્કૃષ્ટ ચિત્રરત્નો પણ છે.



(૫) ખભે ખડિયો લઈ જર્મની જઈને એમણે વીસ વર્ષની વયે પોતાના વ્યાવસાયિક જીવનનો પ્રારંભ કર્યો. ત્યાં રેશમ-વણાટના કેન્દ્ર સમા ક્રેફેલ્ડમાં કારખાનામાં યંત્રો ચલાવવાની પાયાની કામગીરીથી એમણે એ ઉદ્યોગનું જ્ઞાન ને અનુભવ લેવાનો આરંભ કર્યો. (૬) ઈંગ્લૅંડ પાછા ફરી કૌટુંબિક વ્યવસાયમાં જોડાઈ જઈ ૩૨ વર્ષની વયે તો 'કૉર્ટોલ્ડ ટેક્સ્ટાઈલ મિલ્સ'ના જનરલ મૅનેજરનું પદ સંભાળ્યું અને બ્રિટનમાં રેયૉન બનાવવાના હક્કો મેળવી ધંધાનો ઝડપથી વિકાસ સાધ્યો. (૭) કામદારોના હિતમાં પણ તેઓ રસ લેતા. એમનો કોઈ પણ કામદાર એમની સાથે ખચકાયા વિના પોતાની વાત રજૂ કરી શકતો અને એને માટે તેઓ સમય પણ કાઢતા. (૮) આગળ જતાં એમની સંસ્થા દુનિયાભરમાં વ્યાપક હિત ધરાવતી એક જાહેર સંસ્થા બની ત્યારે તેના બોર્ડ ઑવ ડિરેક્ટર્સમાં જોડાઈ તેઓ એના ચેરમૅન પણ બન્યા અને હજારો કામદારો તથા શેરહોલ્ડરોના હિત અંગે અનેક વાર સક્રિય વિચારણાઓ પણ કરી.



(૯) કૉર્ટૉલ્ડ ઊંડા ધાર્મિક ખયાલો ધરાવતા. સિદ્ધાંતોના ભોગે એમણે ધન એકઠું કર્યું નહિ. આથી એમનું ઘણું માન હતું. (૧૦) બ્રિટિશ કલાક્ષેત્રમાં પણ તેઓ એવું જ માન ધરાવતા ને કલાવિષયક એમના અભિપ્રાયોમાં વજૂદ ગણાતું. નિષ્ણાતો પણ આ કલાચાહકનો અભિપ્રાય ઈચ્છતા ને એમના બોલને ભાગ્યે જ કોઈ ઉથાપતું. (૧૧) કલાના પુરસ્કર્તા તરીકે એમનું સ્થાન ટેઈટ ગૅલેરીના સ્થાપક ને ખાંડઉદ્યોગના રાજા સર હેન્રી ટેઈટની તોલે હતું. ટેઈટ ગૅલેરીનો કલાસંગ્રહ માણવા પણ તેઓ પત્નીને સાથે લઈ અવારનવાર જતા. ત્યાં ફ્રેંચ ચિત્રોના ઉમેરણ માટે આ દંપતીએ ૫૦,૦૦૦ પાઉન્ડનું દાન આપેલું. (૧૨) ફ્રેંચ ચિત્રો અને ખાસ કરીને ઈમ્પ્રેશનિસ્ટ કૃતિઓ પ્રત્યે એમને વિશેષ પ્રેમ હતો. અલબત્ત, અન્ય કલાશૈલીઓની કૃતિઓ પાછળ પણ તેઓ મોકળે હાથે પૈસા ખરચતા. સદ્ભાગ્યે પત્ની પણ એમાં રસ લેતાં, પતિપત્ની બંને અવારનવાર સંગીત પણ માણતાં.



(૧૩) આમ આ કોર્ટોલ્ડ દંપતી લંડનના ચિત્રકલા ને સંગીતના વર્તુળોમાં ખ્યાત હતું. એમનું ઘર કલાકારો ને કલાચાહકોનું એક મિલનસ્થાન બની રહેલું. કલાચર્ચાઓ સાથે ત્યાં સંગીતના કાર્યક્રમો પણ યોજાતા. (૧૪) લંડનના ઐતિહાસિક કોવેન્ટ ગાર્ડન ઑપેરા ને સંગીત સમારંભોમાં એમની હાજરી જાણીતી હતી. શ્રીમતી કોર્ટોલ્ડ પોતે પણ ક્યારેક કામદારો માટે સંગીત કાર્યક્રમો યોજતાં. (૧૫) બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કોર્ટોલ્ડે રાષ્ટ્રીય મહત્ત્વનાં અનેક કાર્યોની જવાબદારી સંભાળેલી. ઈ. ૧૯૪૦-૪૧ દરમિયાન લંડન પરના અતિ ભારે હવાઈ આક્રમણો વખતે યે તેઓ દફતરમાં સતત કાર્યરત રહેલા. (૧૬) સંસ્થાના વડા હોઈ એમનું સ્થાન એમના માણસો સાથે કાર્ય-સ્થળ પર જ હતું. કટોકટીની પળોમાં જરૂર પડયે કામ લાગે એ સારુ પોતાના પોલાદી શિરટોપ ને ગૅસમાસ્ક સાથે આ ઉદ્યોગપતિ કલાચાહકે ૭૦ વર્ષની વયે પણ કાર્યક્ષેત્ર પર હાજર રહી ફરજ અદા કરેલી.

માત્ર કૉલેજિયનો જ નહિ, સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને પણ આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખ**ની લેખમાળા

ખંડ ૩જો • પ્રકરણ ૧૦

અંગ્રેજી સાહિત્યનું આચમન

ક્રિસ્ટૉફર માર્લો (૧૫૬૪-૧૫૯૩)

ઓગણીસમી સદીના આરંભ સુધી ક્રિસ્ટૉફર માર્લો (Christopher Marlowe)નું નામ સાહિત્યક્ષેત્રે બહુ ઝળક્યું ન હતું. તેની કૃતિઓ તરફ વિદ્વાનોનું ખાસ ધ્યાન ગયું ન હતું. પણ બેન જૉન્સન અને બીજા રોમૅન્ટિક શૈલીના સર્જકોએ અને વિવેચકોએ તેની પ્રતિષ્ઠાને પુનર્જીવિત કરી અને શેક્સ્પીઅરના સમર્થ પુરોગામી તરીકે તેનું પદ નિશ્ચિત કરી આપ્યું. તેમ છતાં છેક ૧૯૦૦ની સાલ સુધી માર્લોના જીવન વિષે અલ્પ માહિતી જ પ્રાપ્ય હતી. ઈ. ૧૫૬૪ના ફેબ્રુઆરીમાં તેનો જન્મ. કૅન્ટરબરીના એક મોચીનો તે પુત્ર. કેમ્બ્રિજમાં શિક્ષણ પામેલો અને ૧૫૯૩માં ત્રીસ વર્ષ પૂરાં કરે તે પહેલાં તો દારૂના પીઠામાં થએલી તકરારમાં તે માર્યો ગયો. નાટ્યક્ષેત્રે તેણે હાંસલ કરેલી ઝળકતી સિદ્ધિનું સાચું મૂલ્યાંકન આ વીસમી સદીમાં જ સંશોધકો અને વિદ્વાનોએ કર્યું અને શેક્સ્પીઅરને પણ તેનાં નાટકોમાંથી કેવી બધી પ્રેરણા ને સૂઝ—માત્ર રંગભૂમિ પરત્વે જ નહિ, નાટ્યાત્મક પરિસ્થિતિના ચિત્રણ બાબત અને બ્લૅન્ક વર્સની અજમાયશમાં પણ—મળી તેના પર પ્રકાશ પડ્યો. અને નાટ્યક્ષેત્રે યુનિવર્સિટીના વિદ્વાનોએ જે પ્રદાન કર્યું તેમાં માર્લોનું નામ મોખરાનું બની રહ્યું.

નાટ્યક્ષેત્રે માર્લોનો પ્રવેશ શાંત, મૃદુ પગલે સંકોચપૂર્વકનો ન હતો. અણધાર્યા તોફાનની જેમ તેના આગમનથી ઇલિઝાબેથ યુગનું સ્ટેજ ગાજી ઊઠ્યું, અને તેની પહેલી સિદ્ધ કૃતિ 'ટૅમ્બરલેઈન' (Tamburlane)ની સ્ટેઈજ પરની રજૂઆતે એ યુગના પ્રેક્ષકોમાં રોમાંચ જગાવી દીધો. આ કૃતિની અગાઉ 'સ્પૅનિશ ટ્રૅજેડી' અને 'આર્ડન ઑવ ફીવરશૅમ' એ બે ટ્રૅજેડીઓએ પ્રેક્ષકોને મુગ્ધ કરી નાખ્યા હતા, પણ 'ટૅમ્બરલેઈન'ની તો છટા જ નિરાળી હતી! અગાઉની બે કૃતિઓમાં દૃઢ નીતિમત્તા અંતર્ગત હતી; 'ટૅમ્બરલેઈન'માં માર્લોએ નીતિને ઝાંખરાની જેમ ધરતીમાંથી ઉખેડીને હવામાં ફગાવી દીધી! ઇતિહાસમાં ત્રાસવાદી તૈમુર તરીકે સુપ્રસિદ્ધ યોદ્ધાના હેવાનિયતભર્યા સાહસપૂર્ણ જીવનનો ચિતાર વાંચતાં માર્લોની કલ્પના ભભૂકી ઊઠી, નાટક માટેનો એક અદ્ભુત અપૂર્વ નાયક તેના મગજનાં દ્વાર ખખડાવી રહ્યો, અને તેણે માંડ વીસ વર્ષ પૂરાં કર્યાં હશે ત્યાં તો તેની 'ટૅમ્બરલેઈન' નાટ્યકૃતિએ ઇંગ્લૅંડના સ્ટેઈજને ધણધણાવી મૂક્યું! એ નાટકના નાયકને પ્રેક્ષકો ભય અને આદરથી ચકિતપણે નિહાળી રહ્યા. આવો અપ્રતિમ યોદ્ધો, સત્તાભૂખ્યો રાક્ષસ, અને તે સાથે જ ઉમદા પ્રેમી સ્ટેઈજ પર પૂર્વે કદી નીરખ્યો ન હતો. ટૅમ્બરલેઈનનાં સત્તાલાલસાથી પ્રેરાએલાં સાહસો, તેની જંગાલિયત, તેનો રોમાન્સ બધું જ એ યુગના પ્રેક્ષકો માટે અવનવું જ અદ્ભુત હતું. એ નાયકના દિલમાં સમગ્ર વિશ્વ પર સત્તા પ્રાપ્ત કરવાની એકમાત્ર તમન્ના ભડભડી રહી હતી. એના જીવનમાં જંપ ન હતો. સત્તાના નશામાં એ ચકચૂર હતો. સત્તાની લાલસા એ જ આ નાટકનો વિષય છે. પણ એ લાલસા—'the thirst of reign and sweetness of a crown' (રાજ-મુગટની ઝંખના) માત્ર સિદ્ધ થઈ શકે તેવા પદાર્થો માટે નથી; એને તો અમર્યાદિત સત્તા—કદી કોઈએ હાંસલ ન કરી હોય તેવી સિદ્ધિ હાંસલ કરવી છે અને એની આસુરી વૃત્તિ એની પાસે આકાશના દેવને પણ પડકાર ફેંકાવે તેવી છે. પરાક્રમો દ્વારા માણસ પોતે ભાગ્યનો વિધાતા બની શકે છે એવો એનો વિશ્વાસ છે. એની શક્તિને માઝા નથી. નીતિ-અનીતિ, પાપ-પુણ્ય, કશાની જરા સરખી પરવા કર્યા વિના એ શમા પાછળ ઘૂમતા પરવાનાની જેમ સત્તા માટે ઘૂમે છે એ સત્તાની ઘેલછામાં અંતિમ બિંદુ સુધી પહોંચનારો—આત્યંતિક—છે.

એક સામાન્ય ભરવાડમાંથી મોટા સામ્રાજ્યનો શહેનશાહ બનનાર, ચૌદમી સદીના આ તાર્તારના દિલમાં ભડકે બળતી મહત્ત્વાકાંક્ષા આગળ સિકંદર કે સીઝરની ઝંખના પણ ઝાંખી લાગે! ઈરાનને પરાજિત કરનાર, હિંદ અને સીરિયાને મરુભૂમિ બનાવી મૂકનાર, બીજા અનેક શાહ-બાદશાહોને બંદીવાન કરનાર, ચીન પર ત્રાટકતાં લડાઈમાં જ વીર મૃત્યુ પામનાર આ નાયક, માણસની નહિ, માણસોના—સ્ત્રીબાળકો સહિત—ટોળાની જ સામુદાયિક કતલમાં રાચે છે. મોત પામનારનો તરફડાટ તેની વિજિગીષાને બળ આપે છે. દિલ્હીના કોટની દીવાલો પર હજારો મુરદાં લટકાવવાની તે લિજ્જત માણે છે, બગદાદમાં પરાજિત યોદ્ધાઓનાં ડોકાં લટકાવી તે શેતાની આનંદ લૂંટે છે, લોહીના ફુવારામાં અંઘોળ કરવાનો તેનો શોખ છે, તેની બેગમ ઝેનોક્રેટ (Zenocrate)ના અવસાનની યાદગીરીમાં તે આખું ગામ સળગાવી મૂકે છે!

આવા નાયકની ક્રૂરતા ને નિષ્ઠુરતાને પણ ભવ્ય કરી મૂકી માર્લો પ્રેક્ષકોમાં તેના અપ્રતિમ જુસ્સા ને પરાક્રમ માટે આદરનો ભાવ જગાવી શક્યો છે. જ્ઞાન (સત્તા)નાં શિખરો એક પછી એક સર કર્યા કરવાં અને હરદમ સીધાં ચઢાણ તરફ કૂચ જારી રાખવી એને જ તે મનુષ્યનો પરમ પુરુષાર્થ ગણે છે:

Still climbing after knowledge infinite,
And always moving as the restless spheres.

પરાજિત રાજાઓને પકડીને તેમની પાસે તે પોતાનો રથ ખેંચાવે છે; રાજાઓને ગર્વથી—તુચ્છકારથી કહે છે:

Holla, ye pampered Jades of Asia:
What? Can ye draw but twenty miles a day?

કોઈક રાજાનો, તે સિંહાસન પર ચડવા માટે મેજ તરીકે ઉપયોગ કરે છે. પરાજિત શાહ બજઝત (Bajazat) પીંજરામાં ભૂખ્યો ડાંસ છે, ટૅમ્બરલેઈન તેની સામે મિજબાની માણે છે. પોતાની તલવારની અણી પર એકબે કોળિયા તેના મોં સામે ધરે છે. અપમાનથી લજ્જિત બનેલો તે લોખંડના સળિયા સાથે માથું પટકીને મરે છે. તેની બેગમ પણ તેની દુર્દશા જોતી મોતને વરે છે. આવાં ઊર્મિથી ઊછળતાં દૃશ્યોએ એ જમાનાના પ્રેક્ષકોમાં કેવા વિવિધ ભાવ પ્રેર્યા હશે તેની કલ્પના જ કરવાની રહે છે.

ક્રૂર, નિષ્ઠુર, ત્રાસવાદી ટૅમ્બરલેઈનના વ્યક્તિત્વનું ઉમદા પાસું જ્યારે ઇજિપ્તના રાજાના પ્રાણની ભિક્ષા માટે એની રાજકુમારી પેનોક્રેટ ટૅમ્બરલેઈનને વીનવે છે ત્યારે પ્રગટ થાય છે. સૌન્દર્યથી મુગ્ધ બનેલો તેનો રસિક આત્મા ઉદ્ગાર કરી ઊઠે છે:

What is beauty saith my sufferings then?
If all the pens that ever poets held
Had fed the feeling of their masters' thought.

'ટૅમ્બરલેઈન'નો પહેલો ભાગ ઈ.૧૫૮૭માં પ્રગટ થયો ને પ્રેક્ષકો એવા પ્રભાવિત થઈ ઊઠ્યા કે તેનો બીજો ભાગ માર્લોએ તત્કાળ—૧૫૮૮-માં રજૂ કર્યો. પહેલા ભાગમાં ટૅમ્બરલેઈનની વિજયકૂચનાં દૃશ્યો જ ચિત્તને આકર્ષી રાખે છે. તેમાં એકવિધતાનો અનુભવ પણ સહૃદય પ્રેક્ષકોને થાય. પણ બીજા ભાગમાં વિવિધતા આકર્ષક બને છે. ખાસ તો ઝેનોક્રેટના મૃત્યુનો પ્રસંગ નાટકમાં એક નવો વળાંક આણે છે. એ સમયે ઊર્મિલ બનેલા ટૅમ્બરલેઈનની વાણી પણ પ્રેક્ષકોને વશ કરે તેવી છે.

'ટૅમ્બરલેઈન'માં માર્લોએ બ્લૅંક વર્સનો જે સમર્થ પ્રયોગ કરી બતાવ્યો તેથી બેન જૉન્સન જેવો વિવેચક 'Marlowe's mighty line' એવા પ્રશંસાત્મક ઉદ્‌ગાર કરી ઊઠયો. માર્લોની પૂર્વે અનેક કવિઓએ બ્લૅંક વર્સની અજમાયશ કરી હતી, પણ માર્લોએ બ્લૅંક વર્સ દ્વારા નવો જ રણકો, પ્રભાવ, ઘણઘણાટ ઉત્પન્ન કર્યો. અલબત્ત, ઉન્મત્ત ભાવોની રજૂઆતમાં તેને બ્લૅંક વર્સે ઉત્તમ કાર્ય સિદ્ધ કરી આપ્યું છે; પરંતુ હૃદયના મૃદુ-સૂક્ષ્મ ભાવોના નિરૂપણ માટે બ્લૅંક વર્સનું ખેડાણ તો શેક્સપીઅરને હાથે જ થાય છે.

'ટૅમ્બરલેઈન' નાટકે માર્લો માટે 'નાસ્તિક', 'અનીતિમાન' અને એવાં બિરુદ મેળવી આપ્યાં. અને સાથે જ તેણે આ નાટકમાં તેના સમગ્ર વ્યક્તિત્વના નિચોડ રૂપ નાયક સર્જ્યો છે અને તેના સર્જનમાં તેણે હૃદયની કોઈ રૂંધામણ અનુભવી નથી. માર્લોનું રોમૅન્ટિક વલણ બરાબર ખીલી ઊઠયું છે. એની પ્રકૃતિનું આત્યંતિકપણું એના નાયકમાં બરાબર પ્રગટયું છે. 'ટૅમ્બરલેઈન' પછી તેણે બીજાં નાટકો પણ રચ્યાં, પણ 'ટૅમ્બરલેઈન'માં તેની પ્રકૃતિનું જે દર્શન થાય છે તે બીજાંમાં નથી. એ બધાં 'ટૅમ્બરલેઈન'ના અનુસંધાનમાં ચાલતાં લાગે છે. જો કે એ નાટકો દરમ્યાન તેની રંગભૂમિ વિષેની સૂઝ પણ વિકસી છે અને ઊર્મિના ઉછાળા શાંત પડયા છે.

ડૉકટર ફૉસ્ટસ (અંદાજે ૧૫૮૮–૮૯)

ટૅમ્બરલેઈનના જેવા જ નાયકને નિરૂપતી માર્લોની બીજી ટ્રૅજિક કૃતિ 'ડૉક્ટર ફૉસ્ટસ' નામની છે. તેમાં પણ ડૉ. ફૉસ્ટસ અનંતને તાગવા મથે છે, ઝંખે છે. પણ એની મહત્ત્વાકાંક્ષા ભૌતિક સત્તા માટે નથી. એનામાં અદમ્ય જ્ઞાનતૃષા છે. એને તૃપ્તિ નથી. ટૅમ્બરલેઈનની જેમ એના અંતરમાં પણ જ્ઞાન—અનંત જ્ઞાનની પ્રાપ્તિ માટેનો ઉત્કટ અજંપો છે. એ રીતે ટૅમ્બરલેઈનનો જ એ બંધુ છે. ડેવિડ ડેચીઝ નોંધે છે તેમ 'Doctor Faustus is a Tamburlane on the intellectual level'; અને તેને મન જ્ઞાન એ જ સત્તા છે. જગતમાં શકય તેટલું બધું જ્ઞાન પ્રાપ્ત કરીને બેઠો હોવા છતાં હજુ તેનો તલસાટ શમતો નથી. એની જ્ઞાનપીપાસા એની પાસે ઉદ્‌ગાર કઢાવે છે: 'અહો! વિદ્વાન માટે વિશ્વમાં કેવી આશા, કેવો આનંદ ભર્યાંભર્યાં છે! વિશ્વમાં વિચરતી તમામ વસ્તુઓ પર મારો અંકુશ–મારી સત્તા. બાદશાહ અને શહેનશાહોની અમુક પ્રદેશમાં જ હાક વાગે; તેઓ કાંઈ વંટોળ ચગાવી શકવાના હતા? વાદળાં વરસાવી શકવાનાં હતા? પણ જ્ઞાનનું સામ્રાજ્ય તો મનુષ્યનું મન જ્યાં સુધી વિસ્તરે ત્યાં સુધી ફેલાવી શકાય.'

જ્ઞાનની શોધમાં તે પણ અંતિમવાદી બને છે. જાદુ અને નિષિદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ માટે તે પુરુષાર્થ આચરે છે. શેતાન સાથે તે ચોવીસ વર્ષ માટે બધી વિદ્યા પોતાને હસ્તક રાખવાનો કરાર કરે છે. અતિશય આત્મવિશ્વાસથી તે શેતાનની જાળમાં સપડાય છે. એને તો ચોવીસ વર્ષ સુધી બધી વિદ્યાના સ્વામી થવાની સિદ્ધિનો એટલો આનંદ છે કે શેતાન પર વારી જઈને એ ઉદ્‌ગાર કરી ઊઠે છે: અરે!—

Had I as many souls as there be stars,
I'd give them all for Mephistophilis.

નિષિદ્ધ જ્ઞાન ને વિવિધ વિદ્યાઓ તેણે મેળવી; પણ હવે ચોવીસ વર્ષ પછીનો વિચાર કયારેક તેને કંપાવી મૂકે છે; શેતાનને શરણે શાશ્વત કાળ માટે દોઝખમાં જવું પડશે, ઈશ્વરની ક્ષમા તેને નહિ મળે એ વિચાર તેને બેચેન કરી મૂકે છે. એ અફસોસ કરતો બોલી ઊઠે છે: 'ફૉસ્ટનો દોષ કદાપિ માફ નહિ થાય. ઈવને લલચાવનારા સાપને ક્ષમા મળશે, ફૉસ્ટને નહિ'.

માર્લોને આ નાટક સ્ટેઈજ પર રજૂ કરવામાં એક ખાસ મુશ્કેલી એના નાટયવિષયને કારણે નડી છે. ટૅમ્બરલેઈનના વિજયનાં દૃશ્યો તો તે સ્ટેઈજ પર રજૂ કરી શકયો. પણ ડૉ. ફૉસ્ટસ જે જાદુમય વાતાવરણમાં જીવે છે તેનાં દૃશ્યો સ્ટેઈજ પર કેમ રજૂ કરવાં? માર્લોને નજરબંદીની ને એવી સસ્તી તરકીબોનો આશરો લેવો પડયો છે. પરંતુ નાટકમાં ડૉ. ફૉસ્ટ જ્યારે ટ્રૉયની હેલનનો સાક્ષાત્કાર કરે છે ત્યારે તેના સૌન્દર્યના કેફમાં તે જે ઉદ્‌ગાર કાઢે છે તે બ્લૅન્ક વર્સ દ્વારા ઉત્તમ કાવ્યને સિદ્ધ કરનારા છે. 'આ જ હેલન, જેને કારણે યુદ્ધજહાજોએ સફર કરી સર્વત્ર વિનાશ પથરાયો?

Sweet Helen, make me immortal with a kiss;
Her lips such forth my soul, see where it flies.
Come, Helen, come, give me my soul again..,
Here will I dwell, for heaven be in these lips,
And all is dross that is not Helena......

એના રૂપથી મત્ત બનીને તે કહે છે:

O thou art fairer than the evening air

અને ઉમેરે છે:

લઘુકથા

છતે દીકરે

દિલીપ રૉય

વીમા અંગેનું થોડું કામ પતાવી હું નડિયાદથી પાછો ફરતો હતો. અચાનક વિન્ડસ્ક્રીનમાંથી એમનો પરસેવે રેલાતો ચહેરો જોયો. બસ-સ્ટૅન્ડ પર છત્રી ઓઢી ઊભા હતા: સાંગોપાંગ જર્જરિત ને નખાઈ ગએલા.

એમની લગોલગ કાર ઊભી રાખી મેં એમને મોટરમાં આવી જવા કહ્યું. મારી ઓળખ આપ્યા પછી જ એમની આંખોમાં પરિચિતતા ડોકાઈ.

'ઓહો મહેશ! ભાઈ, અમેરિકાથી કયારે આવ્યો? શરીર તો સારું છે ને?' મારા આખાય ચહેરા ઉપર એમનો વત્સલ હાથ ફરી રહ્યો. મેં બારણું ખોલી એમને અંદર લીધા.

એ વાડજ બાજુ કયાંક રહેતા હતા. જૂની પરિચિતતા ઉકેલાઈ. વાતચીતમાં એમની જૂની સૃષ્ટિ સજીવ કરી બેઠા. પણ એમાં કયાં ય એમના બંને પુત્રોની વાત ન આવી!

'શું ચાલે છે કાકા? બચુભાઈ, ત્રિકમભાઈ વગેરે?...'

અતીત વાગોળતા ડોસાના ચહેરા ઉપર ક્ષોભ ઊતરી આવ્યો. છતાં સ્મિતને પકડી રાખ્યું.

નવરંગપુરાના રમણીય વિસ્તારમાંથી પસાર થતાં બોલ્યા: 'જો પેલો ત્રણ માળનો સફેદ બંગલો દેખાય ને, એ બચુભાઈનો. ગઈ સાલ મોટર પણ લીધી. બહુ સુખી છે. ત્રિકમે પણ બંગલો બંધાવ્યો છે. એ જરા અંદરની બાજુએ છે. એનું કારખાનું પણ સારું ચાલે છે. હાલ તો સ્કૂટર છે, પણ ટૂંક સમયમાં એ ય મોટર...'

એમણે પોતાની માહિતી ન આપી. પણ મેં મારા પિતાજી પાસેથી જાણેલું કે એ કોઈ પેઢીમાં નામું લખે છે: છતે દીકરે!

'બસ, ભાઈ! અહીં જ. આ સામે દેખાય ને એ ઓરડીમાં હું રહું છું. ચાલ, તારી કાકીને મળવું નથી? બીચારી તને જોઈને રાજી થશે...'

અત્યંત આધુનિક સોસાએટીની પડખે ઊભેલી જર્જરિત ચાલીમાંની એક ખોલી તરફ મંડાએલી એમની દૃષ્ટિમાં ઓછપ સાથે ગ્લાનિ હતી.

'પછી કયારેક આવીશ કાકા; આજે તો હવે જાઉં. મોડું થયું છે...'

'લે...ભાઈ.' કહી કારમાંથી ઊતરતાં એમણે મારે માથે ફરી વહાલભર્યો હાથ ફેરવ્યો. એમના પરસેવાથી ભીની થએલી સીટ લૂછવાને બહાને એમણે સીટની મુલાયમતાને મમત્વથી પંપાળી લીધી. હતાશ લોલુપતા એમની આંખોમાં સળવળીને અદૃશ્ય થઈ ગઈ. □

More lovely than the monarch of the sky.

આવું વિદ્યા-વિલાસમય જીવન વીતે છે. ચોવીસ વર્ષ થતાં જ શેતાનનાં પગલાંના પડઘા સંભળાય છે. એ સમયની ડૉ. ફૉસ્ટની વિહ્વળ મનોદશાનું માર્લોએ સુ-રેખ ચિત્ર બ્લૅંક વર્સની સમર્થ પંક્તિઓમાં ઊપસાવ્યું છે. નાટકનાં છેલ્લાં દૃશ્યો સાચા અર્થમાં કરુણ બન્યાં છે. અને સમગ્ર નવજાગ્રતિકાળનાં નાટકોમાં માર્લોની ઉત્તમતા આ દૃશ્યોમાં સ્થાપિત થાય છે. સમગ્રપણે એનાં નાટકો કલાપૂર્ણ ન ગણાય, તેમ છતાં કેટલાક અંશોમાં તેની એવી ઉત્તમ પ્રતિભા પ્રગટ થઈ છે કે વિવેચકો શેક્સ્પીઅર પણ એવા અંશોમાં તેનાથી આગળ નીકળી જઈ શક્યો નથી એવો અભિપ્રાય ધરાવે છે.

શેતાનના આગમનની ઘડી ગણાય છે અને ડૉ. ફૉસ્ટસ પોતાને ઉદ્દેશીને કહે છે: 'ઓહ ફૉસ્ટસ! હવે એક કલાક બાકી: જીવનનો છેલ્લો કલાક! અને પછી? શાશ્વત દોજખમાં! અરે કાળ! જરા થંભી જા! મધરાતનું અવતરણ ન થાઓ! અરે કોઈ આ અંતિમ કલાકને વર્ષમાં, માસમાં અરે, એક દિવસ જેટલો કરી શકો—તો ફૉસ્ટ પ્રાયશ્ચિત્ત કરીને તેના આત્માને ઉગારી શકે!

પણ ગ્રહોની ગતિ ચાલુ છે. કાળ દોડતો જાય છે...મધરાત! શેતાન આવશે, ડૉ. ફૉસ્ટના આત્માનો વિનિપાત! 'હે ઈસુ! એક જ કૃપાબિંદુ વરસો; મારા આત્માને ઉદ્ધારો! અરે પર્વતો! મારા પર તૂટી પડો, મને દાટી દો, ઈશ્વરના રોષમાંથી મને ઉગારી લો. અહો! અર્ધો જ કલાક! હે પ્રભુ જરાક જ દયા! વેદનાથી હું તરફડું છું...સો વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ નર્કયાતના વેઠવા તૈયાર છું, પરંતુ એ પછી ય મારો ઉદ્ધાર નહિ?

O! no end is limited to damned souls...

અરે, આ ડંકો પડ્યો...ઓ આત્મદેવ! નાનાં જલબિંદુ બની સાગરમાં ભળી જાઓ...કદી પત્તો જ નહિ! પ્રભુ! દયા! આમ રોષભરી દૃષ્ટિ ના કરો.'

અને ત્યાં તો શેતાન આવી રહે છે. ફૉસ્ટસ ચીસ પાડી ઊઠે છે—'અરે, જરાક શ્વાસ લઈ લઉં...અરે મારું બધું જ્ઞાન બાળી મૂકવા તૈયાર છું...ઓ—ઓ શેતાન!'

Adders and Serpents, let me breathe a while:
Ugly hell gape not; come not Lucifer,
I'll burn my books—ah, Mephistophilis!

ટૅમ્બરલેઇન અને ફૉસ્ટ બંને સત્તાના કેફમાં ચકચૂર અસુર છે. એમનાં કાર્યો જ એમનાં ભાગ્યને નિર્માણ કરે છે. ટૅમ્બરલેઈનમાં ભૌતિક વિજયની ભૂખ છે. એ ભૂખ કદી સંતોષાતી નથી. મોતમાં જ તેની ભૂખની તૃપ્તિ છે. ડૉ. ફૉસ્ટમાં જ્ઞાન-સત્તાની અદમ્ય ઝંખના છે અને એ સત્તા-જ્ઞાનનું સામ્રાજ્ય પામવાની મહત્ત્વાકાંક્ષામાં જીવનની કરુણતા નોતરે છે. એ બંને મહાન છે છતાં એકાકી આત્માઓ છે. જગતમાં તેમનું વિશ્વાસપાત્ર કોઈ સ્વજન નથી.

માર્લોનું ત્રીજું નાટક 'ધ જ્યૂ ઑવ માલ્ટા' (ઈ. ૧૫૯૦?) પણ બારાબાસ નામના એક યહૂદીની ધન માટેની ઘેલછાનું ચિત્ર રજૂ કરે છે. પોતાનું ધ્યેય સિદ્ધ કરવા એ કોઈ પણ શુદ્ધ—અશુદ્ધ સાધન અજમાવતાં અચકાતો નથી. ટૅમ્બરલેઈન કે ફૉસ્ટસની જેમ તેનામાં ધન માટેની ભૂખ છે, પરંતુ એ અદમ્ય ઝંખના આ નાટકમાં માર્લો બરાબર ઊપસાવી શક્યો નથી. બારાબાસમાં અગાઉના બે નાયકોના દિલમાં જલતો આતશ પ્રતીત થતો નથી અને નાટક ઘટનાઓના સરવાળા જેવું બની રહે છે.

માર્લોની મૃત્યુ અગાઉના જ વર્ષમાં પ્રકાશ પામેલી ટ્રૅજડી 'એડવર્ડ ધ સેકન્ડ' (Adverd the Second)માં માર્લોનો કલાસંયમ વરતાય છે. માત્ર આવેશાત્મક ઊર્મિના ઉછાળાને સ્થાને હવે સ્વસ્થ, શાંત, મૃદુ વાણીનો અહીં પરિચય થાય છે. માર્લોની નાટ્યપ્રતિભાનો વિકાસ પણ આ નાટકમાં વિવેચકોએ જોયો છે. નાટ્યાત્મક પરિસ્થિતિના ચિત્રણમાં તેની કલા હવે પાંગરી છે, બ્લૅન્ક વર્સનો ધણધણાટ જઈને હવે રણઝણાટ પ્રગટતો દેખાય છે. સંવાદોમાં પણ સમતુલા અને સંયમ વરતાય છે.

> **હરિઃ ૐ આશ્રમ તરફનું**
> **સપ્ટેમ્બર અંક માટેનું રૂ. ૫૦નું**
> **જીવનચરિત્ર પારિતોષિક**
> **'ઠાકુર જયદેવસિંહ'ના લેખક**
> **શ્રી મધુસૂદન ઢાંકીને મળે છે.**

નાટ્યવસ્તુ એવું છે કે એડવર્ડ રાજા (બીજો એડવર્ડ) તેના માનીતા સરદારોના આધારે જ રાજધુરા વહે છે. એમાંનો પહેલો સરદાર ગેવસ્ટન (Gaveston) છે, અને તેની પછી છે મૉર્ટીમર (Mortimer). આ બીજો સરદાર રાણી ઈસાબેલાનો પ્રેમ મેળવી, રાજાનો વિશ્વાસઘાત કરી, તેને જેલમાં પૂરીને પાછળથી તેનો વધ કરે છે. એડવર્ડ બીજો પોતાની ઊર્મિલતા-સ્વભાવગત નિર્બળતા-ને કારણે જીવનની કરુણતા નોતરે છે. ફૉસ્ટસના મૃત્યુના પ્રસંગમાં જે ભવ્ય કરુણતા છે તેવી જ એડવર્ડ બીજાના વધ-પ્રસંગમાં પણ પ્રગટ થઈ છે. બીજાં નાટકોની તુલનાએ આ કૃતિ રચનાદૃષ્ટિએ સારી ગણાઈ છે, પરંતુ પાત્રનું વ્યક્તિત્વ આલેખવામાં માર્લોની નબળાઈ છતી થઈ જાય છે.

માર્લોની નાટ્યપ્રતિભાએ નાટકને ઉચ્ચ સાહિત્યની કક્ષામાં મૂકી આપ્યું એ તેની સિદ્ધિ છે. બ્લૅન્ક વર્સનો વિનિયોગ પણ નવજાગ્રતિકાળના કવિઓ કરતાં તેણે વધુ સફળ રીતે કરી દેખાડ્યો—માર્લોમાં જીવન વિષેનું અને મનુષ્ય વિષેનું એક વિશિષ્ટ દર્શન હતું. તેણે નાટકમાં પોતાનું એ દર્શન પ્રગટ કર્યું. માર્લોનું કાવ્યત્વ પણ નાટકની કલામાં ખૂબ કામયાબ નીવડ્યું. માર્લોને ભલે નાસ્તિક ગણવામાં આવ્યો હોય, પણ એની વાણીના પડઘા મિલ્ટનનાં પાત્રમુખે સાંભળવા મળશે. બાયરન અને શેલીમાં પણ તેના વ્યક્તિત્વના અંશો જોવા મળે. માર્લોનાં નાટકોએ અંગ્રેજ પ્રજામાં રાષ્ટ્રીય અસ્મિતાની ભરતી જગાવી. એણે સર્જેલાં અતિમાનવ (superman) પાત્રો ભલે તેનાં mouthpieces હોય તો પણ તેમણે પ્રેક્ષકોનાં ચિત્ત પર ભારે પકડ જમાવી.


આમ, શેક્સ્પીઅરની પૂર્વે માર્લોએ ઉત્તમ નાટ્યકલાની સિદ્ધિ માટે વાતાવરણ રચી આપ્યું એ તેનું મોટું પ્રદાન છે. (ખંડ ૩જો સમાપ્ત)

સ્વામી દયાનંદ (અનુસંધાન પૃષ્ઠ ૩૨૩થી) મળે છે. દયાનંદ પોતાના સાથીઓની પસંદગીમાં જરા થાપ ખાઈ ગયા હતા, કારણ કે તેમનો જાન લેવાના પ્રસંગો બનતા ગયા ત્યારે તેમને ખયાલ આવ્યો કે તેમણે ખોટા માણસોમાં વધુપડતો વિશ્વાસ રાખ્યો હતો. તેમના આ જાતના ભોળપણનો લાભ ઉઠાવીને જ, શ્યામજી કૃષ્ણવર્મા, જોધપુરના મહારાજા, માદામ બ્લૅવત્સ્કી, કર્નલ ઑલ્કૉટ અને પંડિત ઈન્દ્રમણિએ શરૂઆતમાં દયાનંદના મન ઉપર સરસ છાપ પાડી પરંતુ આગળ ઉપર તક મળતાં તેઓ બધા તેમને હાથતાળી આપીને પલાયન થઈ ગયા.'

વાસ્તવમાં શ્યામજી કૃષ્ણવર્માને વિદેશોમાં જઈને 'ભારતની સારી ઓળખ' આપવાની પ્રેરણા સ્વામીજીની જ હતી; અને એ રીતે જ શ્યામજીએ લંડનનિવાસ પસંદ કરેલો,—જેમને સરકારી ઇતિહાસમાં 'ખોટા માણસ', 'તક મળતાં હાથતાળી આપીને પલાયન થઈ જનાર' તરીકેનું સ્થાન જ બેધડક મળી શકે છે!

...પણ ગુજરાત તો ગૌરવ કરશે પોતાના મૂળશંકર માટે, જે કેવળ ભગવી કંથાધારી સ્વામી રહેવાને બદલે જનસમાજનો યે સ્વામી બના રહ્યો હતો.

(ક્રમશઃ)



કુંકાવટી

યુદ્ધકાલીન ને યુદ્ધોતર કપરી સ્થિતિઓનો જે સામનો યુદ્ધગ્રસ્ત દેશોની પ્રજાએ કરેલો છે તેનો ખરો ખયાલ કદાચ આપણને નથી, અને એટલે જ આજની આપણી મુશ્કેલીઓ આપણને વધુ ગભરાવી રહી છે. બુદ્ધિ અને પુરુષાર્થ વડે જ તો માનવજાત ટકી રહી છે અને વિકાસ કરી શકી છે. મોંઘવારી આ બેને તો અલબત્ત ન જ હંફાવી શકે, પણ હતાશા જરૂર એમને પાછા પાડી- દે. આજની કપરી સ્થિતિની સાથેસાથ આપણે હતાશા પર જો કાબૂ મેળવી લઇએ તો એ પછીની લડત ઘણી સરળ બની રહે.

છેલ્લા બે અંકોમાં કરકસર અંગેનાં સૂચનો પ્રકટ થતાં અનેક વાચકો મોંઘવારી સામેની અવનવી યુક્તિઓ ને પોતાના વિચારો લખી મોકલે છે. એ જ બતાવે છે કે હજી આપણું હૈયું સાબૂત છે ખરું. આ બધા પત્રોમાંથી સમાન સૂચનો તારવી કાઢ્યા પછી યે કેટલાક ઉપયોગી વિચારો મળી રહે છે. અહીં એ ફરી યાદ આપીએ કે પૈસા બચાવે એ જ માત્ર કરકસર નથી. અનેક નકામી ગણાતી ચીજોનો કોઈ નવો ઉપયોગ પણ આડકતરી રીતે લાભ જ કરે છે. થોડાં એવાં સૂચનો જોઇએ:

■ તૈયાર મળતાં પોસ્ટકાર્ડ લગભગ ૮.૫×૧૪ સે. મી.ના કદનાં હોય છે, પણ ૧૫ પૈસાની જ ટિકિટ ચોડીને એથી સહેજ મોટા કદનાં કાર્ડ પણ પોસ્ટકાર્ડ તરીકે ચાલી શકે છે. જરૂરી, મુદ્દાસર ને ચીવટથી લખીએ તો એટલામાં ઘણું વધુ લખાણ સમાવી શકાય.

■ ઍલોપથીની મોંઘી દવાઓનો ખર્ચ (અને આજકાલ ભેળસેળનું જોખમ પણ) વહોરવાને બદલે ઘરગથ્થુ આયુર્વેદિક દવાઓનો ઉપયોગ અપનાવી શકાય. ખરી રીતે તો ખાનપાનની યોગ્ય ટેવો પાડીને અનેક બીમારીઓનો ખર્ચ ને તકલીફો નિવારી શકાય.

■ રાત્રે મોડે સુધી જાગવાને બદલે સવારે વહેલા ઊઠી વાંચવાલખવાથી વીજળી બચે છે.

■ જેની છાલ ખાઈ શકાય તે શાક અને ફળોને છોલ્યા વિના જ ખાવાં.

■ ઘરનાં બધાં સભ્યો ઓછામાં ઓછું સાંજે તો સાથે જ બેસીને જમવાનું રાખે તો વારંવાર ગૅસ કે પ્રાયમસ નહિ પેટાવવો પડે અને સૌ સાથે બેઠાંનો લાભ મળશે.


■ નિષ્ક્રિય બેસી વાતોમાં વખત બગાડવાને બદલે સાથે બેસી પરચૂરણ ઘરકામ કરતાંકરતાં સમયનો સદુપયોગ કરો. રાત્રે વીજળીના એક જ ગોળાના પ્રકાશમાં પિતાનું લેખનવાચન, બાળકોનું શાળાનું ઘરકામ ને ગૃહિણીનાં અનેક પરચૂરણ કાર્યો એક સાથે થઈ શકે.


■ જે ખર્ચ કરો તે પૂરું વસૂલ થાય છે કે નહિ તે પર ચાંપતી નજર રાખવી.


■ પડોશીઓ અરસપરસ મોટાઈ બતાવવાને બદલે એકબીજા પાસેથી કરકસરના નવાનવા નુસખા શીખી શકે.

■ કામ પર જતાં બસ કે લોકલમાં રોજ નિયમિત ચાર-છ પાનાં વાંચીને પણ તમે એકાદ સારું પુસ્તક વાંચી શકો. સમયનો આ બચાવ ને સદુપયોગ છે.

> **ગૃહકાર્યે પટુ, અલ્પ વદ, જેનો અલ્પાહાર,**
> **એ વનિતા પતિપ્રાણ સમ, સર્વસુખનો સાર.**













તૈયાર મુઠ   તૂટેલી કાનસ



જડી દીધેલું પતરું

આ આકૃતિઓમાં ચાર સૂચનો છે. ઉપર નીચેની પ્રથમ બે આકૃતિમાં પાઉડરના ખાલી ડબ્બાનો એક ઉપયોગ સૂચવ્યો છે. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે એને કાપીને એટલો ભાગ ખુલ્લો કરી, ડબાને સુંદર રીતે રંગીને ભીંતે જડી દો તો નાનીનાની ચીજવસ્તુ મૂકવા થશે. તેની નીચે તૂટેલી કાનસનું પંચ કે સ્ક્રૂ-ડ્રાઈવર બનાવવાની યુક્તિ બતાવી છે. તૈયાર મૂઠમાં એ જડીદઇને જોઈતા કામમાં લઈ શકાશે. જમણી બાજુ મથાળે લીક થતી જમીનમાંની પાણીની પાઈપ પર સાઈકલની નકામી ટ્યૂબનું રબ્બર વીંટી દઈ ઉપર માટી વાળી દેવાથી પાણી ઝમતું અટકાવવાની યુક્તિ છે. કોઠારના બારણાને ઊંદરો બહુધા વચ્ચેથી જ કોરે છે. છેલ્લી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે તે જગ્યાએ બંને બારણા પર પતરું જડી દેવાથી ઊંદરો ત્યાં કાતરી નહિ શકે. (જશભાઈ પટેલ-બાંધણી)



આ કિનાર અને મથાળા પરની બુટ્ટી ભરતકામમાં ઉપયોગી થઈ પડશે.

❑ જો તમે સ્કૂટર વાપરતા હો તો બજારમાં કોઈ એક કેન્દ્રસ્થ સ્થાને એને રાખી નજીકનાં સ્થળોનું કામ ચાલતાં જઈને પતાવવાથી પૅટ્રોલ બચાવી શકાય.

❑ દાળભાત અને શાકને સ્થાને કેટલાંક રસાદાર શાક ને ભાત અજમાવ્યાં છે? ઘઉંના થુલાની પણ કેટલીક વાનગીઓ અજમાવવા જેવી છે.

❑ ખાંડના બદલે જ્યાં ગોળ વાપરી શકાતો હોય ત્યાં એનો ઉપયોગ ખર્ચ અને આરોગ્ય-દૃષ્ટિએ વધુ ફાયદાકારક છે.

મોઢાની દુર્ગંધ, સડતા દાંત, પારામાંથી નીકળતું લોહી, પીળા દાંત વગેરે ક્ષતિઓ દૂર કરવા નીચેનું એક સરળ મંજન ઘરે બનાવો:

બાવળના થડની જાડી છાલ બાળી તેના કોલસાનો ભૂકો ૭૦ તોલા, બારીક વાટેલું સીંધાલૂણ ૨૦ તોલા, માયાફળનો ભૂકો ૨ા તોલા, રૂમીમસ્તકી (બારીક) ૨ા તોલા, કાથો ઊંચો ૨ા તોલા, એલચી બારીક પીસેલી ૨ા તોલા, એ બધી વસ્તુને ભેગી કરી, ખરલમાં ઘૂંટી, કપડાથી ચાળી બાટલી ભરી મૂકવી. સવાર-સાંજ એ મંજન દાંતે ઘસવું.

મોંઘી ટૂથપેસ્ટો કરતાં આ વધુ ગુણકારી અને સરવાળે સસ્તુ પડશે.

જૂની થઈ ગએલી આમલી પર મીઠાનું પાણી નાખી તડકે સૂકવી જોજો.



આંગણાનાં ફૂલ-૨

હજારી ગલગોટા

મૂળ તો મેક્સિકો તરફનું, પણ આપણે ત્યાં યે સારી પેઠે પરિચિત બની ગએલું હજારી ગલગોટા (અં. મેરીગોલ્ડ)નું ફૂલ સૌએ જોયું હશે. ઉગાડવામાં ખાસ કંઈ જ ખટપટ ન હોઈ લગભગ બધે એ જોવા મળે છે. દશેરા-દીવાળી પર એનાં ફૂલ ઉભરાઈ ઊઠે છે, પણ જરા વધુ ચીવટથી ઉગાડાય તો બારે માસ એનાં ફૂલ મળે છે.

મોટી અને નાની એવી એની બે મુખ્ય જાત છે. મોટી જાતનો છોડ સીધો ને એક દોઢ મીટર ઊંચો તથા એનાં ફૂલ પણ પાંચ-સાત સેન્ટીમીટર જેટલાં મોટાં દડાકાર થાય છે. ભભકદાર પીળાથી કેસરી સુધીના રંગફેરવાળાં હજારીનાં ફૂલોમાં કોઈ જાતની પાંખડીઓ ઘટ્ટ તો કોઈની છૂટી છૂટી પણ હોય છે. આ ફૂલોની એક વિશિષ્ટ સુવાસ આવે છે. આની કેટલીક આફ્રિકન જાતનાં ફૂલ ઘણાં સુંદર હોય છે. ફૂલદાનીમાં પણ આ ફૂલો લાંબા સમય સુધી ટકે છે.

નાની જાત 'ફ્રેન્ચ મેરીગોલ્ડ' નામે ઓળખાય છે. એનાં ફૂલ નાનાં અને રંગે બદામી ઝાંયવાળાં નારંગી રંગનાં હોય છે. ખીલે ત્યારે આખો છોડ એનાથી છવાઈ જાય. વળી, લાંબા સમય સુધી ફૂલ ખીલ્યા કરે છે.

હજારી ગલગોટા માટે પ્રથમ બી રોપીને ધરુ કરી, ૭-૮ સે. મી. જેટલું વધે ત્યારે વેંતવેંતને અંતરે ક્યારામાં રોપવાથી સારો ફાલ આવે છે. સામાન્યતઃ જૂન-જુલાઈમાં ધરુ તૈયાર કરાય છે, પણ બીજી ઋતુમાં યે એ ઉગાડી શકાય. ધરુ ફેરવ્યા બાદ ત્રણેક માસમાં ફૂલ ખીલે છે ને બે-ત્રણ માસ સુધી આવતાં રહે છે. ચોમાસા સિવાયની ઋતુમાં ઉગાડેલા છોડ કરતાં અન્ય ઋતુમાં ઓછી વૃદ્ધિ પામે છે.

હજારીનાં પાન ૬-૮ સે. મી. લાંબાં, સાંકડાં ને કાકરવાળાં હોય છે. એમાંથી યે એક લાક્ષણિક વાસ આવે છે જે ઘણાંને જરા તીવ્ર લાગે છે. આ પાનનો રસ કેટલીક ઘરગથ્થુ દવાઓમાં પ્રાથમિક ઉપચાર તરીકે પણ વપરાય છે.

બીજથી થતા વાવેતરમાં ક્યારેક મૂળ છોડના જેવાં ફૂલ નથી આવતાં, એટલે સારા તંદુરસ્ત છોડની કલમો કરીને પણ સારો ફાલ નિપજાવી શકાય. આ માટે બહુ પાકટ તેમજ બહુ કુમળી નહિ એવી ડાળ પસંદ કરવી. વધુ ખાતર મળે તો છોડ ખૂબ ફાલે છે, પણ એને ફૂલ ઓછાં આવે છે, એટલે ખાતર પ્રમાણસર જ આપવું જરૂરી છે.

ગલગોટાનાં બીજ કાળાં બારીક હોય છે. અતિસાર પર એ દૂધમાં વાટીને પીવાય છે. ❑

મણિલાલ જ. શાહ

ટિકિટ-સંગ્રહ

વિશ્વ ડાકસંઘની શતાબ્દી નિમિત્તની ત્રણ ખાસ ટિકિટો અને તેર રોજિંદા વપરાશ માટેની નવી ટિકિટો





આ માસમાં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન-વિશ્વ ડાકસંઘની શતાબ્દી નિમિત્તે ભારતે ત્રીજી ઑક્ટોબરે ત્રણ ખાસ બહુરંગી ટપાલટિકિટો બહાર પાડી. એમાં ૨૫ પૈસાની ટિકિટ પર શ્રી સી. આર પક્વાસીએ ડાકસંઘના સંજ્ઞાચિત્રનું સંયોજન કર્યું છે. બીજી એક રૂપિયાની ટિકિટ પર શ્રી રામચંદ્રને 'મધુબાની' લોકકળા શૈલીમાં 'આખું જગત એક પંખીનો માળો છે' એવા સૂચન દ્વારા સંઘની ભાવના રજૂ કરી છે ને ત્રીજી ટિકિટ પર ગુજરાતના જાણીતા કલાકાર શ્રી જ્યોતિ ભટ્ટે વિવિધ રંગપટ્ટીઓની કલાત્મક ગૂંથણીના સ્વસ્તિક દ્વારા એ જ કથનને વ્યક્ત કર્યું છે. ❑ આ જ માસના આરંભ સાથે ભારતીય જીવન અને તેમાં વૈવિધ્યને રજૂ કરતી તેર નવી રોજિંદા વપરાશની ચાલુ ટિકિટોની એક માળામાંની પ્રથમ બે ટિકિટો બહાર પડી છે. એમાંની ૧ રૂ.ની ટિકિટ પરનું વીણાનું ડિઝાઈન દિલ્હીના નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ડિઝાઈન સેલના શ્રી વિનય સરકારનું છે, ૧૫ પૈસાની ટિકિટ પરનો વાઘનો ફોટોગ્રાફ ઉત્તર પ્રદેશના વનસંરક્ષક શ્રી જી. એન. સિંઘનો લીધેલો છે. ખાતા બહારના કલાકારોનાં ડિઝાઈનનો ઉપયોગ કરવાનું ટપાલવિભાગનું આ પગલું પ્રશંસનીય ને આવકાર્ય છે. (પ્રેષક · ડાહ્યાલાલ પરમાર-અમદાવાદ)



આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)) ની સલાહ

કમરનો દુખાવો

૧ સવારમાં પથારીમાંથી ઊઠતાંવેંત કમર દુખવા માંડે છે. બેસતાં ઊઠતાં ને હરતાંફરતાં સખત દુખાવો રહે છે. ઘણી દવાઓ કર્યા છતાં કંઈ ફર્ક પડતો નથી કોઈ ઉપચાર બતાવશો?

ઉ. હળવો છતાં કમરનો દુખાવો ત્રાસદાયક છે. તમે ઘણી દવાઓ કર્યાનું લખો છો, પણ કોઈ કન્સલ્ટન્ટને મળ્યા નહિ. આજના વૈજ્ઞાનિક વૈદકના યુગમાં કોઈ પણ રોગનું ચોક્સ નિદાન થયા વગર ઉપચાર સૂચવવા યોગ્ય નથી, કારણ તેનાથી કંઈ મટતું નથી અને ઔષધોપચારમાંથી વિશ્વાસ ડગે છે. ખરી જરૂર તો છે રોગ પારખવાની. આ કંઈ સહેલું પણ નથી. આવા રોગની સ્થિતિ પ્રમાણે થોડી ગોળીઓ અને ડાયાથર્મિના શેકથી માંડી છેક છ મહિના સુધી પ્લાસ્ટરમાં રહેવું પણ જરૂરી હોઈ શકે.

કમરનો દુખાવો તો ચિહ્ન છે. તે થવાનાં ઘણાં કારણો છે. જલદ દુખાવો થવાનું કારણ કોઈ ઈજા, પછડાટ કે વજન ઊંચકવા જતાં થએલી ખેંચ છે. વાંકા વળીને ભારે વજન ઊંચકવા જતાં કરોડના બે મણકા વચ્ચેની ચકતી ખસી જાય છે, જે 'સ્લિપ્ડ ડિસ્ક'ના નામે ઓળખાય છે. આ વખતે કમરના દુખાવા ઉપરાંત પગની પછવાડે પણ દુખાવો થાય છે. શેક અને માલિશથી દુખાવો મટે છે ખરો, પણ અસાવધાનીભર્યા હલનચલનથી ફરી પાછો દુખાવો થઈ આવે છે.

ઈજાથી થએલો કમરનો દુખાવો ઓચિંતો થાય છે. સોજા અને હાડકાના રોગથી થતો દુખાવો ધીમે ધીમે થાય છે. હાડકાંના બે રોગ છે: 'ક્ષય' અને 'ઓસ્ટિઓમાવેલાઈટિસ'. યુવાન વયે 'રૂમેટૉઈડ આર્થરાઈટિસ'થી કમરનો દુખાવો સામાન્ય છે. ઘરડી ઉમરે તે અક્કડ બને છે. આ પારખવા માટે કરોડનો એક્સ-રે લેવો જરૂરી છે.

દીર્ઘકાલીન કમરના દુખાવાનું એક કારણ ખોટી અંગસ્થિતિ પણ છે. નિર્બળ વ્યક્તિઓને આખો દિવસ ઊભા રહી કે અનુકૂળ ન આવતી ખુરસીમાં બેસી કામ કરવાનું હોય ત્યારે કમરનો દુખાવો થયા વિના નથી રહેતો. ખોટી રીતે બેસવાથી સ્નાયુઓ ખેંચાતા રહી કમરનો દુખાવો થાય છે. ટટ્ટાર બેસવા ને ઊભવાથી તથા ભારે વજન ઊંચકતી વેળા કેડમાંથી વળવા કરતાં ઘૂંટણ વાળીને નમીને ઊંચકવાથી કમરનો દુખાવો થતો નથી.

કદીક કિડનીના રોગથી પણ કમરનો દુખાવો થાય છે. કિડનીમાં પથરી હોય કે સોજો હોય ત્યારે કમરના દુખાવા સાથે પેશાબમાં મુશ્કેલી પડે છે અને તેમાં ક્વચિત્ લોહી પણ હોય છે.

ગર્ભાશયની રોગાવસ્થાના કારણે કમરનો દુખાવો થાય છે. ગર્ભાશય ગ્રીવા (સર્વિક્સ)નો સોજો કે ક્ષત (ઈરોઝન) હોય તો કમરના દુખાવાની ફરિયાદ સાવ સામાન્ય છે. એમાં દુખાવા ઉપરાંત પ્રદર અને રજોદર્શનની અનિયમિતા પણ હોય છે. ગર્ભાશય ઢળી પડ્યું હોય કે તેમાં ગાંઠ હોય ત્યારે સવારમાં પથારીમાંથી ઊઠતાં વેંત કમરનો દુખાવો સતાવે છે. ગાયનેકૉલૉજિસ્ટ પાસે તપાસ કરાવવાથી તુરત રોગ પરખાય છે.

કમરના દુખાવાનાં ઘણાં કારણોમાં પેડુના ભાગમાં આવેલાં અવયવોના રોગનું પણ એક કારણ છે. રોગની તપાસ થવા માટે ઓર્થોપીડિક સર્જન અને ગાયનેકૉલૉજિસ્ટ દ્વારા તપાસ થવી જરૂરી છે. એક્સરે અને બીજાં સાધનો વતી રોગનું યોગ્ય નિદાન થવાથી યોગ્ય ઔષધોપચારથી કમરનો દુખાવો ચોક્સ મટે છે.

ગર્ભનિરોધક ગોળીઓ

૨ ગર્ભનિરોધ માટેની ગોળી વાપરવા અંગે આપનો શો અભિપ્રાય છે?

ઉ. કુટુમ્બ-નિયોજન કરી વસતિવધારો અટકાવવો એ આજની સમાજિક અને આર્થિક જરૂરિયાત છે. આ માટેનાં પ્રચલિત સાધનોમાં સામાન્યતઃ 'પિલ્સ'ના નામે ઓળખાતી ગર્ભનિરોધ ગોળીઓ પણ એક વિશ્વસનીય સાધન ગણાય છે.

આ ગોળીમાં ઈસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન નામનાં સ્ત્રીઓનાં બે હૉરમોન્સ આવે છે. આની અસરથી બીજગ્રંથિઓમાંથી બીજ બહાર આવતું નથી અને એ રીતે ગર્ભધારણ થતું નથી. રોજની એક લેખે એકવીસ દિવસ સુધી આ ગોળી લેવાની હોય છે. તે લેવાની બંધ કર્યા પછી બેચાર દિવસે રજોદર્શન શરૂ થાય છે. રજોદર્શન પૂરું થતાં ફરી ગોળી લેવાની શરૂ કરવાની છે. રોજ દાંત સાફ કરવાની નિયમિતતા જેમ જ આ ગોળીઓ નિયમિત લેવાની હોય છે. બજારમાં અઢારથી વીસ પ્રકારની આવી ગોળીઓ મળે છે. એમાંથી વ્યક્તિગત રીતે સ્ત્રીને જે માફક આવે એવી હોય તે લેવાની દાક્તર સલાહ આપે છે.

કેટલીક સ્ત્રીઓને આ ગોળી લેવાથી આ મુજબની કેટલીક માઠી અસરો થાય છે: (૧) ઊબકા, માથાનો દુખાવો કે આધાશીશી, ઊલટી અને પેટની બીજી ફરિયાદો; (૨) ગમે ત્યારે યોનિ દ્વારા લોહીનું ટપકું કે લોહીસ્રાવ દેખાય છે. આથી અટકાવ આવ્યો ધારી સ્ત્રી ગોળી લેવાની બંધ કરે છે, પણ આમ કરવાથી ગર્ભધાન થવા સંભવ રહે છે. કોક સ્ત્રીને સંભોગ પછી લોહીનાં ટપકાં દેખાય છે જેથી કૅન્સર થયું હોવાની ખોટી શંકા થાય છે. (૩) ચક્કર, સુસ્તી, ઉદાસીનતા, દષ્ટિમાં બગાડો થાય છે. (૪) શરીરમાં દુખાવો અને કળતર જણાય છે, શરીરનું વજન વધે છે. (૫) સ્તનપ્રદેશ આળો થાય છે. આ લક્ષણો શરૂઆતના ત્રણચાર મહિના સુધી વરતાય છે. પણ પછી થતાં નથી.

આ ગોળી શક્તિશાળી અને અસરકારક ઔષધ છે. પણ દાક્તરની સૂચના મુજબ તે લેવી જોઈએ અને અવારનવાર શારીરિક તપાસ પણ કરાવવી જોઈએ. ગોળી લેવાથી જો નીચેનાં લક્ષણો જણાય તો દાક્તરને તેની જાણ કરવી આવશ્યક છે: (૧) પુષ્કળ શિરોવેદના (૨) ઝાંખી દષ્ટિ (૩) પગમાં કળતર (૪) છાતીમાં પીડા કે ઉધરસ (૫) રજોદર્શનની અનિયમિતતા કે અનાર્તવ.

ગર્ભનિરોધની ગોળી લેવાનાં થોડાં જોખમો પણ છે. તેનાથી શિરાઓમાં લોહી જામી જાય છે. ગોળી ન લેનાર કરતાં આ ગોળી લેનાર સ્ત્રીઓને 'થ્રોમ્બોફ્લેબાઈટિસ' અને 'પલ્મોનરી એમ્બૉલિઝમ'ના લોહી જામી જવાના રોગનું આઠગણું જોખમ રહે છે. આથી ડાયાબિટિસ, થાઈરૉઈડ ગ્રંથિના રોગ, ગર્ભાશયમાં ગાંઠ, ને અનાર્તવના રોગીને આ ગોળી આપવામાં નથી આવતી. વળી સ્તનનું કે ગર્ભાશયનું કૅન્સર અને કલેજાના રોગો વખતે ગોળી ખાવાની મનાઈ કરવામાં આવે છે. કાર્ડિયાક ફેઈલ્યોર, વિટામિનોની ન્યૂનતા, યોનિમાંથી લોહીસ્રાવ, ફેફરા અને એલર્જી વખતે ગોળી લેવાની નથી. ગોળીના સેવનથી લોહીનું દબાણ વધે, કમળો થાય, સ્તનનું કદ વધે કે આંખે ઝાંખ જણાય તો લેવી બંધ કરવી.

સિગારેટ પીવાથી ફેફસાંના કૅન્સરનું અને પ્રસૂતિ વખતે જેમ જાનનું જોખમ છે તેમ ગર્ભનિરોધક ગોળીના સેવનમાં પણ જોખમ તો રહેલું છે; પણ આ ગોળીના થોડાક લાભ પણ છે. તેનાથી કામાવેગ વધે છે, ઋતુનિવૃત્તિ સરળ બને છે અને માસિકધર્મ નિયમિત થાય છે.

વીસ પચીસ વર્ષની વય સુધી ગર્ભાધાન ન થયું હોય તેવી સ્ત્રીઓએ ગર્ભનિરોધ ગોળી લાંબા વખત સુધી લેવાથી કદી ન સુધરે એવું વંધ્યત્વ આવી પડે છે. મોટી વયે પણ આ ગોળી લેવાની હોય તો ત્રણ વર્ષથી લાંબો વખત એકધારી નથી લેવાની. થોડો સમય ગોળી લેવાની બંધ રાખ્યા બાદ તે ફરીથી શરૂ થઈ શકે છે.

બે બાળક વચ્ચે લાંબો ગાળો રહે એવી ઇચ્છાસહ થતા ગર્ભનિરોધ માટે ગર્ભનિરોધક ગોળી ઉપયોગી છે, પણ એનો સળંગ એકધારો લાંબો ઉપયોગ યોગ્ય નથી. □

પચ્ચીસ વર્ષ પહેલાં



ઑક્ટોબર ૧૯૪૯ · અંક ૩૧૦મો

'રોજિંદા જીવનમાં વિજ્ઞાન' એ નામની લેખમાળામાં આજથી પચ્ચીસ વર્ષ પહેલાં સંસ્કૃતિના ઇતિહાસમાં સીમાચિહ્ન સમી શોધ 'દીવાસળીના પિતા ફૉસ્ફરસ' વિષે ડૉ. નરસિંહ મૂ. શાહે લખેલું તે આજે પણ રસદાયક થશે. :

પ્રાણીમાત્રને ઉપયોગી એવા આ મૂળ તત્વનો ઇતિહાસ અતિ રસિક છે. હૅનિંગ બ્રાન્ડટ નામનો એક જર્મન વેપારી હૅમ્બર્ગમાં થઈ ગયો. તેને કીમિયાગીરીમાં ખૂબ રસ હતો ને રૂપામાંથી સોનું પેદા કરવાની તેની મહત્વાકાંક્ષા હતી. તે માટે તે અનેક અટપટા પ્રયોગો કર્યા કરતો. મૂત્રને ઉકાળ્યા બાદ જે વસ્તુ પાછળ રહે તેમાં કદાચ એ કીમિયાના ગુણ હશે એમ માની તેણે એ પ્રયોગ શરૂ કર્યો! તેની પાછળ અનેક રાતના ઉજાગરા કર્યા પછી એક મીણ જેવો પોચો પદાર્થ તેને મળ્યો. તેમાં એવા ગુણ હતા કે જરાક ઘસતાં તે સળગી ઊઠે! આ થઈ પશ્ચિમમાં ફૉસ્ફરસની સૌ પ્રથમ શોધની વાત (ઈ. સ. ૧૬૬૯). તે પછી બ્રાન્ડ્ટે પોતાના મિત્રોને આનંદ કરાવવા એ ફૉસ્ફરસનો ઉપયોગ કરવા માંડયો.

આ શોધની ક્રાફ્ટ નામના એક માણસને ખબર પડી. તેને ખબર આપનાર બ્રાન્ડ્ટનો મિત્ર કુન્કેલ હતો. ક્રાફ્ટ તો સીધો ઊપડયો હૅમ્બર્ગ અને ફૉસ્ફરસ બનાવવાની રીત ખરીદી લેવાની દરખાસ્ત મૂકી. સોદો નક્કી થયો, રકમ પણ નક્કી થઈ, ને ક્રાફ્ટે ફૉસ્ફરસ બનાવવાનું રહસ્ય જાણી લીધું. પરંતુ કુન્કેલને આ વાત ન ગમી. તેણે પોતે જ આ દિશામાં કામ શરૂ કર્યું અને ૧૬૭૨માં અનેક પ્રયોગોને અંતે ફૉસ્ફરસ બનાવવામાં તે પણ સફળ થયો.

ઈ. ૧૬૭૪માં મહાન રાસાયનિક શીલે અને ગાહને આ તત્વ હાડકાંમાંથી શોધી કાઢ્યું ને મોટા પાયા ઉપર બનાવી શકાય એવી રીતો યોજી. એ તો હવે સૌ જાણે છે કે રાત્રે સ્મશાનમાં થતા જે ભડકાને અગાઉ ભૂતાવળનાં સ્વરૂપ ગણવામાં આવતાં તે ભૂતાવળ એટલે ફૉસ્ફરસ. મુડદાંનાં હાડકાંમાંનાં ફૉસ્ફરસનાં સંયોજનોમાંથી કોઈ વાર ફૉસ્ફરસ છૂટો પડતાં તે એકદમ હવામાં સળગી ઊઠે છે તેવો એ ભડકો હોય છે. તે પરથી એ ભડકા મરનાર માણસના ભૂતના હોવાની વહેમી લોકમાન્યતા ચાલે છે.

ઈ. ૧૬૮૦માં અંતે ફૉસ્ફરસ બનાવવાનું શરૂ થયું. શરૂમાં તો તેનો ભાવ એક ઔંસનો ૫૦ ગિની હતો. આ ફૉસ્ફરસને કાગળના પડમાં રાખીને બનાવેલી ગંધકવાળી લાકડાની સળી બૉઈલ નામના અંગ્રેજ વૈજ્ઞાનિકે સળગાવી આ થઈ દીવાસળીની પ્રાથમિક બનાવટ. આમ ફૉસ્ફરસની ઉપયોગિતા દીવાસળીની બનાવટમાં માલૂમ પડી એટલે તેની મહત્તા વધતી ગઈ. આજે તો ફૉસ્ફરસ ને દીવાસળીનો ઉદ્યોગ એટલી ગાઢ રીતે સંકળાએલો છે કે ફૉસ્ફરસની શોધ વિના આજની આપણી દીવાસળીની બનાવટ જ અસંભવિત બની હોત. શરૂશરૂમાં તો એક સૈકા સુધી ફૉસ્ફરસની આ શોધ ખાસ કાંઈ પણ ઉપયોગ વિના નિરર્થક જ પડી રહેલી. ફૉસ્ફરસમાં રાત્રે અંધારામાં ચળકવાનો પણ ગુણ છે. એ પરથી ગ્રીક શબ્દ ફૉસ એટલે પ્રકાશ અને ફેરો એટલે ધારણ કરવું એમ સંધિ થઈને 'ફૉસ્ફરસ' નામ પાડવામાં આવ્યું છે.

ફૉસ્ફરસ પ્રખર પ્રક્રિયાશીલ છે. કુદરતમાં ક્યાં યે તે સ્વતંત્ર અવસ્થામાં મળતો નથી. તેનાં અનેક ઉપયોગી સંયોજનો મળી આવે છે. આ સંયોજનો બે પ્રકારનાં હોય છે: 'સખત' ફૉસ્ફેટોનો ઉપયોગ ફૉસ્ફરસ કાઢવા માટે કરવામાં આવે છે, ને 'પોચા' ફૉસ્ફેટો સુપર ફૉસ્ફેટ નામનું ખાતર બનાવવા માટે વપરાય છે.

વનસ્પતિ તેમજ પ્રાણીના શરીરમાં ફૉસ્ફરસ એક આવશ્યક અંશ છે. જીવનરસમાં પણ તેનું અસ્તિત્વ છે. હાડકાંઓમાં ૫૮ ટકા કૅલ્શ્યમ ફૉસ્ફેટ હોય છે. ઈંડાંની ઝર્દી (પીળા ભાગ)માં તથા આપણા જ્ઞાનતંતુઓ તેમજ મગજમાં તો ફૉસ્ફરસ મહત્તાપૂર્ણ ભાગ ભજવે છે, ને તેથી જ મગજની નબળાઈનાં દર્દોમાં અથવા સામાન્ય નબળાઈમાં ઇસ્ટન સીરપ, ગ્લીસરો ફૉસ્ફેટ વગેરે ફૉસ્ફરસવાળી ટૉનિક દવાઓ આપવામાં આવે છે. વળી નાઇટ્રોજન તથા ફૉસ્ફરસવાળા ગ્લીસરીનયુક્ત પદાર્થો (જેવાં કે લેસિનથી) મગજ ને જ્ઞાનતંતુઓમાં રહેલા છે, તેથી લેસિથીનવાળા પદાર્થો (જેવાં કે ઇંડાં, બદામ, સોયાબીન ને બીજાં કઠોળ) માનસિક પરિશ્રમ કરનારને ઉપયોગી થઈ પડે છે. આ દષ્ટિએ દૂધ પણ ખૂબ કિંમતી છે, કારણ કે તેમાં પણ આવાં પોષક તત્વો રહેલાં છે.

વનસ્પતિ પોતાને જોઈતો ફૉસ્ફરસ જમીનમાંથી લઈ લે છે. આ તેને પૂરતા પ્રમાણમાં મળે એટલા માટે હાડકાંનો ભૂકો ને સુપર-ફૉસ્ફેટ જેવાં ફૉસ્ફરસવાળાં ખાતરો ખેતીમાં ઉપયોગી લેખાય છે. સ્વતંત્ર દેશો તો આજે પોતાની હદ બહાર થતી હાડકાંની નિકાસ કાયદા વડે અટકાવે છે, કારણ કે હાડકાં એ દેશનું કાચું ધન છે. ખેતીની આબાદી તેના પર જ નભે છે.

હાડકાંનાં સંયોજનોમાંથી ફૉસ્ફરસ કાઢવાની બે રીતો ચાલુ છે: પ્રથમ રીતમાં હાડકાંની રાખનું સલ્ફ્યુરિક ઍસિડ વડે વિઘટન કરવામાં આવે છે, એટલે તેમાંથી ફૉસ્ફરિક ઍસિડ બને છે. આ ફૉસ્ફરિક ઍસિડને ઉકાળીને ઘટ્ટ બનાવી તેમાં કોલસાનો ભૂકો ઉમેરી ખૂબ ગરમ કરવાથી તેમાંથી ફૉસ્ફરસ છૂટો પડે છે. બીજી રીતમાં વીજળીનો ઉપયોગ કરવામાં આવે છે. કુદરતી ફૉસ્ફેટો અથવા હાડકાંના ભૂકાને રેતી અને કોલસા સાથે ભેળવીને પછી તે મિશ્રણને વીજળિક ભઠ્ઠીમાં તપાવવામાં આવે એટલે તેમાંથી ફૉસ્ફરસ છૂટો પડે છે.

ફૉસ્ફરસ હવાના સંપર્કમાં આવતાં એકદમ સળગી ઊઠતો હોઈ તેને સાચવવા માટે પાણીમાં રાખવો પડે છે. આ પીળો ફૉસ્ફરસ કહેવાય છે. તેને છરી વડે કાપી પણ શકાય છે. તે પાણીમાં ઓગળતો નથી, પણ કાર્બન ડાયસલ્ફાઈડમાં ઓગળે છે. આવા દ્રાવણને એક કાગળ પર રેડી હવામાં રાખવાથી અચાનક સળગી ઊઠે છે ને ભૂતના ભડકા જેવો દેખાવ થાય છે.

ફૉસ્ફરસનો મોટો ભાગ દીવાસળીના ઉદ્યોગમાં જ વપરાય છે. કેટલોક ભાગ ફૉસ્ફર બ્રૉન્ઝની બનાવટમાં જાય છે. ફૉસ્ફરસ ઝેરી હોવાથી ઊંદર મારવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત બૉમ્બની બનાવટમાં પણ તે ઉપયોગી છે. તેનાં ઉપયોગી સંયોજનો ફૉસ્ફરસ ટ્રાયક્લોરાઈડ, પેન્ટાક્લોરાઈડ, પેન્ટૉક્સાઈડ વગેરે છે. ફૉસ્ફરસના કારખાનામાં કામ કરતા મજૂરોને ફૉસ્ફરસની બાષ્પને લીધે જડબાંનું દર્દ થાય છે. આથી દીવાસળીની બનાવટમાં પીળા ફૉસ્ફરસનો નિષેધ કરવામાં આવ્યો છે.

ગંધકની માફક ફૉસ્ફરસ પણ બહુરૂપતા (allotropy) દાખવે છે. પીળા ફૉસ્ફરસને ૨૦૦ ડિગ્રીએ ગરમ કરવાથી તેમાંથી રાતો ફૉસ્ફરસ બને છે. આ જાત સહેલાઈથી સળગતી નથી. વળી તેને ગંધ કે સ્વાદ નથી તેમજ તે ઝેરી પણ નથી. આમ, રાતો ફૉસ્ફરસ સહીસલામત હોવાથી દીવાસળીના ઉદ્યોગમાં તેનો જ ઉપયોગ ખૂબ થાય છે. પીળા ફૉસ્ફરસને કૉસ્ટિકના દ્રાવણ સાથે ગરમ કરવાથી તેમાંથી ફૉસ્ફીન નામનો વાયુ નીકળે છે. આ વાયુ સળગી ઊઠે છે. તેનો ઉપયોગ દરિયામાં સંકેતો આપવા (સિગ્નલિંગ) માટે કરવામાં આવે છે. તેમાં કૅલ્શ્યમ ફૉસ્ફાઈડના ડબ્બાને કાણાં પાડી દરિયામાં તરતા મૂકવામાં આવે છે, એટલે તેમાંથી છૂટતો વાયુ બળે છે. □

વીજળીની કથા અનેકવિધ અજાયબીઓભરી આજની દુનિયા સરજનાર શક્તિ–વીજળીની શોધની ઐતિહાસિક રોમાંચક કથાનું પુસ્તક કિં. રૂ. ૨. બુક-પોસ્ટેજ ૨૦ પૈસા. કુમાર કાર્યાલય લિમિ. અમદાવાદ-૧

શતરંજના વિશ્વવિજેતાઓ: બૉબી ફિશર

તેર વર્ષની વયે ફિશરે જીતેલી એક અત્યંત આકર્ષક રમત આપણે જોઈ. હવે ભૂતપૂર્વ વિશ્વવિજેતા પેટ્રોશ્યન સામેની તેમની એક સુંદર રમત જોઈએ. આ રમત ઈ. ૧૯૭૧ની કૅન્ડિડેટ્સ ટુર્નામેન્ટની ફાઈનલ મૅચની સાતમી રમત છે. એ મૅચમાં પહેલી રમત ફિશર અને બીજી પેટ્રોશ્યન જીત્યા હતા. તે પછીની ત્રણ રમત ડ્રૉ થઈ હતી. છઠ્ઠી રમતમાં ફિશરે પેટ્રોશ્યનને સખત હાર આપી અને તેની અસર આ રમતમાં પણ દેખાય છે. ફિશર એમાં એટલું સુંદર રમ્યા છે કે એમની એક પણ ચાલ ઊંડા અભ્યાસ પછી પણ સુધારી શકાય તેમ લાગતું નથી. આમાં સફેદ મહોરાં ફિશરનાં ને કાળાં પેટ્રોશ્યનનાં છે.

1 P–K4, P–QB4; 2 N–KB3, P–K3; 3 P–Q4 P×P; 4 N×P, P–QR3.

અહીં 4..., N–KB3 વધુ રમાય છે. આ જ મૅચમાં પહેલી રમતમાં પેટ્રોશ્યન 4..., N–QB3 રમેલા, પણ તે રમતમાં ફિશરની જીત થઈ હતી એથી અહીં એમણે ચાલ બદલી.

5 B–Q3, N–QB3; 6 N×N, NP×N; 7 O–O, P–Q4; 8 P–QB4, N–B3; 9 BP×P, BP×P; 10 P×P, P×P. અહીં 10..., N×P વધુ સારી ચાલ હતી. અહીં ચલાએલી ચાલથી કાળાનું QP એકલું પડી ગયું. આ નબળાઇનો લાભ ફિશરે સરસ રીતે લીધો. 11 N–B3!

સાધારણ રીતે ઉતાવળે રમતા ફિશરે આ ચાલ ૨૦ મિનિટના વિચાર પછી ચલાવી હતી. એ પરથી એમ મનાય છે કે અંતની સ્થિતિ સુધીનો અહીં એણે વિચાર કરી લીધો હતો.

11..., B–K2; 12 Q–R4 ch!, Q–Q2. અહીં B–Q2 વધુ સારી ચાલ હતી.

13 R–K1, અહીં સફેદ 13 B–QN5, P×B; 14 Q×Rથી ઊંટના બદલામાં હાથી જીતી શકત, પણ 14..., O–O, પછી કાળાને પ્રતિકારની તક મળત. ફિશર પોતાના પ્રતિદ્વંદ્વીને આવી તક આપવાનું ટાળી શકે તો અવશ્ય ટાળે છે.

13...; Q×Q; 14 N×Q, B–K3; 15 B–K3, O–O; 16 B–QB5, KR–K1; 17 B×B, R×B; 18 P–KN4! આ ચાલથી કાળાનું QRP આગળ વધતું અટકે છે. અને સફેદનો ઘોડો QB5 પર ઘર જમાવી શકશે.

18..., K–B1; 19 N–B5, B–B1; 20 P–B3, R(2)–R2. અહીં 20..., R×Rch.; 21 R×R પછી યે કાળાની સ્થિતિમાં કંઈ ફર્ક પડતો નથી.


21 R–K5, B–Q2; 22 N×Bch.! સફેદનો ઘોડો કાળાના ઊંટ કરતાં વધુ ઉપયોગી લાગે છે તેથી ફિશર ઊંટને મારશે એમ કોઇએ ધાર્યું ન હતું.

22..., R×N; 23 R–QB1, સફેદ હવે 24R–B6થી QRP જીતવાની ધમકી આપે છે.

23..., R–Q3; 24 R–B7, N–Q2; 25 R–K2.

હવે કાળા પાસે પ્યાદાં સિવાય કોઈ ચાલવા જેવી ચાલ રહી નથી. તે QR રમે તો તેનું QRP જાય, KR ચાલે તો ઘોડો જાય અને રાજા કે ઘોડો ચાલે તો સફેદ R(2)–K7 રમીને સહેલાઈથી જીતે. (જુઓ આકૃતિ)

પેટ્રોશ્યન



ફિશર

25 R–K2 પછીની સ્થિતિ

25..., P–N3; 26 K–B2, P–KR4; 27 P–B4, P–R5; 28 K–B3, P–B4; 29 K–K3, P–Q5ch; 30 K–Q2, N–N3. પ્યાદાની ચાલ પૂરી થઈ જતાં હવે કાળા પાસે કંઈ ચાલવા જેવું રહ્યું નથી. દા. ત. 30 ..., K–B2; 31 B–B4ch.; K–B3 કે K–B1; 32 K–Q3 અને ફરી શું ચાલવું એ કોયડો પાછો ઊભો થાય છે.

31 R(2)–K7, N–Q4; 32 R–B7ch; K–K1; 33 R–QN7, N×NP; 34 B–B4. હવે સફેદ 35 R–KR7, R–B3; 36 R–R8ch., R–B1; 37 B–B7ch, K–Q1; 38 R×R mate. તેમજ 35 R×Nની ધમકી આપે છે. તેમાંથી બચવાનો કોઈ ઉપાય નથી માટે 34..., Resigns.

ફિશરની આ એક મહાન જીત છે! આ પછીની બીજી બે રમતો પણ ફિશર જીત્યા એ જાણીતી વાત છે. પેટ્રોશ્યન જેવા ખેલાડી સામે એક સાથે ચાર રમત જીતીને શતરંજની દુનિયામાં એમણે ચકચાર જગાડી હતી. હવે પછી ઈ. ૧૯૭૨ની ચૅલેન્જ મૅચની એક રમત આપણે જોઈશું.

સુરેશ મોદી

રામશાસ્ત્રી પ્રભુણે (અનુ. પૃ. ૩૧૦થી) એ જ રહી લાગે છે. કોઈ વાર વાર્ષિક ત્રણસો સાઠ રૂપિયા અને હજાર રૂપિયા મળ્યાના ઉલ્લેખ છે! અને એમણે નોકરી કરી એ દરમિયાન એમને પંચાવન હજાર નવસો ને અડસઠ રૂપિયા આપવામાં આવ્યા એમ પેશવાના ચોપડા જણાવે છે, એટલે સરેરાશ માસિક પગાર થયો એકસો વીસ રૂપિયા જેટલો. માધવરાવ પેશવાના સમયના રાજ્યમાં આશરે અઢાર કરોડ રૂપિયા વસૂલ થતા હતા અને સવાઈ માધવરાવના રાજ્યમાં ત્રીસ કરોડનું મહેસૂલ ભેગું થતું એવા ઉલ્લેખો છે. ત્યારે રામશાસ્ત્રી પ્રભુણે જેવા લોકોત્તર પુરુષોએ એકસો વીસ રૂપિયા જેવા પગાર પર વર્ષો સુધી કામ કર્યું એ જોઈ આપણને ચોક્કસ લાગે કે એ જમાનામાં મોંઘવારી બહુ ન હતી! □

કલાનાં પગરણ (અનુ. પૃ. ૩૧૯થી) આપેલું, એનું નામ ક્રેબ્ઝ રાકે. કોઈકોઈ હિંદી શબ્દો ને ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી બોલે. કનુ દેસાઈ તેની ખૂબ ગમ્મત ઉડાવે. કહે: Great man no grammer! એ પણ ચિત્રગૃહમાં જાપાની રીતે પીંછડાં મારે. ભારતીય કે યુરોપી ઢબે ચીતરવાનું શીખેલા વિદ્યાર્થીઓને તેની આવી ધૂંટધૂંટ શૈલીમાં સમજ ન પડતી પણ તેણે જ્યારે એક વાર ચકલામાં જઈ એક પીપળો ને મહાદેવનું દહેરું ખેંચ્યું ત્યારે સમજ પડી કે તે એકનિષ્ઠ એટલે કે છાયા કે અંશ પકડી ચિત્રરચના કરતો હતો. તેને એક જાપાની કવિતા ગાવાનું કહેતાં તે ઊભો થઈ ગયો ને હાથપગના લહેકા કરી એક કવિતા ગાઈ ત્યારે જાણ્યું કે જાપાની લોકો અભિનય અને મુદ્રા કર્યા વિનાં ગાતાં નહિ હોય. (ચાલુ)

યોગાસનો શરીર મન ને જ્ઞાનતંતુઓ ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામ પદ્ધતિની, દામુભાઈ શુક્લ લિખિત પુસ્તિકાની પાંચમી આવૃત્તિ. કિં.રૂ.૨-૫૦; પો. ૨૫ પૈ. લખો: કુમાર કાર્યાલય લિ.

સાહિત્યસંપર્ક

પુરાતન

પોરબંદરમાં આજ વીસ વર્ષથી એક 'પુરાતત્ત્વ સંશોધન મંડળ ચાલે છે. તે પુરાતત્ત્વના અભ્યાસ અર્થે વર્ષમાં પંદરેક પ્રવાસો કરે છે અને એ દરેક પ્રવાસ પછી તે વિષેના અનુભવો, ત્યાં લીધેલા ફોટોગ્રાફ તેમજ જે તે સ્થળો વિષેની એકબીજાની અભ્યાસનોંધ વગેરેની ચર્ચાવિચારણા કરે છે તથા અવારનવાર એનાં જાહેર પ્રદર્શનો યોજે છે. ગાંઠને ખર્ચે બેચાર દિવસની નાનીનાની ખેપ કરીને આ મંડળના સભ્યોએ સૌરાષ્ટ્રના અનેક અજાણ કે અલ્પજ્ઞાત ઐતિહાસિક અવશેષોને પ્રકાશમાં આણ્યા છે. એમની આ અભ્યાસપ્રવૃત્તિના ફલસ્વરૂપ લેખો, ઈ. ૧૯૬૮થી આરંભેલા એમના હસ્તલિખિત અર્ધવાર્ષિક 'પુરાતન'માં અને ગુજરાતનાં વિવિધ શિષ્ટ સામયિકોમાં તેઓ પ્રકટ કરતા રહ્યા છે. મંડળના બે અગ્રગણ્ય સભ્ય શ્રી મણિભાઈ વોરા તથા શ્રી નરોત્તમ પલાણના એવા લેખોથી 'કુમાર'નો વાચકવર્ગ જ્ઞાત છે. વર્ષે એકાદ જાહેર પ્રદર્શન યોજી આ મંડળ પુરાતત્ત્વ વિષયક ચિત્રો, અવશેષો, લેખો વગેરે રજૂ કરવા સાથે તળપદી લોકકળાના સંગ્રહણીય નમૂનાઓ દ્વારા ભૂંસાતા જતા કલાકૌશલને પણ પ્રદર્શિત કરી તે પ્રત્યેની જાગરૂકતા ટકાવવાનો પ્રયાસ કરે છે.

ગયા ઑક્ટોબરમાં, આ મંડળે પોરબંદરમાં 'ગુજરાત ઇતિહાસ પરિષદ'ના જ્ઞાનસત્રને પણ આમંત્ર્યું હતું. દેશપરદેશથી પોરબંદર આવતા પુરાતત્ત્વના રસિયા અને વિદ્વાનોના માનાર્હ માર્ગદર્શક બનીને એમની સાથે જઈ આ મંડળનાસભ્યોએ એમને આસપાસનાં અનેક મહત્ત્વનાં સ્થળો બતાવી એ પ્રતિ એમનું લક્ષ દોરવા સાથે નિષ્ણાતો પાસેથી જાતે પણ ઘણું નવું શીખવાનો ઉમંગ દાખવ્યો છે.

હમણાં આ પુરાતત્ત્વ સંશોધન મંડળે પોતાનો દ્વિ-દશાબ્દી ઉત્સવ ઊજવ્યો. આ નિમિત્તેની સ્મૃતિ રૂપે એમણે 'પુરાતન'નો એક મુદ્રિત અંક પ્રકટ કર્યો છે. એના સંપાદનમાં પણ એમની આગવી દૃષ્ટિ સાથે એ અંકના અર્પણથી માંડી અંદરના દરેક વિભાગને આપેલાં નામોમાં એમનો પુરાતત્ત્વ વિષેનો પ્રેમ વ્યક્ત થાય છે. આમ પ્રારંભિક ૨૯ તથા ત્યાર બાદ ૧૪૦ પાનાંમાં વિસ્તરેલ વાચન-સામગ્રીથી આવકાર્ય બનેલો આ સ્મૃતિ-અંક એક નકશા અને અન્ય છબિચિત્રોના ઉમેરણથી એક પ્રશંસનીય ને ઉપયોગી પ્રકાશન બન્યો છે. એમાંથી નમૂના રૂપે 'રખડવાની મોજ: સૌરાષ્ટ્રે' એ શીર્ષકના એક લેખમાંથી કેટલુંક અવતરણ આ અંકની 'માધુકરી'માં લીધું છે. પ્રકાશક : પુરાતત્ત્વ સંશોધન મંડળ, કડિયા પ્લૉટ, પોરબંદર, કાચું પૂઠું, રૂ. ૧૦

શબ્દકથા : વર, વર-ઘેર(–ડ), વરઘેરિ(–ડિ)યો, વરઘોડ, વર-ઘોડિયું, વરઘોડો, વર-ચડા(–ઢા)વો, વર-જોડ, વર-જો(-ઝો)ળો, વરણું, વર-લાડલો, વર-લાડી, વર-લાડો, વરૂઠી(વરેઠી, વરોઠી)

'વર'ના અનેક અર્થ થાય છે તેમાં અહીં 'પરણવા માટે તૈયાર થયેલો નાનો-મોટો પુરુષ' એક અર્થ લઈ એના વિકાસના કેટલાક શબ્દ સંગ્રહ્યા છે. આમાં 'વર ચડા(ઢા)વો' એટલે 'વરનું ઘોડા ઉપર ચડી પરણવા જવા નીકળવું' એ મુખ્ય અર્થ અને 'એ વખતનું ગવાતું ગીત' બીજો અર્થ પ્રચારમાં છે. 'વરણું' પણ ગુજરાતી છે અને વરપક્ષ તરફથી લગ્ન સમયે છાબમાં મૂકવાનાં વસ્ત્રો માટે પ્રચલિત છે. આ વસ્ત્રો કન્યાને માટે સમજવાનાં છે. 'વર-ઘોડો' શબ્દે 'વરનો ઘોડો' અર્થ ગુમાવ્યો છે, ને ઘોડે બેસી વર પરણવા જાય છે એ 'વર-યાત્રા' કિંવા 'સરઘસ' માટે રૂઢ થયો છે.

'વર ઘેર(–ડ)' એ કન્યાપક્ષ તરફથી 'વરઘોડા'નું સામૈયું કરવા જનાર મંડળીને માટે વિકસ્યો છે. આમાં ઉત્તર પદ ઘેર(–ડ)'નો વિકાસ અસ્પષ્ટ છે; 'ઘેરવું' (= વીંટીવળવું) સાથે ખેંચવો પડે. એમાંથી તદ્ધિત પ્રત્યય સ્વાર્થે 'ઇયું' લાગી વિકસેલો શબ્દ આવી 'વર-ઘેર(–ડ)'માંના તે તે માણસ માટે છે. 'વર-ઘોડ' એ 'વર-ઘોડો'નું લઘુ રૂપ 'ભગવદ્-ગો મંડલ' પ્રમાણે આવતી જાનને અટકાવી દાપું લેવા જનાર વાહન અને એમાંના માણસ માટે પ્રચલિત છે. 'વરઘોડિયું' એ 'વરઘોડો'-ને ત. પ્ર. 'ઇયું' લાગી થયો છે અને તાજાં પરિણીત 'વર-વહુ' માટે રૂઢ છે. 'વર-લાડો(-ડલો)' એ હુલામણાનો 'વર' માટે શબ્દ ગીતોમાં મર્યાદિત છે, તો 'વર-લાડી' પરણનારી કન્યા માટે વિકસ્યો છે.

'વરૂઠી' જૂની ગુજરાતીનો શબ્દ છે; વર્તમાન શબ્દ 'વરોઠી' છે. એના વિકલ્પમાં 'વરેઠી' શબ્દ પણ કેટલેક સ્થળે સાંભળવા મળે છે. આ પાછલો 'વરેઠી' શબ્દ એનું સંસ્કૃત મૂળ શોધવામાં સહાયક થાય એમ છે; બેશક, સં.માં 'વરેષ્ટિ(૦કા)' (વર+ઇષ્ટિ, ૦કા) રૂઢ થયેલો મળ્યો નથી. આનો અર્થ વરનાં લગ્ન થઈ ગયા પછી એક પ્રકારના 'યજ્ઞ'ના નિમિત્તનું ભોજન છે. એનો સ્વાભાવિક ક્રમ પ્રા. 'વરેટ્ઠિઆ' દ્વારા સ્પષ્ટ છે; છતાં જૂની ગુજ.માં 'વરૂઠી' અને વ્યાપક રીતે અર્વાચીન ગુજ.માં 'વરોઠી' છે. આ પાછલા શબ્દનું મૂળ હજી પકડાયું નથી. આ શબ્દનો, દ્વિજ બાલકને જનોઈ અપાયા પછી સગાંઓને ખુશાલીમાં અપાતું જમણ, એ વિકસેલો અર્થ છે.

'વર જોડ' શબ્દ 'વર-ઘેર'નો પર્યાય 'ભગવદ્-ગોમંડલ' કહે છે, એ જાણીતો નથી. પણ 'વર-જો(--ઝો)ળો' એ શબ્દ ઘણો વ્યાપક છે. ઉત્તર પદનું મૂળ સ્પષ્ટ ન કહી શકાય, પણ પરણ્યા પછી કોઈ કારણે થતી વરની ફજેતીના વિકાસમાં એનો પછી સર્વસામાન્ય 'ભવાડો' અર્થ વિકસ્યો છે. 'અપકીર્તિ' 'નાલેશી' 'નામોશી' 'બે-આબરૂ' એ પર્યાયો એવો વિકસેલો અર્થ આપે છે.

કે. કા. શાસ્ત્રી

વોરા ઍન્ડ કંપની

ગાંધી માર્ગ, અમદાવાદ-૧

ભારતીય સાહિત્યશાસ્ત્ર : યુનિવર્સિટી શિક્ષણના પ્રસ્તાર સાથે આજે સાહિત્ય—પદાર્થનો વિમર્શ વધુ પ્રચલિત બન્યો છે અને પશ્ચિમની સાહિત્યવિવેચના તરફ વધુ અભિમુખ બન્યો છે ત્યારે મરાઠીમાં લખાએલા પ્રા. ગણેશ ત્ર્યંબક દેશપાંડેના ઉપર્યુક્ત ગ્રંથે ભારતીય સાહિત્યશાસ્ત્રની સંગીન વિવેચના તરફ લક્ષ દોરવાનું અતિ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. ગુજરાતી વાચકોને આ શ્રદ્ધેય ગ્રંથનો સુભગ અનુવાદ અધ્યાપિકા જશવંતી દવેએ પૂરો પાડીને મૂળ લેખકનું સુંદર કાર્ય આગળ ધપાવ્યું છે.

ઉક્ત ગ્રંથને લેખકે 'પૂર્વાર્ધ' અને 'ઉત્તરાર્ધ' એવા બે વિભાગમાં વહેંચી અનુક્રમે પ્રથમ ખંડમાં ભરતથી જગન્નાથ સુધીની ભારતીય સાહિત્યચર્ચાનો ઇતિહાસ આલેખ્યો છે અને દ્વીતીય ખંડમાં કાવ્યનાં વિવિધ અંગો–ઉપાદાનોની સદૃષ્ટાંત વિશદ ચર્ચા કરી છે. વિષયનું નિરૂપણ શાસ્ત્રીય છતાં સરળ રહ્યું છે તેથી તે વિદ્યાર્થીઓ અને ઇતર જિજ્ઞાસુઓને ખૂબ જ સહાયરૂપ થાય તેવું છે. પરિણામે, આજે જ્યારે કાવ્યભાવન અને કાવ્યસિસૃક્ષા વિસ્તરતાં જાય છે, વિકસતાં જાય છે ત્યારે આ અનુવાદનું ઊંડું વાચન-મનન જરૂર ઉપયોગી થઈ રહેશે. (પાકું પૂઠું, પૃ. ૬૦૮, રૂ. ૨૫)

બંદગી : સ્વ. મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ'ના આ મરણોત્તર કાવ્યસંગ્રહમાં સાઠેક ગઝલો ને ચૌદ મુક્તકો સંગૃહીત થયાં છે, જેમાં એમની મસ્તી, મિજાજ, અલખનું આકર્ષણ, લઘુ-દીર્ઘ ગઝલબંધ પરની ફાવટ, અભિવ્યક્તિની સચોટતા, શબ્દપસંદગીની આગવી સૂઝ વગેરે અછતાં રહેતાં નથી. (કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૩)

કેટલીક વાર્તાઓ: સુન્દરમના ત્રણ વાર્તાસંગ્રહોમાંથી તેમની વિશિષ્ટ વાર્તાકલા દાખવી રહે તેવી નવ વાર્તાઓનું શ્રી સુરેશ દલાલે કરેલું સંપાદન. (કાચું, પૃ. ૧૪૪, રૂ. ૫).

વિસામો: ઉમાશંકર જોશીના બીજા વાર્તાસંગ્રહનું પુનર્મુદ્રણ.(પાકું, પૃ.૨૨૬,રૂ.૭)

પ્રેમ વાચા માગે છે: ખ્યાતનામ સ્વીડિશ કવિ માર્ટિન ઑલવૂડની કવિપ્રતિભા, કાવ્યવિભાવના ને કાવ્યકલાનો સમુચિત પરિચય કરાવી રહે તેવાં તેમનાં ૪૭ કાવ્યોનો સુભગ અનુવાદ વત્સરાજ ભણોત 'ઉદયને' અહીં આપ્યો છે ને 'નિશીથ પુરસ્કાર ગ્રંથમાળા'માં ઉમાશંકર જોશીએ પ્રગટ કર્યો છે તે કાવ્યરસિકોને જરૂર આકર્ષક અને આસ્વાદ્ય થઈ પડશે. (કાચું, પૃ. ૯૬, રૂ. ૪)

ત્રિપર્ણ: જાણીતા નાટ્યકાર શિવકુમાર જોશીનાં 'કા કા સાગરિકા', 'બાણશય્યા' અને 'નકુલા' એમ ત્રણ ત્રિઅંકી નાટકોનો સંચય. (પાકું પૂઠું, પૃ. ૩૦૦, રૂ. ૯).

વસંતનું એ વન: ઉક્ત લેખકે આ લઘુનવલમાં પ્રણયની એક રોચક કથા તાજગીભરી શૈલીમાં કરી છે. એમની વાર્તાકલાનો મધુર પરિપાક અહીં પણ આસ્વાદ્ય બન્યો છે. (પાકું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૩-૫૦).

ચિરવિરહ: કવિ 'સ્વપ્નસ્થ'ના મુખ્ય હૃદયભાવ-પ્રેમાર્તતા—ને એમના વિવિધ કાવ્યસંગ્રહોમાંથી ચૂંટી કાઢેલી આ સંગ્રહની પ્રતિનિધિ રચનાઓ સુપેરે રજૂ કરે છે અને કવિના કાવ્યવિશેષ તથા કાવ્યકલાનો પરિચય કરાવી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૫)

હૃદયધર્મ: પ્રેમ, ભક્તિ, કરુણા જેવા હૃદયગુણોની સરળ સચોટ શૈલીમાં મૂળ 'કુમાર'-માં પ્રગટ થએલી ફાધર વાલેસની લેખમાળાનું નવું સંસ્કરણ. (કાચું પૂઠું, પૃ. ૧૨૪ રૂ. ૨-૭૫)

દેહધર્મ: કામવૃત્તિને, ફાધર વાલેસે, અહીં સંયમથી, સ્પષ્ટતાથી અને સરળતાથી ચર્ચી યુવાનોને શુદ્ધ માર્ગદર્શન આપ્યું છે. (કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૩-૭૫)

ભમીએ ગુજરાતે: ગુજરાતના પગપાળા પ્રવાસનું કિશોરભોગ્ય રસળતી શૈલીમાં વર્ણન કરતા ચંદ્રવદન મહેતાના પુસ્તકનું પુનર્મુદ્રણ. (કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૩)

જીવનપ્રસંગમાળા: આ શ્રેણીમાં 'લોકમાન્ય ટિળક', 'સ્વામી વિવેકાનંદ', 'શ્રી શારદામણિ મા', 'અબ્રાહમ લિંકન' ને 'ટૉલ્સ્ટૉય'-ના પ્રેરક જીવનપ્રસંગોને મુકુલ કલાર્થીએ કિશોરભોગ્ય રોચકશૈલીમાં પાંચ પુસ્તિકાઓમાં રજૂ કર્યા છે: (પ્રત્યેકનું કાચું પૂઠું, પૃ. ૮૦ થી ૯૬, પ્રત્યેકની કિં. રૂ. ૨-૫૦).

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



જહાંગીર
સાબાવાલા

જન્મ: મુંબાઈમાં, ઈ. ૧૯૨૨માં. જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સ-મુંબઈ. હીથરલે સ્કૂલ ઑવ આર્ટ-લંડન અને પારી-(સ)ની અકાદમી જ્યુલિયાં તથા અકાદમી આંદ્રે લ્હોતે અને અકાદમી દ લા ગ્રાંદ શોમીએરમાં કલાભ્યાસ. દેશ-વિદેશના અનેક ખ્યાતનામ કલાસંગ્રહો અને ખાનગી સંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાઈ છે. પોતાની કૃતિઓનાં અનેક કલાપ્રદર્શનો અહીં તેમજ વિદેશમાં યે જી ઘણી નામના પામ્યા છે. એમના ચિત્રવિષયો ગંભીર ને અભિવ્યક્તિ ગૂઢતાભરી તથા આગવી રહી છે. મુંબાઈના 'વકીલ્સ' તરફથી એમના પર પરિચય-પુસ્તક પ્રકટ થયું છે.

૧ ચિત્રકળાનો શૉખ આપને ક્યારથી લાગ્યો? અત્યાર સુધીમાં કેટલાંક ચિત્રો કર્યાં હશે?

ઉ. બચપણથી જ વાયોલિનવાદન, વક્તૃત્વકળા ને પાશ્ચાત્ય રંગભૂમિની સાથે ચિત્રકળામાં પણ રસ હતો. પ્રવાસોમાં દેશવિદેશના વિવિધ સંગ્રહસ્થાનોમાં મહાન કલાસ્વામીઓની કૃતિઓનાં અવલોકનથી મારી કલાસમજને ઓપ મળ્યો. અત્યારસુધીમાં લગભગ ૩૫૯થી વધુ ચિત્રો કર્યાં છે.

૨ કુશળ ને સફળ ચિત્રકાર થવા માટે શી લાયકાત જરૂરી છે?

ઉ. સૌ પ્રથમ તો કલા પ્રત્યે સમર્પણની ઉત્કટ ભાવના જરૂરી છે. આ સાથે સમર્થ કલ્પનાશક્તિ, કળાક્ષેત્રે સમયાનુસાર પલટાતા પ્રવાહો સમજવાની ને એને સાનુકૂળ થવાની આવડત તથા પોતાની મૌલિકતાને આંચ ન આવે એ રીતે એને અપનાવવાની શક્તિ જોઈએ. વળી, કલાકારમાં આગવી દૃષ્ટિ ને માનવતા પણ જરૂરી છે. ચિત્રકામનાં સાધનોનો યથાર્થ ઉપયોગ પણ તેણે જાણવો જોઈએ.

૩ આપનાં ચિત્રોમાં રહસ્યભરી ગૂઢતાનો ભાસ શાથી થાય છે?

ઉ. જો કે એ પ્રાયોગિક છે, પણ એના દ્વારા હું જીવનની ક્ષિતિજ રેખાને ખોળું છું. જીવનસંશોધનમાં માનવી અનેક ચડતીપડતી અનુભવે છે, છતાં એનું જીવન તો સદાય ગતિશીલ રહે છે. મારાં ચિત્રોમાં દર્શાવાતી કુદરતમાં ગાંભીર્ય, અથડામણ કે ભયસૂચક ભાવ સાથે એમાં ઊર્મિનાં ઉડ્ડયન કે નાટ્યાત્મકતા પણ જણાશે. આ રીતે ચિત્રફલક પર હું જીવનની ગૂઢતા વ્યક્ત કરવા મથું છું.

૫ કલા પ્રત્યેનો આપનો અભિગમ કેવો છે?

ઉ. કલા એ આત્માનું સૂચક દર્શન છે. એમાં સંજ્ઞા, પ્રજ્ઞા, ઊર્મિ, કલ્પના ને કૌશલનો મધુર સમન્વય હોવો જરૂરી છે.

૬ સાચું સૌન્દર્ય આપ કોને કહો?

ઉ. એની વ્યાખ્યા બાંધવી અઘરી છે. પણ જોવા ઇચ્છનારને એ સજીવ કે નિર્જીવ સૃષ્ટિમાં સર્વત્ર અને અનેકવિધ રૂપે મળી જ રહે છે.

૭ કોના વ્યક્તિત્વની આપના પર ઊંડી અસર છે?

ઉ. ઍલેક્ઝાંડર સોલ્ઝેનિત્સીનની. એનામાં મને તીવ્રબુદ્ધિની ચમક, સત્યની પરખ, અસાધારણ સમર્પણભાવના અને એની હિંમતથી હું પ્રભાવિત છું. માનવપ્રકૃતિનું એણે ગૌરવભરી રીતે આલેખન કર્યું છે.

૭ કયા કલાકારો પ્રત્યે આપને સવિશેષ આકર્ષણ છે?

ઉ. માઇકેલ ઍન્જેલો, વિલિયમ ટર્નર, પૉલ સેઝાં, જુઅન ગ્રિસ ને લાયોનેલ ફેઇનિંગર પ્રત્યે મને વિશેષ માન છે.

જહાંગીર સાબાવાલા

સૌરાષ્ટ્રની વીરગાથાઓ ભાગ ૪ અને ૫: શૌર્યરંગી આ સૌરાષ્ટ્રી વાર્તાઓના લેખક છે હરિલાલ ઉપાધ્યાય. (કાચું પૂઠું, પૃ. ૧૦૪ અને ૧૧૬, પ્રત્યેકના રૂ. ૩).

વિનોદકથાઓ: 'ધૂમકેતુ'ના વિવિધ વાર્તાસંગ્રહોમાંથી વિનોદની સેરવાળી અગિયારનો સંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૧૦૦, કિં. રૂ. ૩)

દિવ્ય ચક્ષુ: રમણલાલ દેસાઈની પ્રસિદ્ધ નવલકથાનો એમણે પોતે જ કરેલો સુભગ સંક્ષેપ. (કાચું પૂઠું. પૃ. ૧૩૬. રૂ. ૩-૫૦)

કોકિલા: એ જ લેખકની લોકપ્રિય નવલના સંક્ષેપનું પુનર્મુદ્રણ(કાચું, પૃ.૧૪૮, રૂ.૩-૫૦)

હરસ: જાણીતા વૈદ્ય લાભશંકર ઠાકર 'પુનર્વસુ'એ કરેલ હરસના રોગનું વર્ણન ને ઉપચારની છણાવટ. (કાચું, પૃ. ૭૬, રૂ. ૨)

વિજ્ઞાનની વિભૂતિઓ ૧, ૨: ભારતના અને ભારત બહારના મહાન વિજ્ઞાનીઓની કિશોરભોગ્ય રોચક અને શ્રદ્ધેય આ ચરિત્રરેખાઓના લેખકો છે ડૉ. કિશોર મોદી અને યોગેન્દ્ર જાની. (કાચું પૂઠું, ભાગ ૧-પૃ. ૧૦૪, ભાગ ૨-પૃ. ૧૨૦, પ્રત્યેકની કિં. રૂ. ૩)

કલારસદર્શન: એસ.એસ.સીના ચિત્રકલાના વિષયને અનુલક્ષીને જયંત બી. શુક્લે તૈયાર કરેલું પાઠયપુસ્તક. (કાચું પૂઠું, પૃ. ૨૩૪, રૂ. ૬)

કૃષિ પરિચય: કૃષિકાર અને ખેતી સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓને ખેતીનાં સાધનોનું સચિત્ર જ્ઞાન આપતી આ શ્રેણીમાં બાબુભાઈ અવરાણીએ 'ઑઈલ એંજિન (પૃ. ૩૬, રૂ. ૧–૨૫), 'પમ્પ' (પૃ. ૪૦, રૂ. ૧–૨૫), 'મોટર' (પૃ. ૪૦, રૂ. ૧-૨૫), 'ટ્રૅક્ટર', (પૃ. ૪૦, રૂ. ૧–૨૫), 'ખેતીનાં ઓજારો' (પૃ. ૪૮, રૂ. ૧–૫૦), 'જમીન', (પૃ. ૫૬, રૂ. ૧–૫૦) 'પાકનું પોષણ' (પૃ. ૪૮, રૂ ૧–૫૦), 'રાસાયણિક ખાતરો (પૃ. ૩૨, રૂ. ૧). સેન્દ્રિય ખાતરો (પૃ. ૩૨, રૂ. ૧) તથા 'ખાતર આપવાની પદ્ધતિઓ' (પૃ. ૧૬, રૂ ૦–૭૫) નામક પરિચયપુસ્તિકાઓ તૈયાર કરી છે. (પ્રત્યેકનું કાચું પૂઠું)

બાળવાર્તાઓ: દિવ્યકાન્ત ઓઝાનાં રંગીન ચિત્રોવાળી 'અડવો', 'ભોળાભટ', 'શેખચલ્લી', 'રાજા નાગોડિયો' તથા 'અંધેરીનગરી' એમ પાંચ પુસ્તિકાઓ તેમજ સુરેશ ઓઝાનાં રંગીન ચિત્રોવાળી 'દલા તરવાડી', 'ચકલાભાઈનું વેર' તથા 'ઢાંકું ટબુકલું' ત્રણ પુસ્તિકાઓ. (પ્રત્યેકનું કાચું પૂઠું, પૃ. ૧૨ થી ૧૬, પ્રત્યેકનો રૂ. ૧)

ચાલો પ્રયોગ કરીએ: વૈજ્ઞાનિક સિદ્ધાંતો, સત્યો અને સામગ્રી પર આધારિત ઘરગથ્થુ પ્રયોગો કરવાની સરળ સચિત્ર રીતો દર્શાવતી કિશોરોપયોગી પ્રયોગ પુસ્તિકાઓ: **'રમતના પ્રયોગો', 'રમતના પ્રયોગો', 'મજાના પ્રયોગો' અને 'જાદુના પ્રયોગો'** (લે. પ્રા. નગીન મોદી, દરેકનું કાચું પૂઠું, પૃ. ૪૮, કિં. રૂ. ૨–૫૦)

શિશુ કથાવલિ: જાણીતા બાળ સાહિત્યકાર રમણલાલ સોનીએ ગુટકા કદની આ સચિત્ર શ્રેણીમાં 'રામકથા ભાગ ૧-૨' (પૃ. ૬૪ અને ૬૦), 'આપણા ધર્મગુરુઓ' ભાગ ૧ (પૃ. ૪૮), તથા 'તહેવારોની કથાઓ' (પૃ. ૬૪) એમ આ પાચ પુસ્તિકાઓ આપી છે. લખાણ

રોચક છે, પણ છપાઈ વધુ સારી થઈ શકી હોત તો બાળકોને વધુ આકર્ષણ રહેત. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનો રૂ. ૧)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો, અમદાવાદ-૧

શ્રી કૃષ્ણ: પુરુષોત્તમ અને અન્તર્યામી (પૂર્વાર્ધ): ભારતીય ધર્મ-સંસ્કૃતિ અને મહાકાવ્ય 'મહાભારત'ની વિલક્ષણ વિભૂતિ ભગવાન શ્રી કૃષ્ણનો અનેક રીતે અનેકોએ અનેક ભાષામાં પરિચય કરાવ્યો છે. ઉપેન્દ્રરાય જ. સાંડેસરાએ મહાભારત, પુરાણો અને સંસ્કૃત સાહિત્યમાંથી શ્રી કૃષ્ણના પાત્રને સર્વ પરિપ્રેક્ષ્યમાં પામી, મૂળ વ્યાસનાં વચનો વણી લઈ, આવશ્યકતા અનુસાર પોતાનું સૂઝ સમજભર્યું સ્વતંત્ર ભાષ્ય આપી આ ગ્રંથમણિમાં એ પૂર્ણ પુરુષોત્તમની આન્તરબાહ્ય વ્યક્તિત્વ-છબિ અધિકૃત રીતે ઊપસાવી છે. રોચક રજૂઆત અને ભાવભરી નિરૂપણશૈલી વાચકોને આ ગ્રંથનો તો આસ્વાદ કરાવશે જ, સાથે સાથે મૂળ મહાભારતના વાચન તરફ અભિમુખ કરશે અને સમયાભાવે જેઓ એ મૂળ નહિ વાંચી શકતા હોય તેમને એ મૂળ વાંચ્યા જેટલો જ સંતોષ પણ આપી રહેશે. સમગ્ર ગ્રંથનું વાચન કર્તાનો અનન્ય ભક્તિભાવ અને અદમ્ય પુરુષાર્થ સૂચવી રહે છે. (પાકું પૂઠું, પૃ. ૫૦૦, રૂ. ૩૦)

આકાશ ભાષિત: જાણીતા વિદ્વાન રસિકલાલ છો. પરીખે આકાશવાણી—અમદાવાદ પરથી આપેલા, સાહિત્ય, શિક્ષણ, સમાજ, સંસ્કૃતિ એમ વિવિધ વિષયો પરના વાર્તાલાપોનો આ સંગ્રહ કર્તાની બહુશ્રુતતા, મૌલિક વિચારધારા અને શ્રમનો સૂચક બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૩૭૪, રૂ. ૧૧–૫૦)

ચા-ઘર રોજનીશી: ચા-ઘર એટલે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયને મેડે મળતું કેટલાક સાહિત્યકાર મિત્રોનું અનૌપચારિક મંડળ. એમાં 'ધૂમકેતુ', અનંતરાય રાવળ, મેઘાણી, ગુણવંતરાય આચાર્ય વગેરે વચ્ચે જે હળવી-ગંભીર વાતચીતો થતી, જે વિવિધ વિચારવિમર્શો થતા તેની ચા-ઘરના જ એક સભ્ય ધીરજલાલ ધ. શાહે ટપકાવી લીધેલી રોજનીશી અહીં જે સ્વરૂપે રજૂ થઈ છે તે તેમાંના સાહિત્યકારોના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંનો અછડતો પણ રસપ્રદ પરિચય કરાવી રહે છે. વળી એ સૌના પારસ્પરિક સંબંધ ને વ્યવહારમાં ડોકિયું કરાવતી આ ડોકાબારી સાહિત્યરસિકોને માણવી ગમશે. (પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૬)

અનુસ્મૃતિ: જાણીતા વિદ્વાન અને સંશોધક ભોગીલાલ જ. સાંડેસરાએ સામાન્ય જિજ્ઞાસુને ખયાલમાં રાખી ઇતિહાસ અને સાહિત્યવિષયક જે નાનામોટા વાર્તાલાપો-વ્યાખ્યાનો આપ્યાં છે તેનો આ સંગ્રહ ઘણો ઉપયોગી થઈ પડશે. (પાકું પૂઠું, પૃ. ૩૮૪, રૂ. ૯)

રસનંદા: અગમનિગમની આશ્ચર્યકારક પણ શ્રદ્ધામૂલ-વાતોને વણી લેતા શ્રી યશોધર મહેતાના લેખસંગ્રહની આ છે સંવર્ધિત ત્રીજી આવૃત્તિ. (પાકું પૂઠું, પૃ. ૨૦૨, રૂ ૬–૫૦)

ઉપદ્રવ: સમાજ, રાજ્ય વગેરેના દંભો પર કટાક્ષનો કોરડો વીંઝતી કવિ નાથાલાલ દવેની ૭૬ હળવી કાવ્યકૃતિઓનો સંગ્રહ (કાચું પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૪)

નવજાગ્રતિ સમાજમાળા: જાણીતા લેખક અને વિચારક ઈશ્વર પેટલીકરની કલમે લખાએલી આ માળાની વિવિધ વિષય સ્પર્શી દસ પુસ્તિકાઓ છે: **રાજા રામમોહન રાય** (પૃ. ૮૪, રૂ. ૨-૨૫), **સો વર્ષ પહેલાંનો સમાજ** (પૃ. ૧૪૦, રૂ. ૪), **હિન્દુ ધર્મની વિશિષ્ટતાઓ** (પૃ. ૮૦, રૂ. ૨–૨૫), **'અસ્પૃશ્યતાનું કલંક'** (પૃ. ૭૮, રૂ. ૨-૨૫), **હિન્દુમુસ્લિમ કોમી માનસ** (પૃ. ૧૦૦, રૂ. ૨ ૭૫), **તારુણ્યના આવેગો** પૃ. ૧૪૪ રૂ ૪), **કૉલેજિયનનું ડેટિંગનું વલણ** પૃ. ૮૨, રૂ. ૨ ૫૦), **'સફળ પ્રેમલગ્નો'** (પૃ. ૮૮, રૂ. ૨ ૫૦), **ભારતીયકરણ** (પૃ. ૮૮, રૂ. ૨ ૫૦), **ઇન્દિરા ગાંધી** પૃ. ૮૪. રૂ. ૨-૫૦), [પ્રત્યેકનું કાચું પૂઠું, સેટની કિં. રૂ. ૨૫]

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અમદાવાદ-૧

અન્નપૂર્ણા ઉપનિષદ: સંસારમાં વાસના ત્યજી સુખ પ્રાપ્ત કરવાના ઉપદેશ આપતા 'અન્નપૂર્ણા ઉપનિષદ' તથા જીવ બ્રહ્મની ચર્ચા કરતા 'અધ્યાત્મ ઉપનિષદ'ના મૂળ મંત્રો સાથેનો ગુજરાતી અનુવાદ (કાચું, પૃ. ૧૦૪, રૂ, ૧)

ચિકિત્સાકલિકા: ચરક, સુશ્રુત અને વાગ્ભટનાં, આરોગ્યશાસ્ત્રના સારરૂપ ચિકિત્સા અને ઔષધોનો ખયાલ આપતાં મૂળ સૂત્રો સાથેનો જાણીતા વૈદ્ય રસિકલાલ જે. પરીખે કરેલો ગુજરાતી અનુવાદ. (કાચું, પૃ.૧૬૦, રૂ. ૨)

વિશ્વની વિચિત્રતાઓ: વિવિધ દેશોની વિવિધ ક્ષેત્રીય વિચિત્રતાઓને રસિક રીતે નિરૂપતા છોટાલાલ માનસિંગ કામદારના પુસ્તકની સુધારેલી-વધારેલી છઠ્ઠી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૧)

જગતમાં જાણવા જેવું: દૈનિક જીવનમાં ઉપયોગી થઈ પડે તેવી માહિતી આપતા ઉક્ત લેખકના લોકપ્રિય પુસ્તકની સુધારા-વધારા સાથેની દસમી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૧-૭૫)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૫૬] — કરાવનાર · જલન માતરી



મનોજ ખંડેરિયા

જેની કલમ પારેવાંની ચાંચમાં સમયને પકડાવીને વીજ-ળીના તાર પર બેસાડી શકે છે, તડકામાં તપેલી સીમને વાવના છાંયડામાં વિસામો અપાવે છે, રેતીને ગઝલમાં જગા આપીને ખેતરને હથેળીમાં ઉગાડી શકે છે, બુદ્‌બુદાના પોલાણમાં સરો-વરને નીરખી શકે છે, ઘાસની લીલાશનું સ્વપ્ન આંખમાં ભરીને જેની ઝંખનામાં હરણ ક્યાંથી ક્યાં સુધી દોડી રહ્યાં છે, જેની ગઝલોમાં નથી સાકી કે નથી સુરા, નથી મસ્જિદ કે નથી મંદિર, નથી શેખ કે નથી પંડિત, નથી શબનમ કે નથી બુલબુલ, અને જે છે તે સાકી ને સુરાને બદલે ગાબડાં પડતાં કથળતી દીવાલો છે, ગુલ-ચમનને બદલે ધોમ-ધખતી રેતી છે, પંખીના કલશોરને બદલે પંખીના ગળે રૂંધાઈ ગએલો ટહુકો છે, એ શાયરને ગુજરાતના ગઝલ-પ્રેમીઓ મનોજ ખંડેરિયાના નામે ઓળખે છે.

વ્યવસાયે આ શાયર જીવ વકીલ છે. બી. એસસી. એલએલ. બી.ની ડિગ્રી ધરાવે છે. જૂના-ગઢ મુકામે તા. ૬-૭-૧૯૪૩ના રોજ જન્મ. એમનો ગઝલ-સંગ્રહ 'અચાનક' ૧૯૭૦માં પ્રગટ થયો છે. એમની ગઝલોમાં ઊંડાણ છે. વેદના ને વિચારને પોતાની આગવી ઢબે ગઝલમાં સહજ-રીતે ઢાળી દેવાની કળા એમને હસ્તગત છે. સામયિકોની દુનિયામાં જેટલું આ નામ જાણીતું છે એટલું જ મુશાયરાઓની દુનિયામાં ગાજી રહ્યું છે.

શબ્દના ઘરમાં ભ્રમર જેમ પુરાઈ રહેલા, તેજ-તિમિરના સરવાળામાં ઉત્તર રૂપે જન્મેલા, કવિતાને કેસર માનીને સોનાવાટકડીમાં ઘોળી રહેલા આ નવજવાન શાયરના શે'રોની મજાલઈએ :

ફરકતું પડે ત્યારે ભૂરી હવામાં
ઝીણા શિલ્પ કૈં કોતરી જાય પીંછું.
હજી એમાં કલશોર ગૂંજે વિહગનો
સૂનું આંગણું આ ભરી જાય પીંછું.
હૃદયમાં વસ્યાં પંખીઓ બ્હાર આવે
કદી આંખમાં જો તરી જાય પીંછું.

પગો તો પગરખાં પહેરી ફરે પણ
શું પગલાંનું જ્યારે તપી જાય રેતી?
બપોરે સુકાતું ગળું એનું ત્યારે
ખજૂરીના પડછાયા પી જાય રેતી.

બની જાય કેડી નવી એક આખી
છૂટક જો પડેલાં પરોવાય પગલાં.
પુરાતન મળી જાય અવશેષ ત્યારે
મને એમાં મારાં જ દેખાય પગલાં.

એથી જ રંગરંગથી સઘળું ભર્યું હતું,
આંખો મહીં પતંગિયાએ ઘર કર્યું હતું.
પોલાણ ખોલી બુદ્‌બુદાનું જોયું જ્યાં જરી,
એમાં ય એક આખું સરોવર ભર્યું હતું.
આ શબ્દ મારા મૌનને એવા ડસી ગયા,
ભમરાએ જાણે કાષ્ઠનું પડ કોતર્યું હતું.

પોલાણ એટલું જીવનમાં વિસ્તરી ગયું,
જાણે કે એ જ એક બીજું નભ બની ગયું!
આવી રહી છે વાસ ધુમાડાની મૌનમાં.
ખંડેર કો' અવાજનું નક્કી બળી ગયું.

તારી ભીની હથેળી સમી તાજગી નથી,
પથરાયું શુષ્ક વાતાવરણ ક્યાંથી ક્યાં સુધી!
આંખોમાં સ્વપ્ન ઘાસની લીલાશનું લઈ,
દોડે છે ઝંખનાનાં હરણ ક્યાંથી ક્યાં સુધી!

હું તો છું પીંછું કાળના પંખીની પાંખનું,
સ્પર્શું છું આજ આભને, કાલે ખરી જઈશ.

ક્યારેક એવો થાય અનુભવ અવાજનો,
અડકું તો ઓગળી જતો પાલવ અવાજનો.

મહીં નભની છાયા ખર્યા કરતી હરપળ,
પછી તો કહો કઈ રીતે આછરે જળ?
ઘડો કાંઠે ભરવાને આવી ચડેલી
હવાનું ઝીણું વસ્ત્ર ખેંચ્યા કરે જળ.

પગરવની મ્હેક તો હવામાં ઓગળી ગઈ,
કણસી રહી છે ધૂળમાં પગલાંની શૂન્યતા.

ભીંતો બધી ભેજમાં ઓગળી ગઈ,
લોપાઈ ગઈ ઓરડાની સીમાઓ.
આંખોથી માંડીને પથરાઈ ગઈ છે,
તારા સુધી ઝંખનાની સીમાઓ.

એકે ય પાન શબ્દનું લીલું નહિ રહે,
ઊડી રહ્યાં છે તીડનાં ટોળાંઓ ગામ પર.

કિનારાથી સંબંધ ઝાઝો ન એને,
મૂકી ફીણ પાછો ફરી જાય દરિયો.

એને ય ઘરમાં આવવાનું મન છે રાતના,
અંધારું થઈને આંગણે પથરાય છે દિશા.

ખેતર ફફડ ઊડ્યું ફરવા
બંધનમાં ટળવળતી વાડ.

ટેકવી કાંટા ઉપર મસ્તક સમય
રાતભર જાગ્યા કરે ઘડિયાળમાં.

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના.
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.
આ એકતારા અંગે ને બીજે ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.

એક ભીંત બીજી ભીંતને પૂછી રહી ધીરે:
'શું આપણા વિષે ભલા ધારે છે બારણું?'

દિવસો વીતે છે શૂન્યતાના ટાપુ પર હવે
નીરસ જીવનનો ટુકડો ચાખ્યા કરે સમય.

જન્મોજનમનાં રૂપ હું ભાળું છું પાદરે.
મુજ અશ્વના જ ડાબલા સંભળાય પાળિયે.
તળિયેથી ક્યારે ફૂટશે સરવાણી પાણીની
બેઠી તૃષાઓ ક્યારની સરવરની પાળીએ.

ત્યાં બ્હાર શું બને છે મને કૈં ખબર નથી,
હું કૈં યુગોથી વાસી દીધેલું કમાડ છું.

દોસ્ત, ત્યાં પીંછાને બદલે હું જ છું
જે જગા ખાલી પડી છે પાંખમાં.

ક્યાં ગયું છે વ્હાણ એ વિશ્વાસનું
જે મૂક્યું'તું તરતું તારી આંખમાં?
હું સમયથી ભાગી છૂટી જાઉં ક્યાં
પારદર્શક સ્હેરમાં છુપાઉં ક્યાં?

હું તરું મોજાં ઉપર ને ફીણ 'પર
એક દરિયો મારામાં ઊતરી ગયો.

અહીં તો સૂવાનું રહ્યું ભીષ્મ માફક
નીચે શબ્દનાં તીક્ષ્ણ ભાલાં અને હું.

ચરણને છળી જાતું છળ તો નથી ને?
ધરા લાગે એવું આ જળ તો નથી ને?

ભ્રમર જેમ એમાં પુરાઈ ગયો છું
કહો શબ્દનું ઘર કમળ તો નથી ને?

આ સમયના કાચબાની ઢાલ પર.
કંપ જેવું તો કદી એક વાર દો!

આ લેખમાળામાં આવતા ગઝલકારોનાં
જીવન-કવનના પરિચયનું પહેલું પુસ્તક
ઊર્મિની ઓળખ
પ્રગટ થઈ ચૂક્યું છે. કિ. રૂ. ૫ (પો. અલગ)



સરગવાની શીંગ તો સૌને જાણીતી છે. શાક કે કઢીમાં એનો ઉપયોગ પણ સૌ જાણે છે. હિમાલય અને અવધ તરફનાં જંગલોમાં એ પુષ્કળ થાય છે, પણ ભારતમાં બધે જ એનું ઝાડ ઊગે છે. મધ્યમ કદનું એ ઝાડ. એના કુમળા ભાગો પર રૂંવાટી હોય છે. એકાંતરે ગોઠવાએલાં સંયુક્ત અને મૂળ પાસે ઊપસેલી દાંડીવાળાં એનાં પાન પણ સ્વાદિષ્ટ હોઈ એનું, અને જાન્યુઆરીથી એપ્રિલમાં તથા સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં ખીલતાં ફૂલઝૂમખાંનું પણ શાક થાય છે. અને એની શીંગ તો જાણીતી છે જ.

સરગવો બહુ ઉપયોગી વૃક્ષ છે. બીજ તેમજ કાપકલમથી એ ઊગે છે. એની છાલમાંથી નીકળતા રેસા, દોરડાં, સાદડી ને કાગળ બનાવવામાં વપરાય છે. પાન-ડાખળાં ઢોરને પણ અપાય છે. એનો ગુંદર કાપડ છાપવામાં કામ લાગે છે. બીજમાંનું તેલ ઊંજણ તરીકે તથા અત્તર ને કેશતેલ બનાવવામાં ઉપયોગી છે. સરગવાના ઔષધીય ઉપયોગ પણ અનેક છે.

એનાં મૂળ કડવાં, તીખાં દાહક ને ઉત્તેજક છે. શરીર તેમજ ફેફસાં માટે એ શક્તિદાતા છે. છાતીના વ્રણ, ઉધરસ, સોજા, હરસ, અજીર્ણ, લકવો, દમ, તાવ ને કેડના દુખાવામાં એ ગુણકારી છે. છાલ ત્રિદોષ તાવ, આંખના રોગો, હૃદયની ફરિયાદો, બરોળ, ચાંદાં, કાનનો દુખાવો વગેરેમાં, તો એનાં સ્વાદિષ્ટ ને શીતળ પાન આંખનાં દર્દો, તાવ, શરદી, સુસ્તી ને દમ વગેરેમાં વપરાય છે. છાલ અને પાન વાટીને માથાના દુખાવા માટે કપાળ પર ચોપડાય છે. ફૂલ કૃમિનાશક ને પૌષ્ટિક મનાતાં હોઈ સોજા, સ્નાયુ-રોગો, કફ, વાત, ગાંઠ ને બરોળ-વૃદ્ધિ મટાડે છે. શીંગ મધુર, તીખી ને કૃમિનાશક છે. કફ, પિત્તપ્રકોપ, ગાંઠ, યકૃત ને બરોળના રોગો, સાંધાના દુખાવા, ધનુર્, પક્ષાઘાત વગેરેમાં ગુણકારી છે. બીજ ગરમ, ઉત્તેજક, દાહક ને તીખાં. આંખના રોગો, શિરદર્દ વગેરેમાં લાભકર છે. આ બીજનું તેલ કોઢનાં ચાંદાં અને વધિવા પર ગુણદાયી ગણાય છે. સરગવાનો ગુંદર તલના તેલમાં મેળવીને શરદીથી થતા શૂળમાં કાનમાં તેનાં ટીપાં પડાય છે. □



અશ્રુકણી

વિપત્તિમાં રક્ષી રહો, પ્રભુ મને : ના પ્રાર્થના, નાથ કદાપિ મારી એ;
રે પ્રાર્થું તો આટલું પ્રાર્થું કેવળ : વિપત્તિમાં ના ભય ઊપજે મને!
સંતાપથી તપ્ત બનેલ ચિત્તને ન લેશ આશ્વાસન આપવું ખપે;
હું પ્રાર્થું તો કેવળ આ જ પ્રાર્થું : જીતી લઉં, તાત, સમગ્ર તાપને!
આવી મળે ના કદી કોઈ સાથ, વાંધો નહિ! શક્તિ ન ક્ષીણ થાય!
સંસારમાં સાંપડી જાય ખોટ, લાગે દગાબાજીની કારી ચોટ
ત્યારે ય હે નાથ, હું માગું એટલું : આવે ન શ્રદ્ધાતણી ઉર ઓટ!

—રવીન્દ્રનાથ ટાગોર

સ્વ. ધનસુખલાલ મહેતા


'અતિશયોક્તિ, વક્રોક્તિ કે કોઈ પણ પ્રકારના ઉક્તિવૈચિત્ર્યનો આશ્રય લીધા વિના કે ઉપમાદિ અલંકરણોનું અવલંબન રાખ્યા સિવાય, સીધી સરળ શૈલી દ્વારા વ્યવહારજીવનના સર્વસામાન્ય અનુભવો અને પ્રસંગોમાંથી વિનોદનું તત્ત્વ શોધી એનું અકૃત્રિમ આલેખન કરનાર' અને ગુજરાતી સાહિત્યના અલ્પસંખ્ય હાસ્યલેખકોમાંના એક અગ્રગણ્ય ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતાનું હમણાં ૮૪ વર્ષની વયે અવસાન થતાં ગુજરાતના હાસ્યસાહિત્યમાં દુ:ખદ ખોટ પડી છે. દાયકાઓથી એમને હૃદયની બીમારી હતી, પણ બહુ નજાકતથી એને સાચવીને એમણે પાંચેક વાર હૃદયરોગના હુમલાને પાછા વાળ્યા હતા. અને એમનું અવસાન પણ હૃદયની કમજોરીથી નહિ, પણ મગજની વિક્રિયાને કારણે થયું.

મૂળ સૂરતના વાલ્મીકિ કાયસ્થ. ઈ. ૧૮૯૦ની ૨૦મી ઑક્ટોબરે વઢવાણમાં એમનો જન્મ થએલો. પિતા કૃષ્ણલાલ ગોવિંદદાસ મહેતા ત્યારે ઝાલાવાડમાં ડેપ્યુટી એડયુકેશનલ ઈન્સ્પેક્ટર હતા. આગળ જતાં એમણે ત્રણ વર્ષ પાલીતાણામાં નાયબ દીવાનગીરી પણ કરેલી. ઈ. ૧૯૧૦માં એ પિતાનું અને તે અગાઉ ઈ. ૧૯૦૪માં માતા કપિલાગૌરીનું અવસાન થતાં ધનસુખલાલને માટે મોટા ભાઈ જયસુખલાલ અને ભાભીનું જ છત્ર રહેલું.

બચપણથી જ નાદુરસ્ત તબિયતને કારણે મૅટ્રિકથી જ અટકી જઈ ધનસુખલાલ વિક્ટોરિયા જ્યુબિલી ટૅકનિકલ ઇન્સ્ટિટયૂટમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગનો ડિપ્લોમા લઈ રેલવેમાં જોડાઈ ગયા હતા. પણ ત્યાં વારંવારની બદલી એમની તબિયતને પ્રતિકૂળ હોઈ એ છોડીને તેઓ સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીમાં ગયા ને ત્યાંથી પણ હૃદયરોગને કારણે વહેલી નિવૃત્તિ લઈ લીધી. ઈ. ૧૯૧૮ થી '૨૩ દરમિયાન મુંબઈના ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળના ત્રૈમાસિક 'સ્ત્રી હિતોપદેશ'ના તંત્રી તરીકે પણ એમણે કામ કરેલું.

એમનું કૌટુંબિક જીવન ચિંતાગ્રસ્ત જ રહેલું. પ્રથમ પત્ની સરલાબેનના અકાળ અવસાનથી અને તે પછી બીજાં પત્નીની દીર્ઘકાલીન રોગગ્રસ્ત માનસિક સ્થિતિ બાદના મૃત્યુથી એમનો ગૃહસંસાર સમેટાઈ ગયો. બંને પત્નીથી થએલી એકએક પુત્રી સાથેનો એમનો સંસાર પછી ભાઈભાભીના સંસાર સાથે જ વણાએલો રહ્યો. એમની નાજુક પ્રકૃતિને અનુરૂપ બધી સગવડ ભાઈભાભીએ સાચવી; પણ એમનાં યે અવસાન બાદ પોતાના સ્તરના સમવયસ્ક કુટુંબીઓના અભાવે, ભત્રીજાઓ અને પુત્રીના ભર્યા કુટુંબમાં એમની બધી સારસંભાળ વચ્ચે પણ એમના જીવનમાં એક પ્રકારની એકલતા છવાઈ ગઈ હતી. પણ એને એમણે પ્રકટ થવા દીધી નહિ.

એમનો નાજુક નમણો દેહ, ઘાટીલું બદન, ગૌર મુલાયમ ચહેરો, મંદ મલપતી ચાલ, શોખથી સિવડાવી સજેલાં અચકન-સુરવાલ, બંકી ટોપી ને હાથમાં ઝૂલતી નાજુક લાકડી સાથેનો એમનો ઠાઠ જેમ એમની વય કળાવા દેતો નહિ, તેમ એમણે સહેલા આઘાતોને યે ગોપવતો હતો. એ ઠાઠ પરથી મિત્રો એમને 'નવાબ' કહેતા, ને નજીકના પરિચિતોમાં એ ધનુભાઈ તરીકે ઓળખાતા. પણ લહેરી લાલા લાગતા ધનુભાઈની સૌંદર્યભક્તિ ને રસિકતામાં સાત્ત્વિક બુદ્ધિ ને સજ્જનતાનાં પૂજા-પક્ષપાત હતાં. એમની નવાબીનું મૂળ એ ઊંચી રસવૃત્તિમાં જ હતું અને એથી જ તેઓ વિવિધ કલાઓના ભાવક અને વિવેચક હતા. સ્વ. મેઘાણીના શબ્દોમાં કહીએ તો એમને વળગેલું 'હૃદયનું દર્દ પ્રેયસી સમાન' બની ગયું હતું, તો એમની નવાબી રાહેરસમે એમને 'પ્રશાંત પુરુષોમાં યે ઔર તરેહના' બનાવી દીધા હતા. પ્રત્યેક પગલું સાચવીને ભરનાર



ઋતુસંહાર

ચિત્રકાર • વાસુદેવ સ્માર્ત

આ અંકની વચ્ચોવચ આપેલી આ જ કલાકારની કૃતિ 'અગ્નિવર્ણની કામક્રીડા'ના અનુસંધાનમાં કવિ કાલિદાસના વિખ્યાત કાવ્ય 'ઋતુસંહાર'ની ઉપર આપેલી કૃતિ પણ, ગયા વર્ષના 'કાલિદાસ જયંતી-સમારોહ' પ્રસંગના પ્રદર્શનમાં રૂ. ૫૦૦ના પારિતોષિકથી પુરસ્કૃત થઈ છે. ચિત્રમાં ડાબી બાજુની ઊભી તકતીમાં 'વર્ષા' અને જમણી તરફનીમાં 'શરદ'નાં નિરૂપણ છે; મધ્યમાં મથાળે 'ગ્રીષ્મ' અને તેની નીચે 'વસંત' તથા તેની ડાબી-જમણી બાજુ અનુક્રમે 'હેમંત' અને 'શિશિર' છે. 'ગ્રીષ્મ'ના નિરૂપણમાં નાયિકાને પંખો ઢાળતી તથા આસવ પાતી પરિચારિકા છે. ઉપરની તકતીમાં કમળ-સરોવર તથા તેની બંને બાજુ પાન વગરનાં વૃક્ષો પર પંખીઓ છે. 'વસંત'ના ચિત્રમાં એ ઋતુરાજની માદક અસરમાં વિહાર કરતા યુગલની આસપાસ નવપલ્લવિત વૃક્ષો છે, અને નીચેની તકતીમાં મૃદંગ વગાડતી સ્ત્રીઓ વચ્ચે શૃંગાર કરતી નાયિકા છે. જમણી બાજુ 'શિશિર'માં શય્યા છોડતી નાયિકા પોતાના સુંદર કેશને ધૂપ દે છે, અને નીચે ભારે નિતંબવાળી, નખ કરડતી, આળસ ખાતી, ઘૂંઘટ ખસેડતી નાયિકાનાં સ્વરૂપો છે, જેના ઉપર, વૃક્ષોવાળી તકતીમાં તેનો શ્લોક છે. એ જ રીતે ડાબી તરફની વૃક્ષમંડિત શ્લોક સહિતની તકતીની નીચે 'હેમંત'ના ચિત્રમાં વિહાર કરતું યુગલ અને તેની નીચે સૂર્યસ્નાન કરતી, સ્તન પર ચિત્રણવાળી ને ચોળી પહેરતી, મુખ પર ચિત્ર કરતી અને કેશકલાપ સમારતી નાયિકાનાં નિરૂપણો છે. ડાબી બાજુ 'વર્ષા'ની ઊભી તકતીમાં મથાળાના ઘટાટોપ મેઘની ગર્જનાથી ભયભીત નાયિકા પતિને વળગી પડતી દર્શાવી છે, અને નીચે શયનખંડમાં પતિવિરહમાં બેઠેલી નાયિકાની સ્થિતિઓ છે. જમણી તરફની 'શરદ'ની ઊભી તકતીમાં પૂર્ણ કળાએ પ્રકાશતા શરદના ચન્દ્રની ચાંદનીમાં નાયિકાને શયનખંડમાં દોરી જતો નાયક દર્શાવ્યો છે. નીચે સુંદર શ્વેત પુષ્પો કેશમાં ગૂંથતી નાયિકાનું સૂચન છે.

એક અદ્ભુત ગણિતગમ્મત*

૧૦૦૦૦૧ ÷ ૧૧ = ૯૦૯૧
૧૦૦૦૦૧૦૦૦૦૧ ÷ ૧૧૧ = ૯૦૦૯૦૯૯૧
૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧ ÷ ૧૧૧૧ = ૯૦૦૦૯૯૦૦૯૯૯૧
પરંતુ ૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧ ને ૧૧૧૧૧ થી નિ:શેષ ભાગી શકાશે નહિ!
૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧ ÷ ૧૧૧૧૧૧ = ૯૦૦૦૦૯૯૦૦૦૯૯૯૦૦૯૯૯૯૧
૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧ ÷ ૧૧૧૧૧૧૧ = ૯૦૦૦૦૯૯૯૦૦૯૦૯૦૯૯૦૯૦૯૯૯૯૧
૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧ ÷ ૧૧૧૧૧૧૧૧ = ૯૦૦૦૦૯૦૦૯૦૯૦૦૯૦૯૯૦૯૦૯૯૦૯૯૯૯૧

ઉપરના આંકડાઓની ગણિતગમ્મતમાં પહેલી ત્રણ અને છેલ્લી ત્રણ રકમોમાં આપેલ સંખ્યાને તેમાં જેટલા એકડા છે તે વડે ભાગવાથી નવડાઓ અને શૂન્યની બનેલી અને છેલ્લે એક એકડાથી પૂરી થતી એવી રકમ આવશે. પ્રથમ ત્રણના જવાબમાં આવતા આંકડાઓનો લય અમુક રીતે એક સરખો છે. છેલ્લી ત્રણ રકમોમાં પણ ઉપર પ્રમાણે નિ:શેષ ભાગી શકાય છે પણ દરેકમાં આવતો જવાબ પદ્ધતિસરનો નથી. ચોથી સંખ્યા ૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧ અવિભાજ્ય છે. વાચકો શોધવા મથશે તો શોધી શકાશે કે કઈ બે રકમોના આંકડાઓના ગુણાકારનો એ જવાબ છે. બીજા જવાબો પ્રમાણે આ બે આંકડાઓમાંનો એક પાંચ આંકડાવાળો છે. જે ખુદ અવિભાજ્ય સંખ્યા છે. અને ૧૧૧૧૧ થી મોટો તથા ૧૧૧૧૧×૨=૨૨૨૨૨ થી નાની એવી સંખ્યા છે. ૧૬ આંકડાની બનેલી બીજી રકમ (વાચકો જોઈ શકશે કે ચોથી રકમમાંની બીજી સંખ્યા અટકળે ૧૬ આંકડાઓની હોઈ શકે—કારણ પ્રથમથી માંડીને દરેક પછીની તેવી રકમ વચ્ચે ચાર ચાર આંકડાઓનો ફરક છે; (જેમ કે ૯૦૯૧ = ૪ આંકડા, ૯૦૦૯૦૯૯૧=૮ આંકડા...વગેરે) પણ એકડાથી પૂર્ણ થાય છે. આ ૨૧ આંકડાની ચોથી રકમ કે જેમાં પાંચ એકડા છે તે કલ્પનામાં પણ ન આવે એવી બે રકમોના ગુણાકારનો જવાબ છે. વધુમાં બંનેમાંની એકે રકમોમાં નવડાઓ નથી આવતા. આ સિવાય જવાબ શોધવાની ચોક્કસ રીત (Proof) જાણમાં નથી. તેમ છતાં ગણિતરસિક વાચકો જવાબ શોધવા મથે. —કિશોર ન. ગોરધનદાસ

પગદંડી સાચવીને પડયા છે. તરેહ-તરેહના પહેરવેશ, વિવિધ લહેકાવાળી બોલીઓ અને શબ્દો, ભિન્નભિન્ન રીતરિવાજ અને આગવી અગમ્ય માન્યતાઓ–સૌરાષ્ટ્ર કેટલું વૈવિધ્યથી ભરપૂર છે! ભારતમાતાને કેડે બાંધેલો ઘૂઘરો કોઈ કહે કે હાથની મુઠ્ઠી કહે, સૌરાષ્ટ્ર પરમ દેવ પરમાત્મા પાસે મુકાએલું વિવિધ સૌરભભર્યું ધૂપિયું છે! સૌરાષ્ટ્ર એના શૈલોની શિખાઓથી, નદીઓનાં ધૂપથી, ખૂંટ-પાડાઓના નગારાથી અને સિંહોના શંખનાદથી પરબ્રહ્મને ઊતરતી એક મહાન ભવ્ય ઉજ્જવલ આરતી છે!

મનખાવતારનું વૈવિધ્ય પણ કંઈ ઓછું નથી: કાઠી ને કાઠિયાણી, મેર ને મેરાણી, આહિર ને આહિરાણી, ગોર ને ગોરાણી, સથવારો ને સથવારી, રબારી ને રબારણ, કોળી ને કોળણ, ખારવો ને ખારવી, રજપૂત ને રજપૂતાણી, શેઠ ને શેઠાણી, ચારણ ને ચારણિયાણી કેટલાં ગણાવવાં? હાટી, મૈયા, મિયાણા, પઢાર, ઠાકરડા, કારડિયા, વાઘેર, ખાંટ, ઘાંચી, વાઘરી, મેઘવાર અને સીદી—દરેકનો ભક્તિભાવ જુદો, દરેકનો વાણીવર્તનનો વળોટ ભિન્ન. આમ બ્રાહ્મણ, મહાજન, કાંટિયા વર્ણ, તેરતાંસળી અને મારગી—ભાતીગળ લોકસમુદાય, અને તેવું જ તેનું લોકસાહિત્ય. સૌરાષ્ટ્ર સહુનું રાષ્ટ્ર છે.

આર્યોની પહેલાં અનાર્યોનાં દેવસ્થાનો અહીં મોજૂદ છે. માતૃકાપૂજા અને સૂર્યપૂજા, શિવપૂજા અને વિષ્ણુપૂજા—જગતના આધ્યાત્મિક વિચારની સૌ લ્હેર અહીં સંગ્રહાએલી છે. દ્વારકાક્ષેત્ર અને પ્રભાસ ખંડ, એનાં કાળજૂનાં દેવસ્થાનોથી અને ગામડે ગામડે વીરપૂજાનાં સ્મારકોથી ભારતના કોઇ પણ એક ભાગ કરતાં આ દેશ ચડી જાય તેવી સંપત્તિ ધરાવે છે. વર્ષો પહેલાં એક મોહન દુનિયાએ સૌરાષ્ટ્રને ભેટ આપ્યો, વર્ષો પછી એક મોહન સૌરાષ્ટ્રે દુનિયાને અર્પણ કર્યો! અહીં સોમનાથ અને દ્વારકાધીશ, અહીં બૌદ્ધ અને જૈન, અહીં હણહણતા તોખાર અને ગર્જતા વનરાજો, અહીં ઝાલાવાડની વેરાગણ અને સોરઠની અલકનંદા, અહીં જટાજૂટ ખાખી તો સાફ મસ્તક સંન્યાસી, અહીં શેઠ રૂખડ અને શીલવંતી સિપારણ, અહીં નરસિંહ અને મીરાં, અહીં દયાનંદ સરસ્વતી અને હજરત જમીલશા દાતાર, અહીં જોગીદાસ ખુમાણ અને મૂળુ માણેક, અહીં નાગબાઈ અને રાણકદેવી, અહીં કલાપી અને કાન્ત—અહીં ભવ્ય દેવમંદિરો, રાયરંકનાં વિશિષ્ટ શહેરો, ભિન્ન ભિન્ન ધર્મ-પ્રવર્તકો, ખેલદિલ બહારવટિયાઓ અને સતી સ્ત્રીઓ, દર્દીલા કવિઓ અને સંતસાધુઓ. સૌરાષ્ટ્ર શતદલ પાંખડીનું પદ્મ છે.

(પુરાતન) —નરોત્તમ પલાણ

વિવિધા

ઇંડિયન નૅશનલ બુક ટ્રસ્ટ દ્વારા થએલી એક મોજણીમાં જાણવા મળ્યું છે કે ભારતમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ વાચન કરે છે. આમાંની ૯૦ ટકા સ્ત્રીઓ પુસ્તક ખરીદીને વાંચે છે જ્યારે બાકીની ગ્રંથાલયો કે મિત્રવર્તુલમાંથી મેળવીને. પ્રકાશન ક્ષેત્રે ભારતની ગણના પણ નોંધનીય છે. નૅશનલ બિબ્લીઓગ્રાફીના આંકડા પ્રમાણે આપણે ત્યાં સરાસરી દર વર્ષે ૧૧,૨૦૦ જેટલાં નવાં પુસ્તકો પ્રકટ થાય છે. વસતિના પ્રમાણમાં દર દસ લાખ વ્યક્તિએ ૨૩ પ્રકાશનોનું છે જ્યારે યુરોપમાં દર દસ લાખે ૪૧૮નું.

એ તો જાણતા હશો કે દુનિયામાં સૌથી વધુ વરસાદ આસામમાં ચેરાપુંજી ખાતે નોંધાએલો છે. સરાસરી વરસમાં ૧૧,૬૩૩ મિલી. મી. ૨૨ વરસાદ ત્યાં પડે છે. ઈ. ૧૮૬૦ના ઑગસ્ટથી ૧૮૬૧ના જુલાઈ દરમિયાન ત્યાં ૨૬,૪૬૧ મિ. મી. વરસાદ પડેલો, જે દુનિયાભરમાં સૌથી વધુ છે અને તેમાં યે ૧૮૬૧ના એકલા જુલાઈ માસમાં તો ૯,૩૦૦ મિ. મી. પડ્યો હતો. વળી માત્ર ૨૪ કલાકમાં કોઈ સપાટ વિસ્તારમાં વધુમાં વધુ વરસાદ પડયાની નોંધ પણ ભારતની જ છે. ગુજરાતમાં ધરમપુર ખાતે ૨૪ જ કલાકમાં ૯૯૦ મિ. મી. પાણી પડયું હતું.

વિકસિત દેશોમાં મૃત્યુનાં ત્રણ મુખ્ય કારણોમાં અકસ્માતથી થતાં મોતની પણ ગણના છે. આમાં ઘરમાં થતા અકસ્માતોનો પણ સમાવેશ છે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશને કરેલી એક મોજણીમાં અમેરિકાનો જ દાખલો લઈએ તો ત્યાં એક જ વર્ષમાં લગભગ બે કરોડ અકસ્માતોમાં માણસો ગંભીર ઈજા પામ્યા હતા. આમાં યે મોટે ભાગે તો પડી જવાના કે દાઝવાના બનાવો વિશેષ હતા. વાહનવ્યવહારોથી થએલા અકસ્માતો કરતાં ય આ આંકડો મોટો છે.

*ઉપર આપેલી ગણિતગમ્મતમાં ૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧૦૦૦૦૧ ÷ ૧૧૧૧૧ થી તો નિ:શેષ ભાગી શકાશે નહિ, પરંતુ જે બે રકમોના ગુણાકારનો એ જવાબ છે તે આ પ્રમાણે છે: ૨૧,૪૦૧ અને ૪,૬૭,૨૭,૨૫,૫૭,૪૦,૩૮,૬૦૧.

'કુમાર'ના જાણીતા લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી તરફથી

વિજ્ઞાન-લેખ પારિતોષિક રૂ. ૫૧

આ વર્ષે દરમિયાન 'કુમાર'માં પ્રકટ થએલા વિજ્ઞાનવિષયક લેખો-માંથી શ્રેષ્ઠ લેખના લેખકને રૂ. ૫૧નું પારિતોષિક આપવામાં આવશે. 'કુમાર'ના તંત્રીનો નિર્ણય છેવટનો જણાશે. આ પારિતોષિક આવતા વર્ષે પણ ચાલુ રહેશે.

ગુજરાતનું અતિ સુંદર સારસ પક્ષી નાશ પામશે?

ઔદ્યોગિક અને અન્ય ક્ષેત્રોમાં ઝડપી પ્રગતિ સધાઈ છે, પણ એથી વાતાવરણ દૂષિત થયું છે. દૂષિત વાતાવરણની માત્ર માનવો પર જ અસર થાય છે તેવું નથી, એની અસર પક્ષીઓ, પશુઓ અને વનસ્પતિ ઉપર પણ સારી એવી થાય છે. ભારતમાં ખેતી વધી રહી છે તેથી જે પક્ષીઓ ઉપર અસર થઈ છે તેમાં ભારતના પ્રિય સારસ પક્ષીનો પણ સમાવેશ થાય છે. આ પક્ષીની જાત નષ્ટ ન થઈ જાય તે માટે ગંભીર પ્રયાસો થઈ રહ્યા છે.

ચળકતા સૂર્ય નીચે માઈલો સુધી ઘાસવાળી કાંપયુક્ત જમીન ગુજ-રાતમાં ફેલાએલી છે. આ કંટાળો આપે એવા એકસરખાપણાને કોઈ તોડતું હોય તો તે વિલક્ષણ લાગતું સારસ પક્ષી. લાંબી સફેદ ડોક અને એના ઉપર કાળી ટોપીવાળું આ પક્ષી સૌકોઈનું ધ્યાન ખેંચે એવું રૂપાળું હોય છે. આઠ વર્ષ પહેલાં ચરિયાણ પ્રદેશોમાં તેની સંખ્યા ખૂબ હતી. આજે તે ભાગ્યે જ જોવા મળે છે.

આમ કેમ બન્યું? આ પક્ષીને અત્યાર સુધી ક્યારેય સંરક્ષણ આ-પવામાં આવ્યું નથી. મુઘલ શહેનશાહ બાબરના જમાનાથી ભારતના આ અતિ સુંદર પક્ષી એના સ્વાદિષ્ટ માંસ માટે વિવેક વિના મારી નખાતું આવ્યું છે. માંસભક્ષી માણસ માત્ર પોતાના સ્વાદને પોષવા માટે એક ખૂબ જ ઉપયોગી પક્ષીને પોતે મારી રહ્યો છે તે વિચારતો નથી. આજે સારસને જોવું એટલે ઘાસની ગંજીમાં સોય શોધવા જેવું દુર્લભ છે.

આ પક્ષીના સંરક્ષણ માટે એ ક્યા વિસ્તારોમાં રહે છે તેનો અભ્યાસ કરવો જરૂરી છે. આ માટે એક અમેરિકને 'વિશ્વ વન્યજીવન ફાળા'માં એક હજાર ડૉલરની નાની પણ મહત્ત્વની રકમ ભેટ આપી છે. આ ભેટથી સારસ પક્ષીઓનાં નિવાસસ્થાનોનો અને તેની જાતમાં વધારો થાય તેનો અભ્યાસ કરવાનું શક્ય બન્યું છે. સંશોધનથી ખયાલ આવ્યો છે કે ગર્ભધારણ કર્યા પછી આ પક્ષીની ખૂબ જ સંભાળ રાખવી જોઈએ, કારણ કે ઋતુ દરમ્યાન તે માત્ર એક જ ઈંડું મૂકે છે! આપણે સારસની જાત નાશ પામી જાય તે પહેલાં સક્રિયપણે કંઈ કરીશું ખરા? (યુસિસ)

હવે ગુજરાતમાં બનતું કેપ્રોલેક્ટમ

નાયલોનના ઉત્પાદન માટે પાયાની એક કાચી સામગ્રી તરીકે કેપ્રો-લેક્ટમની ઘણી અગત્ય છે. અત્યાર સુધી આપણે એ પરદેશથી આયાત કરવું પડતું હતું, પણ હવે વડોદરામાં 'ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની'-માં ૩૬ કરોડ રૂપિયાના ખર્ચે ઊભા થએલા પ્લાંટમાં એનું ઉત્પાદન શરૂ થયું હોઈ એ માટે ખર્ચાતું મોટું હૂંડિયામણ બચશે. એનું ઉત્પાદન આરં-ભાઈ ગયું છે અને થોડા સમય પહેલાં જ ગુજરાતના ગવર્નર શ્રી વિશ્વ-નાથનના હાથે એના પ્રથમ ફાલની વહેંચણીથી એનો શુભારંભ થયો. પૂર્ણ-પણે આ પ્લાન્ટ કામ કરતો થઈ જતાં વર્ષે ૨૦,૫૦૦ મૅટ્રિક ટન જેટલું કેપ્રોલેક્ટમ ગુજરાતમાં તૈયાર થશે. આના ઉત્પાદનની પહેલનું ગૌરવ ગુજરાતને ઘટે છે. વળી, કેપ્રોલેક્ટમ સાથે એની એક આડપેદાશ તરીકે ૮૬ હજાર ટન જેટલું રાસાયણિક ખાતર પણ પેદા થઈ શકશે. આપણા દેશમાં નાયલોનનો એક મુખ્ય ઉપયોગ માછલાં પકડવાની જાળ બના-વવામાં પણ થાય છે. આથી નાયલોનની જરૂરતવાળા અન્ય વ્યવસાયોની સાથે મત્સ્યોદ્યોગના વિકાસમાં પણ એ સહાયક બની રહેશે. □

ભાવ
વધતા જાય
ત્યારે

તમે આટલું તો
કરી જ શકો ને?

જરૂરિયાત કરતાં વધુ કશું ખરીદશો નહિ. જે લોકો
પોતાના પૈસા વેડફી નાખવા માગે છે તેઓ મોં માગ્યા
દામ આપીને પણ ચીજવસ્તુઓ ખરીદે છે,
પણ આવા ઉડાઉ લોકોની આદતથી જ
વેપારીઓ ભાવ વધારતા રહે એવું તો બને નહિ
તેઓ તો તમે શી ખરીદી કરો છો
તે જ ધ્યાનમાં રાખે છે.
એવા અપ્રમાણિક વેપારીઓની ગણતરી ધૂળમાં મેળવો.
મોજશોખની ચીજો ખરીદવાનું જ બંધ
કરો; ફક્ત આવશ્યક વસ્તુઓ જ ખરીદો.
ભાવો વધે ત્યારે ખોટા ગભરાટમાં
સંઘરી રાખવાની દૃષ્ટિએ આડેધડ ચીજવસ્તુઓની
ખરીદી ન કરો. જો તમે એવી ખરીદી કરશો
તો તેને લીધે ભાવો વધારવા માટે
વેપારીઓને મોકળું મેદાન મળી જાય છે.

માત્ર અનિવાર્ય ખરીદી જ કરશો.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૫ (૧૮૪૮) પંજાબમાં રણજિતસિંહની વિધવા મહારાણી ઝિંદાને દેશપાર કરીને અને એના પુત્રનો ગાદીનો હક્ક ડુબાવીને ડેલહાઉસી શીખો સામે યુદ્ધે ચડયો. પ્રથમ તો ચીલિયાનવાલા પાસે અંગ્રેજો હાર પામ્યા, પણ ત્યાર બાદ જીત મેળવી એમણે પંજાબ ખાલસા કર્યું. ને પોતાના મળતિયા જમ્મુ-કાશ્મીરના રાજપૂત રાજા ગુલાબસિંહને આશરે ૭૫ લાખ રૂપિયા લઈ કાશ્મીરનો પ્રદેશ વેચી દીધો.

તા. ૧૧ (૧૮૧૧) વરાળથી ચાલતી પ્રથમ 'સ્ટીમ ફેરી' તરતી મુકાઈ.

તા. ૧૬ (૧૮૪૬) અમેરિકન ડૉ. વિલિયમ માર્ટિને દવા સૂંઘાડીને દર્દીને બેભાન કરી વેદનારહિત શસ્ત્રક્રિયા કરવાનો પ્રથમ પ્રયોગ કર્યો.

તા. ૨૧ (૧૬૧૨) અમદાવાદના સુબા શેખ સૂફી સાથે કૅપ્ટન બેસ્ટે ગુજરાતમાં વેપાર કરવા માટે સંધિ-કરાર કર્યા.

તા. ૨૨ (૧૮૨૨) બ્રાઝિલે પોર્ટુગિઝ સરકાર સામે સ્વાતંત્ર્ય જાહેર કર્યું.

તા. ૨૩ (૬૬૪) ચીનના વિખ્યાત બૌદ્ધ યાત્રિક હ્યુએનત્સંગનું અવસાન.

તા. ૨૫ (૧૬૦૫) અકબરનો શાહજાદો સલીમ 'નુરૂદ્દીન મહમ્મદ જહાંગીર' નામ ધારણ કરી મુગલ સલ્તનતની ગાદીએ બેઠો.

તા. ૨૮ (૧૯૩૪) ગાંધીજીએ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરી.

તા. ૨૯ (૧૮૮૬) મહર્ષિ દયાનંદ સરસ્વતીનું અવસાન.

તા. ૩૧ (૧૯૨૮) સાયમન કમિશનના વિરોધી સરઘસનો મોખરો સાચવતાં લાલા લજપતરાય પર સખત લાઠીમાર.

માસમાસના આકાશમાં (ઑક્ટોબર-નવેમ્બર)

ઉત્તર આકાશમાં ભાદ્રપદાનો વિરાટ ચોરસ શોધવો ઘણો સરળ છે. એટલે એના આધારે ખગાશ્વ અને તેની પાસેનાં તારામંડળોનો પરિચય આપણે એક સાથે કરી લીધો. હવે આમની પહેલાં રાત્રિના આરંભમાં જોવા મળતાં વચ્ચેનાં કેટલાંક નાનાં તારા-મંડળો જોઈએ. આકાશગંગાના પટ પરનાં આ મંડળો છે. હંસ, ગરુડ, ધનિષ્ઠા, શર અને વીણા, મોટે ભાગે આ નામો એ મંડળનાં પશ્ચિમી નામો પરથી અનુરૂપ રીતે અનુવાદિત કરેલાં છે.

હંસ (Cygnun - the swan)ના મુખ્ય છએક તારાઓનાં સ્થાનના આકારમાં આકાશમાં વહેલી ક્ષીરગંગા પર ઊડી રહેલા હંસના આકારની કલ્પના છે. હંસના માથા પરનો તારો 'હંસમુખ' (Albireo) અને પૂંછડી પરનો હંસપુચ્છ (Deneb-Arided) તરીકે ઓળખાય છે. આ મંડળના તારા ખ્રિસ્તીઓમાં પવિત્ર મનાતા ક્રૉસ–ઈસુના વધસ્તંભ જેવા આકારે પણ દેખાતા હોઈ પશ્ચિમમાં એને 'નૉર્ધન ક્રૉસ' પણ કહે છે. નૉર્ધર્ન એટલા માટે કે દક્ષિણ આકાશમાં પણ આવા જ આકારનું એક બીજું તારામંડળ 'સધર્ન ક્રૉસ' છે. ડેનેબ (હંસપુચ્છ) આ ક્રૉસના મસ્તક સ્થાને છે. હમણાં ગાંધી શતાબ્દી વર્ષ દરમિયાન આપણા જાણીતા ખગોળપ્રેમી સ્વ. પ્રતાપરાય ગિ. મહેતાના સૂચનથી ડેનેબને 'મહાત્મા ગાંધી'ના નામે ઓળખવાનું પણ સ્વીકારાયું છે. આસપાસનાં તારામંડળોમાં આ હંસનું અનેક રીતે મહત્ત્વ છે. એના સ્થાન પાસે આકાશગંગામાં સંખ્યાબંધ યુગ્મ તારકો અને તારકગુચ્છો છે. હંસમુખ પોતે પણ એક યુગ્મતારો છે. સાથેના નકશામાં આસપાસ કુંડાળું કરી દર્શાવ્યા પ્રમાણેનો અહીંનો એક ઝાંખો તારો ઉત્તર ગોળાર્ધમાં આપણી પાસેમાં પાસેનો માત્ર ૧૦.૬ પ્રકાશવર્ષ દૂરનો યુગ્મ તારો છે. તારાઓનાં અંતર નક્કી કરતી વખતે સૌ પ્રથમ આ તારાનું અંતર મપાયું હતું.



પણ હંસમંડળનો મુખ્ય તારો છે હંસપુચ્છ પ્રથમ વર્ગનો એ વિરાટ તારો આપણાથી ૧૫૦૦ પ્રકાશવર્ષ દૂર છે, અને એનું ખરુ તેજ તો સૂર્ય કરતાં ય ૬૦,૦૦૦ ગણું હોવાનું મનાય છે.

હંસની નીચે આકાશગંગાને કિનારે ઊડે છે 'ગરુડ' (Aquila). એમાંનો સૌથી તેજસ્વી 'શ્રવણ' તુરત ધ્યાન ખેંચે છે. હકીકતે આ શ્રવણ સૂર્ય કરતાં દસ ગણો તેજસ્વી છે. એની બંને બાજુના બે મુખ્ય તારામાં આપણે શ્રવણની કાંધે ધરેલી કાવડમાં બેઠેલાં એનાં માતપિતાની કલ્પના કરી છે. પશ્ચિમમાં હંસને ક્રૉસ પણ ગણે છે એટલે ત્યાં દેવળમાં ક્રૉસ સમક્ષની વેદી કે તેની પીઠિકા (Altair)નું નામ આ શ્રવણને અપાયું છે.

નદી (આકાશગંગા)ને કાંઠે શ્રવણ હોય તો એને ભૂલથી બાણ મારનાર દશરથ પણ સામે કાંઠે છે. દશરથનું એક નામ છે અભિજિત. એ અભિજિત (Vega) એ વીણા (Lyre) તારામંડળનો તેજસ્વી તારો છે. આ મંડળ તો નાનકડું જ છે, પણ અભિજિતની તેજસ્વિતાને કારણે એની પ્રતિષ્ઠા છે. ઉત્તર આકાશનો આ પ્રેક્ષણીય તારો આપણાથી માત્ર ૨૬.૫ પ્રકાશવર્ષ દૂર છે. હાલમાં દેખાતા શુક્ર (ગ્રહ)ને બાદ કરતાં ઉત્તર આકાશમાં આ અભિજિત સૌથી વધુ તેજસ્વી દેખાય છે. અભિજિતની પાસેના બે ઝાંખા તારાની જોડ પાસે આપણાથી ૫૪૦૦ પ્રકાશવર્ષ દૂર એક વલયાકાર નિહારિકા (Ring Nebula) છે. દૂરબીન વડે જ એ સ્પષ્ટ દેખાય છે. વીણાના આ બે તારામાંનો એક યુગ્મ તારો છે જેના બંને તારા દર ૧૩ દિવસે એકબીજાની આડે આવતાં એના તેજમાં વધઘટ થતી જોવા મળે છે.

શ્રવણ અને અભિજિત હાજર હોઈ, શ્રવણની બાજુમાંના એક નાના તારામંડળને 'શર' (Sagita)નું નામ અપાયું છે.

આવું જ એક નાનું તારામંડળ બાજુમાં છે જેને ધનિષ્ઠા (Delphinus) કહે છે. વ્હેલ જેવી આ ડેલ્ફિનસના પુચ્છ પરનો તારો પણ ડેનેબ કહેવાય છે. ૨૭ નક્ષત્રોમાં ધનિષ્ઠાની પણ ગણના છે. બારેક હજાર વર્ષ પછી અભિજિત ધ્રુવ તારક બનશે. અભિજિતને ૨૮મું નક્ષત્ર પણ ગણવામાં આવે છે.

શે'ર

એક ઠોકરમાં સફર છોડી ન દો;
રાહમાં આગળ નથી પથરા બધા.

—મોમિન

ઈ. ૧૯૩૯ (કે '૪૦)ના મે માસમાં ભાવનગરમાં પરિષદના પ્રમુખપદે આવતા સરદાર વલ્લભભાઈ પટેલને સ્ટેશનેથી જે માર્ગે લઈ જવાના હતા તેમાં વચ્ચે આવતી મસ્જિદમાંથી સરદારનું કાસળ કાઢવાનું કાવતરું ઘડાયું હોવાની છેલ્લી ઘડીએ જાણ થઈ. સાથે મોટરમાં બેઠેલા નાનાભાઈ ભટ્ટ અને બળવંતરાય મહેતાએ તરત માર્ગ બદલવા કહ્યું, પણ સરદારે તો હિંમતપૂર્વક એ જ માર્ગે મોટર લઈ જવાનો આગ્રહ રાખ્યો. મોટર ત્યાં પહોંચતાં મસ્જિદમાં સળવળાટ થતો સાંભળી સરદારનાં દર્શન કરવા ઊભેલો એક યુવાન બચુ વીરજી તેના તોતિંગ દરવાજે પહોંચી ગયો અને હતું તેટલું જોર કરી મસ્જિદનાં ઊઘડતાં બારણાંને રોકી રહ્યો. જોતજોતાંમાં અંદરથી હુલ્લડખોરોએ ધસારો કરી બારણાં ખોલી નાખ્યાં અને પેલા યુવાનને ત્યાં જ વધેરી નાખ્યો. પણ ત્યારે તો સરદારશ્રીની સવારી ત્યાંથી પસાર થઈ ગઈ હતી.

ꝏ

ગણિતગમ્મત

એકથી માંડીને કોઈ પણ રકમ સુધીના અંકોનો ક્રમિક સરવાળો જાણવા ૬૦૮ અંકમાં એક યુક્તિ આપી છે. તેવી આ બીજી: જે રકમ સુધીનો સરવાળો જાણવો હોય તે છેલ્લી રકમને તેનાથી અર્ધી રકમ વડે ગુણી, ગુણાકારમાં ફરી તેટલી રકમ ઉમેરવી દા. ત. ૧ થી ૧૧ સુધીનો સરવાળો મેળવવા માટે

$$\frac{૧૧ \times ૧૧}{૧} \quad \frac{}{૨} = \frac{૧૨૧}{૨} + \frac{૧૧}{૨} = \frac{૧૩૨}{૨} = ૬૬$$

ꝏ

સાઈકલની શોધ ઈ. ૧૮૮૫માં ઇંગ્લૅન્ડના બે લુહારો મૅકમિલન અને સ્ટર્લીએ કરેલી.



વૈજ્ઞાનિક તપાસ પરથી પણ જણાયું છે કે મનુષ્યની કોઈ પણ જાતિ બીજી કરતાં ચડિયાતી નથી.

द्राक्षा म्लानमुखी जाता,
शर्करा चाश्मतां गता ।
सुभाषितं – रसस्याग्रे –
सुधा भीता दिवं गता ॥

દ્રાક્ષ તો કરમાઈ ને ઝાંખી પડી ગઈ, અને સાકર પથ્થર જેવી બની ગઈ; સુભાષિતોની રસવત્તા આગળ સુધા (અમૃત) પણ ડરીને સ્વર્ગમાં નાસી ગઈ.

ꝏ

માટે જ હવેથી દર માસે એક એક સુભાષિતનો આસ્વાદ લઈશું.



કલાકણિકા: આ કોઈ હબસણની પ્રતિમા નહિ પણ એ આકારની ઈ.સ. પૂર્વે ૧૦૦ વર્ષ પહેલાંની કાંસામાં ઢાળેલી એક અત્તરની નાજુક શીશી છે

સૌથી નાનું હૃદય સિંહનું હોય છે. આથી નાના હૃદયવાળો માણસ સિંહ જેવો હિમ્મતવાન મનાય છે.

ꝏ

અનેકાર્થી શબ્દ: જીવ=પ્રાણ; કોઈ પણ પ્રાણી; મન, દિલ; પૂંજી, દોલત; દમ, સાર; રામ, હિંમત; કાળજી, લક્ષ; આશ્લેષા નક્ષત્ર; બકાન નામની વનસ્પતિ; જીવંત વનસ્પતિ; ગુરુ—બૃહસ્પતિ; ચંદ્ર.

ꝏ

કહેવતોના અર્થ: 'હૈયાની દાઝે કે લોકની લાજે'—માણસો જે બે રીતે સગાઈ કે સંબંધ રાખતાં કે નિભાવતાં હોય છે તે નિર્દેશતી સ્પષ્ટ કહેવત.

અનિલ-લહરી



(જનસત્તા) 'શિવ'

ત્રણ ઉંદરડાઓએ ભોંય પર ફૂટેલા પડેલા શીશામાંથી દારૂ ચાટ્યો. મહુડી બરાબરની ચડી એટલે એક ઉંદરડો બોલ્યો: 'હું અબઘડી ચીન જઇને માઓની સાન ઠેકાણે લાવી દઉં છું.'

ત્યાં બીજો બોલ્યો: 'અને હું અમેરિકા જઈને નિક્સનનો કાન પકડવાનો છું.'

પણ ત્રીજાનો વિચાર જુદો જ હતો. એ બોલ્યો: 'તમ તમારે જવું હોય ત્યાં જાઓ. હું તો હમણાં ઉપર જઈને બિલાડીને પ્રેમ કરવાનો છું.'

ꝏ

'તમને મારી નવલિકા કેવી લાગી?'

'સરસ—ધૂમકેતુએ લખેલી શ્રેષ્ઠ વાર્તાઓમાંની તે એક છે.'

ꝏ

મુંબાઇનો એક ફર્નિચર-સ્ટોરવાળો દિવાળીના વેચાણની ભીડ પતાવી મોડી રાતે થાક્યો-પાક્યો માંડ સૂતો હતો ત્યાં રાતમાં ત્રણ વાગ્યે ટેલિફોનની ઘંટડી રણકી. સરસ્વતી ભણતાં ભણતાં સ્ટોરવાળાએ રિસીવર ઉપાડ્યું. ત્યાં સામેથી મીઠો અવાજ આવ્યો: 'ગુડ મૉર્નિંગ; હું મિસિસ મહેતા છું. મેં તમને એટલું કહેવા ઉઠાડ્યા કે તમે અઠવાડિયા પહેલાં ડાઇનિંગ ટેબલ વેચેલું ને, તે મને ઘણું જ પસંદ પડ્યું.'

'આભાર તમારો' કચવાતે મને સ્ટોર માલિક બોલ્યો: 'પણ આટલું કહેવા માટે તમે આટલી રાતે મને કાં જગાડ્યો?'

'કારણ કે—' મિસિસ મહેતા ટહુક્યાં: 'તમારી ટ્રક હજી હમણાં જ એ લઈને આવી!'

રતિલાલ અનિલ

પોતે ઊંઘવું અને વળી બીજો ન ઊંઘે તે માટે નસ્કોરાં બોલાવવાં!
સરકારશાહીમાં તો સાવરણી સાચવવા માટે પણ તીજોરી ખરીદાય.
આશાવાદીને અબરખની ખાણમાં હીરા દેખાય.
વેડમીના પડમાં બાફેલું સૂરણ ભરે તે મુત્સદ્દી કહેવાય.